શ્રી સત્યદેવાય નમઃ

હલામણ જેઠવા

નાટક પંચાકી.

ક્ષત્રીઓના પરાક્રમો અને સત્યતાનો ચીતાર.

રચનાર

આર. વી.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજે—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૦૦.

સને ૧૯૦૪. સંવત ૧૯૬૦.

અમદાવાદ—ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

કિંમત આઠ આના.

श्री सत्यदेवाय नमः

હલામણ જેઠવા

નાટક પંચાકી.

ક્ષત્રીઓના પરાક્રમો આને સત્યતાનો ચીતાર.

રચનાર

આર. વી.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજે—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૦૦.

સને ૧૯૦૪. સંવત ૧૯૬૦.

અમદાવાદ—ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

કિંમત આઠ આના.

હલામણ જેઠવાના

પાત્રોનાં નામ.

રાજસિંહ..............બાલંભાના રાજા.

બુદ્ધિસાગર..............રાજસિંહનો પ્રધાન.

સોમ્યદેવ..............રાજ્યગોર.

ભાનુમતિ..............રાજસિંહની રાણી.

કેશર-પારવતી..........ભાનુમતિની દાસીઓ.

સોન..................રાજસિંહની પુત્રી અને હલામણની સ્ત્રી.

લક્ષ્મી-વેણી-લલીતા-લીલાવતી વીગેરે. } સોનની સખીયો.

શીયોજી..............ધુમલીનો રાજા.

વીવેકસાગર............શીયોજીનો પ્રધાન.

હલામણ..............શીયોજીનો પુત્ર અને સોનનો ભર્તાર.

ભાણજી..............હલામણનો મિત્ર.

રાધા..................શીયોજીની દાસી.

પઇબા..............હલામણની ફોઇ.

રૂપસિંહ..............હલામણનો શત્રુ.

જોગેન્દ્ર..............યોગીરાજ.

ચંદ..................બારોટ.

સંતોકરામ..............જોશી.

(સુત્રધાર, નટીયો, વીદુષક, પ્રતિહાર, ચોપદાર, વારાંગના, દાશીયો, મચ્છીમારો, લાડુભટ્ટ, શેરખાં, નુરખાં, જમાલખાં, કમીરખાં, રહીમખાં, મીરખાં વીગેરે સીપાઇઓ.)

ૐ

તત્સત્ પરમાત્માને નમઃ

હલામણ જેઠવો અને સતી સોન નાટક.

સર્વ પાત્રો—સ્તુતિ

રાગ-શ્રી શંખેશ્વરા.

શ્રી ગીરજાપતી, છે અકળ ગતી
કષ્ટ મારૂં દૂર કરી. સુખ સંપતી, ટેક
સદા શીવ શંભુ સુખકારી, ટાળો તનના તાપ.
નીરંજનનું નામ લેતા, ભાગે ભવના પાપ, શ્રી.
શીર જટામેં ગંગ બિરાજે, ભસ્મ લેપન ધારી
કૈલાસપતી કષ્ટ નિવારો, સન્મતિ મારી, શ્રી.
અલ્પમતીથી ગ્રંથ બનાવું, ભુલચુક ક્ષમાય
રતિલાલ કહે કર જોડી, શંભુ કરશે સહાય. શ્રી.

(ગાયન થઇ રહ્યા પછી)

સુત્રધાર—(સભા તરફ જોઇને) અહો મારા પ્રિય આર્ય બંધુઓ આ ભારતભુમિ આપણી વીરમાતા જેની અંદર મહાન રાજેન્દ્ર, સતવાદી શુરવીર, પ્રાક્રમી અને સતી સ્ત્રીઓ ઉત્પન્ન થઇ છે જે મધ્યેથી આજે ઉમરાળાનિવાસી દશાશ્રિમાળી વૈષ્ય રતીલાલ વિરચિત હલામણ અને સતિ સોન રાણીનું નાટક સંપુર્ણ ભજવી બતાવનાર છીએ જેની અંદર રાજ્યનીતિ, વચનનીતિ, અહંકાર, સત્યવ્રત તથા અહંકારથી થતા ફાયદાનું વર્ણન નાટક રૂપે કરવામાં આવશે જેથી આપ અત્રે બિરાજમાન થયેલા સઘળા ગૃહસ્થો, વિદ્વાનો, પંડીતો, કવીઓ, મીત્રો, અને સજ્જન વર્ગો મહેરબાની કરી એકાગ્ર ચિત્તે શ્રવણ કરશો એવી આજ્ઞા માગું છું. (પડદા તરફ નજર કરી) ચતુરા ચાલ વાર કેમ લાગી પ્રીયા. સભાસદો રાહ જોઇ બેઠા છે.

નટી—પ્રાણનાથ આવું છું. (આવીને) આ જરીઅન સાડી પહેરતાં જરા વાર લાગી તો માફ કરશો. (નતાવીને.) પ્રાણ વલ્લભ આ દાસીને શી આજ્ઞા છે.

સુત્રધાર—પ્રીયા સર્વ સભાસદોની સમક્ષ એક મધુર ગાયન ગાઇ તેમના મન રંજન કર.

નંદી—જેવી પ્રાણનાથની આજ્ઞા.

(રાગ) રઘુપતી રામ રૃદેમાં રહેજોરે.

અંબે સુણો અર્જ આજ અમારીરે,
દાસી જાણી દીઓને ઉગારીરે, ટેક.
નમું નમું નમું જગ માડીરે, કરૂં દાસી હું સેવા તારીરે
ત્રીપુરારી પુરો હોંશ મારી, અંબે,
કામ ક્રોધ માયા મદ લોભરે, કરતાં પામીએ તનમાં ક્ષોભરે
દેવી દર્શન કરી પામુ મોક્ષ, અંબે,

પ્રાણનાથ હવે શી આજ્ઞા છે સર્વ પાત્રો શણગાર સજી તૈયાર છે. આપ પ્રાણવલ્લભનો હુકમ હોય તો ખેલ શરૂ કરે.

સુત્રધાર—પ્યારી જા જલદી હુકમ આપ.

નટી—જેવી પ્રાણનાથની આજ્ઞા. (જાયછે.)

સુત્રધાર—મહેરબાન સાહેબો વખ્ત ઘણો જવાથી રજા લઇ ખેલ શરૂ કરીએ છીએ જેની અંદર ભુલ ચુક હોય તેની માફી આપશો એવી વિજ્ઞાપના છે.

આર-વી-એમ.

ગ્રંથ-કર્તા.

श्री.

हलामण अने सातिसोन नाटक.

अंक १ लो.

प्रवेश १ लो.

સ્થળ--આલંભામાં રાજસીંહની કચેરી.

પાત્રો—રાજસીંહ, બુદ્ધિસાગર, સોમ્મદેવ. પ્રતિહાર વિગેરે.

પ્રતિહાર-આજુસેં બાજુ સોને છડી રૂપેરી મશાલ ગોબ્રાહ્મણ પ્રતિપાલ મહારાજા રાજસીંહને ઘણી ખમા નજર રખો મહેરબાન સલામ.

રાજસીંહ-(સીહાસનપર બેઠા બાદ પ્રધાન પ્રતી) કેમ! પ્રધાનજી હાલમાં રાજ્યનો બંદોબસ્ત કેવો ચાલે છે. અને રૈયત કેવી રીતે વરતે છે.

બુદ્ધિસાગર-મહારાજા! રાજ્યનો બંદોબસ્ત સારો ચાલે છે. અને રૈયત સુખ શાન્તિથી પોતાના દિવસ નિર્ગમન કરે છે.

પ્રતિહાર—નામદાર કોઇ પરદેશી બ્રાહ્મણ અંદર આવવા રજા માગે છે.

રાજસીંહ-બહુ સારૂ આવવા દીઓ.

સૌમ્મદેવ-(પ્રવેશ કરી) (રાગ) લાવણી,

કહું રાજ સુણો પરમાર, અરજ એક મારી.
પ્રજા પાલન પરમેશ, નરેશ હીતકારી
શુભ ન્યાય નીતિથી, આપ ચલાવો રાજ
મહારાજ કરો કૃપાય, સુધારો કાજ
તુંમ રહો અવિચળ રાજ, રાય સુખકારી.
તમ દરશનથી આનંદ, કરો ઉપકારી
કેવળ પરમારથ કાજ, લીઓ દીલ ધારી
કરી આનંદ પામું આપ, ભક્તિ જોઇ ભારી

રાજસીંહ—બ્રહ્મદેવ ! આપ ક્યાં રહો છો અને આપનું નામ શું !

સોમ્યદેવ—જી ! હું કાશિ વિશ્વનાથ રહું છું આ શરિરની ઓળખાણને માટે શોમ્યદેવ નામ રાખ્યું છે. રાજેન્દ્ર ! પરમાત્માની કૃપાથી મેં વિદ્યા સંપાદન કરી સાસ્ત્રનો અભ્યાસ પરિપૂર્ણ કર્યો પરંતુ આત્માના કલ્યાણાર્થે પરમાર્થનું કામ બીલકુલ થયું નહીં. જેથી દેશાટણ કરી ફરતો ફરતો પરમાર કુળની કિર્તી સાંભળી અત્રે આવ્યો છઉં તો આશ્રય આપી પરમાર્થનું નાનું મોટું કામ મને સોંપશો એવી જીજ્ઞાસા રાખી આપની પાસે આવ્યો છઉં.

રાજસીંહ—વિપ્રવર ખુશીથી તમો અત્રે રહી નિરંતર રાજ્ય કચેરીમાં આવી સદોપદેશ આપશો. તમારા વર્ષાશન માટે બંદોબસ્ત કરી આપશું,

સોમ્યદેવ—રાજેન્દ્ર ? આપનું કલ્યાણ થાઓ સત કોટી વર્ષ રાજ્ય ભોગવી અમર કિર્તી મેળવો એવી એવી અમારી આશીશ છે.

રાજસીંહ—તથારસ્તુ

વિદુષક—લ્યો હવે છે કાંઇ તેનું તો આવતા ને વારજ નક્કી થયું અને આપણે તો રહ્યા વા ફુંકતા.

રાજસીંહ—કેમ મીત્ર ! તારે વળી શું દુ:ખ છે

વિદુષક—દુ:ખ તો કાંઇ નથી પણ—

રાજસીંહ—ત્યારે કેમ ?

વિદુષક—કેમ શું ત્રણ વસ્તુની તાણ બાકી બધું સુખ છે.

રાજસીંહ—ફક્ત ત્રણજ વસ્તુની તારે તાણ છે તો એવી શી ચીજ છે કહે જોઇએ.

વિદુષક—અન્ન, વસ્ત્ર ને આબરૂ એ ત્રણજ વાનાં નથી અને તમારે ત્રણ એને ત્રણ તેથી વિશેષ સરવાળો કરતાં વસ્તુનું વધારે સુખ છે.

રાજસીંહ—વાહ ! વાહ ત્યારે તો તું ઘણોજ સુખી ! વારૂ ! ત્યારે કઇ છ વસ્તુ વધારે છે કહે જોઇએ.

વિદુષક—સાંભળો ત્યારે કહું છું હો રોષ ન કરશો.

રાજસીંહ—ભલે ખુશીથી બોલ.

વિદુષક—સાંભળો, મારે જે અન, વસ્ત્રને આબરૂં એ ત્રણ વસ્તુ નથી તે તમારે છે બાકી તેના કરતા. દામ, દામ, ને દામ

એટલે રાજ્ય એ ત્રણ વિશેષ સરવાળો ગણી જુઓ બરાબર છ વધારે છે.

રાજસીંહ—બરાબર તું પણ ખરૂં કહે છે, પ્રધાનજી ! ત્યારે આજે વિદુષકને ખુશી કરીશું કેમ ? તે તો આપણને દરરોજ મ-મતથી રાજી રાખે છે !

બુધિસાગર—મહારાજા તેમને તો રાજી રાખવો જોઇએ

વિદુશક—સાંભળ્યું કે કચેરીમાં પણ આબરૂ છે નહીતર મ-ગદુર શા ! કે વિદુશક ભાઇને તુંકારો કરી શકે

બુધિસાગર—નહીં નહીં વિદુષક ભાઇ તે તો હું ભુલ્યો હવે કોઇ દહાડો નહીં કહું.

વિદુષક—હા બાપુ હા ! ભુલ્યા ત્યાંથી ફેર ગણો (રાજસીહને) કેમ ! મહારાજા રાજી કરવાનું તો ભુલી ગયા કે ! હું તો ધારતો જ હતો કે કહેવાનુંછે આપવાની વાત નથી; નહીતર વળી વાર શી !

રાજસીહ—ભુલી ગયો નથી (પ્રધાનને) આ વિદુષકને સવા-સો રૂપીઆની ચીઠી કરી આપો

બુધિસાગર—બહુ સારૂ મહારાજા (કરી આપેછે)

ચોપદાર—(રાજસીહે ઇસારો કરવાથી) કચેરી બરકાસ્ત નજર રખો મહેરબાન

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજસીહનો રાણીવાસ

પાત્રો-ભાનુમતી-કેસર-પાછળથી રાજસીહ

ભાનુમતી—દાસી

કેસર—આજ્ઞા બાઇ સાહેબ

ભાનુમતી—હજુ સુધી સ્વામીનાથ કેમ નહીં પધાર્યા હોય

કેસર—બાઇ સાહેબ હજુ દરરોજનો વખત નથી થયો

ભાનુમતી—અરે ! આજતો વીલંબ થયો છે

કેસર—બાઇ સાહેબ ધીરજ રાખો હમણા પધારશે

નેપથ્યમાં—નજર રખો મેહેરબાન

કેસર—બાઇ સાહેબ મહારાજા પધારે છે

ભાનુમતી—હા ! જા પુંજા સામગ્રી તેયાર કર

કેસર—બહુ સારૂ બાઇ સાહેબ (જાય છે)

રાજસીહ--(પ્રવેશ કરી) પ્યારી ! આજે તારૂં મુખારવીંદ કેમ ઉદાસ જણાય છે, શું ! કંઇ વ્યાધી તો નથી થયો કે !

ભાનુમતી--પ્રાણુનાથ બીજુ તો કંઇ નથી. પરંતુ આપ કચેરીમાંથી આવતા જરાવાર લગાડો છે તે ઘડી મારે મોટા વરસ સમાન જાય છે

રાજસીહ--પ્યારી રાજ્યનું કામ છે જરા વધારે વાર લાગે પરંતુ તમારે બીલકુલ ઉદાસ થવુંજ નહીં

ભાનુમતી--તે ખરૂં; પણુ આપના વિના મને બિજે કાંઇ ચેન પડતું નથી

રાજસીહ-- રાગ બનજારો.

તું સાંભળ પ્રીયા મમ પ્યારી, નહીં મુકુ તને વિસારી
તને જોઇ મહા સુખ પામું, દુઃખ સર્વ શરીરના વામું
પ્યારી થઇશ નહીં દુઃખીઆરી; નહીં૦
આ તન મન તુંજને માહે, બીજે સુખ મળે નહીં કયાંહે
સ્નેહ ગાંઠ બાંધી દીલદારી, નહીં૦
આ રાજ્ય તુંજથી તુચ્છ, પ્યારી પ્રીત તારી સ્વચ્છ
જવું પડે ધર્માસન ધારી, નહીં૦

પ્યારી આ મારા તન મન ધનથી હું ખરેખર તારા ઉપર પ્રીતિ રાખી બીજે કયાંઇ પણુ તારા વિના ચેન નહીં પડતા ગયો કે તુરત અહીં આવ્યો જાણુવો પરંતુ રૈયતના સુખ દુઃખનો તપાસ કરવા ક્ષત્રીના ધર્મ પ્રમાણે રાજ્યાસન ઉપર જવું પડે છે

ભાનુમતી--સ્વામીનાથ તે તો આપ સરખા મહા ન્યાય નિતિ વાળા રાજાને ઘટીત છે તો ગયા વિના કેમ ? ચાલે

રાજસીહ--હા ! પ્રીયા ન ચાલે (એમ કહી વિચારમાં પડે છે તેથી)

ભાનુમતી--કેમ ! સ્વામીનાથ શા વિચારમાં પડ્યા છો

રાજસીહ--પ્રીયા બીજું તો કાંઇ નહીં પરંતુ પ્યારી પુત્રી સોન યોગ્ય ઉમરની થઇ પરંતુ તેનું વેવીશાળ હજી સુધી નહીં કરવાથી રાત્ર દીવસ મન ઉદાસ વૃત્તિમાં રહ્યા કરે છે

ભાનુમતી--સ્વામીનાથ આપનું કહેવું યથાર્થ છે, મારા મનમાં

પણ રાત્રદીવસ એજ વિચાર થયા કરે છે કે હવે પુત્રીની સગાઇ કરવી જોઇએ કારણ મોટી ઉમરની દીકરી થાય ત્યાં સુધી તેમના માત પીતા કન્યાદાન દેતા નથી તો પછી દોષીત થાય છે

રાજસીહ—પ્યારી શાસ્ત્રના નિયમ પ્રમાણે કન્યાને દસથી બાર ને વધારેમાં વધારે ચૌદ વર્ષની અંદર જરૂર લગ્ન કરવાજ જોઇએ

ભાનુમતી—હા સ્વામીનાથ તે તો ખરૂંજ છે

રાજસીહ—ત્યારે તેના માટે શો વિચાર ધાર્યો

ભાનુમતી—સ્વામીનાથ આપના કરતાં મારામાં વિશેષ બુદ્ધિ નથી તો પછી હું શું જવાબ આપું તે તો તમારા ધ્યાનમાં આવે તે ખરૂ તેમાં હું અલ્પ મતિ—અબળા શું જાણું.

રાજસીહ—પ્યારી તમે એમ નહીં કહો જો રાજ્યનું કામ હોય તો તમોને પુછવાની કાંઇ જરૂર નહીં પરંતુ આ કામ કાંઇ તેવું નથી જીવંત પર્યંત પ્યારી પુત્રીને સુખ થશે કે દુઃખ તેનો પુરેપુરો તપાસ કરી સગપણ કરવું એજ તેમના માત પીતાનો ધર્મ છે તો તમારા ધ્યાનમાં આવે તેમ કરીએ

ભાનુમતી—પ્રીતમ આપ કહો છો તે તદન ખરૂં છે

રાજસીહ—ત્યારે પછી

ભાનુમતી—કોઇ સારૂં ઠેકાણું જોઇ સગપણ કરો

રાજસીહ—આજ લગભગ બે વરસથી તપાસ કરૂં છું પરંતુ તેવું ઠેકાણું કોઇ જગાએ ધ્યાનમાં આવતું નથી

ભાનુમતી—સ્વામીનાથ તેનું શું કારણ

રાજસીહ—પ્યારી જ્યાં રાજ્ય તો તપાસ કરતા સારૂ હોય ત્યાં વર બરાબર હુશીઆર નહી અને વર હુશીઆર હોય તો રજવાડું સારૂં નહી બંને વાત બરાબર હોય તો તેના પક્ષકારમાંજ ફારફેર હોય તેથી કરી કોઇપણ ઠેકાણે મન માનતું ધ્યાનમાં આવતું નથી

ભાનુમતી—સ્વામીનાથ જ્યારે એમ છે ત્યારે તો હવે શું કરવું તેનો તો આપજ વિચાર કરો કે કેવા મળથી સુખ થાય.

રાજસીહ—પ્યારી મેં તો એમ વિચાર ધાર્યો છે કે ગમે ત્યાં પુત્રીના નશીબમાં જેવું સુખ લખ્યું હશે તેવુંજ મળશે પરંતુ વે-

વીશાળ તો એકદમ નહીં કરવુંજ પછી તો જેમ તારી મરજી, મારો તો એજ વિચાર છે.

ભાનુમતી—સ્વામીનાથ એમ કેમ થાય મારી લાડકવાઇ પુત્રી મહા ચતુર-શાણી અને રંભા જેવી છે તેને કદાચીત ગમાર પતી મુરખનો સરદાર મળે તોપણ તેનું જીવતર તો ધુળ મળ્યા જેવુંજ થાયને

રાજસીંહ—ત્યારે.

ભાનુમતી—આપણે સોનને પુછી જોઇએ કે તે શું જવાબ આપે છે તે ડાહી દીકરી આપણને સહેલો રસ્તો શોધી આપશે જેથી મારે અને તમારે માથે કોઇ જાતનું કલંક રહે નહીં.

રાજસીંહ—તો ભલે પુછી જુઓ.

ભાનુમતી—સ્વામીનાથ કાલે એને પુછી નકી કરી પછી આપને જવાબ દઇશ એટલે આપ યોગ્ય વ્યવસ્થા કરશો.

રાજસીંહ—પ્યારી આજ કાલ કરતાં પુત્રીની ઉંમર બાર વર્ષની થઇ ચુકી જેથી હવે વિલંબ કરો છો તે તદન શાસ્ત્રથી વિરૂદ્ધ છે અને મારા મતથી પણ ઉલટું છે માટે હાલ પુત્રીને તેડાવી પુછી જુઓ.

ભાનુમતી—સ્વામીનાથ આ વખતે તો તે પોતાની સાહેલીઓ સાથે તેના ખાનગી મહેલમાં રાસ લેવા ગઇ છે જેથી થોડીવાર પછી જરૂર બોલાવીશ આપ નિચિન્ત રહો હું ભુલી નહી જાઉ.

રાજસીંહ—નહી નહી પ્યારી એમ તો કદીપણ નજ બને અત્યારેજ દાસીને મોકલી તેડાવી પુછી ખાત્રી કરો.

ભાનુમતી—જેવી પ્રાણનાથની આજ્ઞા.

રાજસીંહ—હા ! જલદી તેડાવી નકી કરો એટલે મારૂં મન નિવૃત થાય.

ભાનુમતી—દાસી !

કેસર—આજ્ઞા બાઇ સાહેબ.

ભાનુમતી—જા જલદી સોન બાને બોલાવી લાવ, કહેવું કે તમારી માતુશ્રી કાંઇ વાત પુછવાના ઇરાદાથી બોલાવે છે.

કેસર—બહુ સારૂં બાઇ સાહેબ જઉ છું. (જાય છે)

રાજસીંહ—પ્યારી કેટલા વાગ્યા હશે.

ભાનુમતી—સ્વામીનાથ આશરે ચાર થયા હશે.

રાજસીંહ—ચાર થઇ ગયા એમ !

ભાનુમતી—હા ! સ્વામીનાથ ચાર તો થઇ ગયા છે

રાજસીંહ—ઠીક ત્યારે હું જઉ છું તું પુત્રી આવે એટલે જરૂર પુછી નકી કરજે તે વિશે વધારે કહેવું પડે નહીં.

ભાનુમતી—આપ નિર્ચીંત રહો આવશે કે તુરત જવાબ લઇશ ખબર આપીશ એટલે આપ બનતી મહેનત કરી લગ્નનો શુભ લહાવો લઇ વૃદ્ધાવસ્થામાં કન્યાદાન આપી સુખી થઇએ.

રાજસીંહ—પ્યારી મહાકાલેશ્વર જવાનો વખત થયો છે હવે રજા લઉં છું.

ભાનુમતી—સ્વામીનાથ આપ એ શું ! બોલ્યા શું ! હું આપને રજા દેવા યોગ્ય છું સુખેથી પધારો.

રાજસીંહ—નહી નહી પ્યારી તે તો– (જાય છે)

ભાનુમતી—ચાલ હું પણ પુંજા ઉપર બેસુ. (જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ સોનનો ખાનગી મહેલ.

પાત્રો—સોન—લક્ષ્મી—વેણી—લલીતા—લીલાવતી પાછળથી પારવતી.

સોન—દાસી હજુ સુધી પ્રીય સખીઓ કેમ નહી આવી (એમ કહી વિચારમાં પડે છે)

લક્ષ્મી—બા સાહેબ હમણા આવશે.

વેણી—(પ્રવેશ કરી) કેમ સખી ! ! શા વિચારમાં છો ! કંઇ સાંભળ્યું છે કે શું ?

સોન—આવો બહેનો આવો ! તમે તો હમેશાં મારી મશ્કરી જ કરતાં આવો છો.

વેણી—તે હમેશની મશ્કરી પણ આજની તો જુદીજ વાતછે!

લીલાવતી—જુદી તે શી ? પરદેશી પોપટની કે બીજી !

લલીતા—તેમાં વિચાર શો કરવો તે તો મહારાજાએ અને માતુશ્રીએ આજજ વિચાર કર્યો છે કે કાલે રાજગોર સોમ્યદેવને વર શોધવા મોકલવો.

વેણી—તે તો મને પણ ખબર છે કે બા હવે રહેવાના નથી, પતી પાસમાં પડયાં કે પછી આપણને પણ કાંઇ દહાડો યાદ કરવાનાં નહી.

સોન--સખી હવે તો હદ વાળી તમારે તો મશ્કરી પણ મારે તો દાવાનળ સળગે છે.

લક્ષીતા—બેન દાવાનળ તો તમે કહો છો પણ હું તો એમ કહું છું ! કે દાવાનળથી વિશેષ વિરહાનળ સળગે છે. કહો ખરૂં કે ?

સોન—સખી તમે સૌ જાણો છો છતાં વાત વધારી મને શા-માટે દુ:ખી કરો છો એક તો ચિન્તાથી અર્ધી થઇ ગઇ છું.

લીલાવતી—વાહરે ! વાહ ! એવી તે શી ચિન્તા કહો તો ખરાં કે અમે પણ રાખીએ.

સોન –સાંભળો બહેનો.

(રાગ) માઢ તાલ દાદરો.

હારૂં જન્મારો વિચારો, પતી–મુર્ખ મળે જઉ જીવિત હારીરે,—ટેક.
હું નારી કુંવારી દુ:ખીઆરી છું ભારી આ વારી વરવાની આશ,
નાદારી થીવારી શું સારી થઉ પ્યારી દીલધારી રહું દાસ...હારૂં.
છે નકી છે પકી છે રકી છે વકી હું બકી જાઉ આ વાર,
હું નારી સુખીઆરી થઉ ભારી કરધારી દીલદારી પ્રાણ આધાર...હારૂં.

પ્રીય સખીઓ ખરો પરમેશ્વર પોતાનો સ્વામીનાથ તેજ ! સુ-ખનો દાતાર પણ તેજ, સૃષ્ટિથી અધિક પણ તેજ, તન મન ધન અર્પણ કરી સદાકાળ જેની ભકતી કરવી ! તેજ જો કદાપી મુર્ખ મળે તો આ સંસારમાં જન્મ લીધાને ધિક્કાર ! પુત્રીને ઉંચું કુળ મોટું રાજ્ય જોઇ પતીની પરીક્ષા કર્યા સિવાય ગમાર ભર્તાથી કન્યા દાન દે તેવા માતાપીતાને પણ ધીકાર ! છતાં મુર્ખ સ્ત્રીઓ તેવા પતિથી ઉલટી રહી વ્યભિચાર કરી પોતાના કુળને કલંક લગાડે તેને તો સત કોટીવાર ધીકાર ! ધીકાર ! ધીકાર ! અરે નર્કમાં પણ તેનો નિવાસ થવો મુશ્કેલ છે. (એમ કહી મુર્છા ખાઇ પડેછે.)

લક્ષીતા-- (રાગ) બાના સુખને જો ઇચ્છો તો.

નહી થાઓ બાઇ એમ અધિરા, કરો કાંઇ ઉપાય
પતી વિનાનો આ જન્મારો, ધીક ! દેહ સુકાય. નહી.
જાતેથી જોઇ રહોને મોઇ, કોઇ મળશે રાજકુમાર
અચીત ખેલો દુ:ખડા મેલો, કરશે ઇશ કૃપાય. નહી.
સ્વયંવર મંડપ કરાવી, હેતે આરોપો માળ
કામ કોડીલો રૂપે રંગીલો, આવશે મંડપમાંય. નહી.

લક્ષ્મી—બેન ! લલીતા ખરૂં કહે છે. આજે પીતાશ્રીને કહી સ્વયંવર મંડપ રચાવી કોઈ મહા શુરવીર રાજકુમારને પુષ્પ માળ આરોપી મનગમતા સુખ ભોગવો.

વેણી—હા ! પછી કોઇનો દોષ તો નહી.

સોન—બહેનો ! તમારા સર્વથી મારો વિચાર તો ઉલટોજ છે.

લીલાવતી—ત્યારે વળી ઉલટાની ખબર ક્યારે પડશે કહો તો ખરાં.

સોન—સખી તેમાં કોઇનો વિચાર કામ આવતો નથી જેવું સ્વયં પ્રકાશીત પરમેશ્વરે ધાર્યું હશે તેજ થશે.

વેણી—બહેનો હવે રાસડો નથી લેરો વાતો તો બહુએ કરી.

લક્ષ્મી—એ તો સોનબાને પુછી જુઓ તેમના જીવને સુખ હોય તો કાંઇ આપણી ના નથી.

સોન—તમારા સર્વની મરજી છે તો ભલે ચાલો ગાઇએ.

વેણી—હા બહેન તો ઠીક થાય.

લીલાવતી—વાતો કરતી જાય છે પણ ખબર નથી કે સાંજ પડવા આવે છે.

સોન—ચાલો બેહેનો (ગાય છે)

(રાગ) વીરહી જનની પ્રીત.

સખી જોબનીયું ભરપુર, જોબન મારે છે.
આ વિરહાગ્નિનો તાપ, તનને સારે છે.
સખિ સ્વામિ વિના સંસાર, સંસાર ખારો છે.
સખી સુંદર પ્રીતમ પ્રાણ, મનગાં પ્યારો છે. ટેક.

સાખી

સાડી સુંદર શોભીતી, ઝાંઝરને ઝણકાર.
પ્રીતમ વિનાની પ્રેમદા,

ઝુલ

સખી પ્રીતમ મળવા પ્યાર, તનડું તલખે છે.
જેમ વારી વીનાનું મીન, મનડું વલખે છે.
સખી મળવા સ્વામીનાથ, દીલડું હરખે છે. સખી૦

સાખી

શું કીધું કીરતાર તેં, દુઃખી અબળા નાર.
ચીત હરણ ચતુર વિના,

ઝુલ.

સખી સુખ નહી લગાર, સુંદર મુખ પ્યારૂં છે,
સખી સ્વામીનાથનું સુખ, અધિક એ નારૂં છે,
સખી સુંદર વરની સાથ, જીવિત પત્યારૂં છે. સખી૦

સાખી.

પ્રીતમ મળે મન માનતા, કરૂં આલીંગન પ્રીત.
વિરહાગ્નિ ઠંડી કરી,

ઝુલ.

સખી શારે કર્યા અપરાધ, પ્રીતમ પ્યારા છે.
સખી કંથ વિનાનો કામ, કંથ એ ન્યારા છે.
સખી કયારે મળે મોહન, મોહન મન વસીઆછે. સખી૦

વેણી—જેને જેવું જોઇએ ! અને જેને જેવું હોય ! તેવુજ સોનબાએ રાસડો ગાઇ પોતાનું મન રાજી રાખ્યું.

લીલાવતી—એટલે ?

વેણી—એટલે ! એટલેસ તો ! સોનબાને એનો ખપછે માટે એણે માગ્યું તારે ખપ હોય તો તું પણ માગ.

લીલાવતી—વાહરે વાહ ! તું તો વળી સર્વેને બનાવીશ.

લલીતા—બેન વેણી ! તારો પણ વખત ચાલ્યો આવે છે ! એટલે તું માગીશ નહી કે ?

વેણી—મારો વખત આવશે ત્યારે ના ! આવશે તો ઝટ દઇને કરી નાંખીશ.

લક્ષ્મી—હા બેન હા ! તેં તો કામ કટાક્ષ આજથી ધ્યાનમાં રાખ્યો હશે ! તું કાંઇ ઓછી નથી.

(એટલામાં પારવતી તેડવા માટે આવે છે)

પારવતી—સોન બા આપને માતુશ્રી યાદ કરે છે.

સોન—શું કામ છે.

પારવતી—તેતી મને ખબર નથી.

લીલાવતી—તને ખબર નથી પણ અમને ખબર છે તો !

વેણી—શું ખબર છે.

લીલાવતી—શું શું ! ઇ ! ઇ !

લલીતા—સોનબા અમે હવે રજા લઇશું

સોન—સખી પાછા વહલા આવજો.

લીલાવતી—બેન ભલે ! તમો પણ હવે પધારો.

વેણી—હા ! માતુશ્રી રાહ જોઇ બેઠાં હશે.

લલીતા—બહેનો હવે ચાલોને. (જાય છે)

પારવતી—બા સાહેબ પધારો તો ઠીક

સોન—દાસી ચાલ આગળ થા.

પાર્વતી—હું તો આગળજ છું પરંતુ આપનોજ ક્યાં પગ ઉપડે છે.

સોન—સખી ! જોને તને તો ખબર છે કે આજ કેટલી સખીઓ રાસ લેવાને આવી હતી તોપછી થાકી કેમ ન જવાય.

પાર્વતી—હા બેન હા ! તમારી તમારી જેવડા તો સૌ થાય પરંતુ તમને તો હજુ હવે થાક લાગવાનો છે તો આગળથી નીરાશ થવું કેમ કામ આવશે.

સોન—વાહ ? તું પણ મારી મશ્કરી કરે છે કે ?

પાર્વતી—ના બા હું કાંઇ મશ્કરી નથી કરતી.

સોન—ત્યારે !

પાર્વતી—એતો તમો થાકી જવાનું કહેતા હતા એટલેજ જરા બોલવું પડયું.

સોન—ઠીક ! (નરમાશથી) સખી હું એક તને વાત પુછું તે તું સાંભળીશ ખરી કે

પાર્વતી—ખુશીથી પુછો.

સોન—પણ તું બરાબર મારી પાસે સાચું કહે તો પુછું નહીતર ફોગટ વેણ નાંખી દેવું તે કરતાં મૌન્ય રહેવું તે વધારે સારૂં.

પાર્વતી— રાગ ગીતી.

ખચીત કહુ પ્રીય બેની, વિચાર જણાવો તમારો આજે
માલુમ મને જે હોયે, કહો તમારી વાત દીલમાં જે.

બેન મને જે વાતની માલુમ હશે તે ખરેખરી હું આપને સવીસ્તાર કહીશ આપ ખુશી કહો જરા પણ સંકોચ પામશો નહીં.

સોન—પ્રીય દાસી તું મારી દાસ નથી પરંતુ બેન છો ! તો સાંભળ.

રાગ બનજારો.

તું સાંભળ સખી મુજ પ્યારી, કેમ તેડે છે માત અમારી. ટેક.
કેમ બોલાવે મુજને આજે, વળી શા કારણને કાજે.
તું કહે ખરૂં વિસ્તારી, કેમ તેડે૦
નથી દોષમાં હું કાંઈ આવી, કેમ તેડું તું માતનું લાવી.
થઉં એકા એક ભય કારી. કેમ તેડે૦

મારી પ્યારી બેન તને મને બોલાવવા માટે એકા એક શા કારણથી એકદમ અત્રે મોકલી છે તે ખરેખરૂં કહે.

પારવતી—બેન તેમાં કાંઇ ઉચાટ કરવા જેવું નથી.

સોન—ત્યારે.

પારવતી—તે તો આપના વેવીશાળનું પૂછવા સારૂ માતુશ્રીએ તેડવા માટે મોકલેલી છે તે આપ ખુશીથી પધારો.

સોન—સખી તે તો કંઇ નહી.

પારવતી—કંઇ નહી કેમ ખરૂં તો એજ છે.

સોન—હા ! તે ખરૂં પણ પતી મુરખ મળે તો,

પારવતી—તો ઉલટું.

સોન—જ્યારે મન માનતો હાવ ભાવથી રમીએ તેવો પતી ન મળે તો પછી આ જીંદગીનું સાર્થક શું.

પારવતી—બેન તે તો દેખીતાજ નહી સારૂં.

સોન—નહી સારૂં કે તે કરતા મર્ણ પણ સારૂં.

પારવતી—હા બેન તે ખરૂં પરંતુ આપનો ઇશ્વર ભક્તિ ઉપર તથા પતિવ્રત ઉપર પુરો પ્રેમ છે તો પછી ઇશ્વર સુખ કેમ નહીં આપે ! અરે ! આપશેજ !

સોન—તે તો જેવું નશીબમાં લખ્યું હશે તેજ થશે.

પારવતી—તે ખરૂં પરંતુ પુરૂષાર્થ છે તો તેનો બદલો ઇશ્વર આપ્યા વિના કદી કાળે ન રહે માટે આપ વિચીત્ર પ્રકારની ગોઠવણ કરી યોગ્ય પતી મેળવવા કદી પણ પાછી પાની ધરશો નહી.

સોન—હા બેન ! મેં પણ એજ વિચાર ધાર્યો છે.

પારવતી—ત્યારે બસ ! હવે ચાલો વાર ઘણી થઇ છે માટે

શ્રી રાહ જોઈનેજ બેઠા હશે કે હમણા આવશે.

સોન--ચાલો સખી. (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ભાનુમતીનો મહેલ.

પાત્રો—સોન-ભાનુમતી તથા પારવતી વીગેરે.

સોન—માતુશ્રી પાય પડું છું.

ભાનુમતી—બેન ચિરંજીવી રહો.

સોન—માતુશ્રી આપે મને કેમ યાદ કરી.

બાનુમતી—પુત્રી તારા પીતાશ્રીએ કહ્યું છે કે સોનની મોટી ઉમર થવાથી તેનું વેવિશાળ કરવું જોઇએ તેથી તને બોલાવી છે.

સોન—માતુશ્રી મારા પીતાશ્રીને તેવો વાજબી વિચાર થવોજ જોઇએ પરંતુ હાલ મારે લગ્ન કરવા વીશે બીલકુલ મરજી નથી.

ભાનુમતી—પુત્રી તું એમ બોલે તે શું ! વાજબી ગણાય કે ! કુંવારી કન્યા યોગ્ય ઉમર થતા જો તેમના માતપીતા કન્યાદાન ન દે તો મહા દોષત ગણાય છે. તે વિચારી જો.

સોન— **રાગ-નગીનારે નેહ નજર કરી આજ.**

માતાજીરે નથી વરવાનો વિચાર, ટેક.
કુમારીકા વ્રત ગ્રહણ કરવા, નકી કર્યું મનમાં-જ, માતાજીરે.
રસ લાગ્યો હરીગુણ ગાવાને, નહી બગાડું મમ સાજ, માતાજીરે.
મૂર્ખ પતીથી જીવિત હારૂં તો, ખચિત કરેરે પીડાજ, માતાજીરે.
મળશે જ્યારે મને મનગમતો, રાખી બેસું સમતાજ, માતાજીરે.
પીતા મારાને તમે કહાવો, પુત્રી છે વ્રતમાંજ, માતાજીરે.
કલેશ તમારે નહીજ કરવો, સુખે રહો મોજમાંજ, માતાજીરે.

ભાનુમતી—(રાગ) **પેલી ભુંડી રાંડનું ઘર લાલબા.**

પુત્રી પ્યારી મારી તું કર, મનમાં વીચાર જરી,
ડાહી થઇ ઘેલી શું, વાત જો ખરેખરી, પુત્રી.
લોક શું વિચારે વાત, જો તું મન ડરી,
મેળવીશ હું છબીલો કંથ, કળ છળ કરી, પુત્રી.
પીતા તારા જાણે હશે, કુડી દીકરી,
• નહી શકે બતાવી મુખ, બેસે ક્યાં ઠરી, પુત્રી.

બેન તું જરા વિચાર કર ! શું આપણુ કાંઈ ભીલ લોકો નથી

કે જેમ કરીએ તેમ ઠીકજ છે. તારા પીતાની આબરૂ ચોતરફ ફેલાઈ રહી છે ! તેનીજ પુત્રી મોટી ઉંમરની છતાં કુંવારી હોય તો લોકો શું કરે તેનો ખ્યાલ કર. વળી આ વાતની તારા પીતાશ્રીને જાહેર થતાં તેને અવળો વિચાર સુજે કે પુત્રી નકી નઠારી ચાલની છે. રાજા રજવાડામાં આબરૂ જાય માટે ડાહી થઈ તારા મુખમાંથી આ શબ્દ નીકળે તે વાજબી નથી. વળી તારે માટે આપણા રાજ્યગોરનેજ કોઇ સારો વર જોઈ વેવીશાળ કરવા મોકલીશું એટલે તારે કોઇ વાતની હરકત આવશે નહી.

સોન—માતુશ્રી આપ કહો છો તે ખરૂં પરંતુ મારે હાલ તેમ વિચાર નથી.

ભાનુમતી—પુત્રી વાતની ઉત્પત્તિથી લય સુધી વિચાર કરી જો કે તેમાં કેવી હાની થવાની છે.

સોન—માતુશ્રી આપ અત્યાગ્રહ કરતા હો તો ભલે પરંતુ હું જે પશ્ન આપને લખી આપું તેનો જવાબ દેનાર કોઈ રાજા હોય રાજવંશી, વટેમાર્ગુ કે ભિખારી હોય તેની સાથેજ હું વરી ચુકીશ માટે તમારી મરજી હોય તો હા પાડો.

ભાનુમતી—ભલે ખુશીથી લખી આપ જેથી તારા પીતાશ્રી રૂબરૂ ગોરના હાથમાં આપી રજવાડામાં પ્રશ્ન પારખવા મોકલીએ જેથી વૃદ્ધાવસ્થામાં આનંદ પામી લાવો લહીએ.

સોન—(લખીને) માતુશ્રી લ્યો આ પ્રશ્ન લખી આપું છું ! તો તેવા વિર પુરૂષને શોધવા તમારા ધ્યાનમાં આવે તેવા ખાત્રીદાયક માણસને મોકલો અને કહેવું કે પાછો જવાબ જલદી લઈ ઘેર આવે.

ભાનુમતી—બેન કાલ સવારમાંજ સોમ્યદેવને રવાના કરવું.

સોન—બહુ સારૂ માતુશ્રી હું ત્યાં સુધી રાહ જોઇ બેઠું છું.

ભાનુમતી—કહી ફીકર નહી.

સોન—માતુશ્રી હવે રજા લઇશ.

ભાનુમતી—સારૂ બ્હેન આવજો.

સોન—બહુ સારૂ માતુશ્રી. (જાય છે)

ભાનુમતી—દાસી.

પારવતી—આજ્ઞા બાઈ સાહેબ.

ભાનુમતી—જા મહારાજાને બોલાવી લાવ.

પારવતી--બહુ સારૂ બાઈ સાહેબ જાઉ છું (જાય છે)

ભાનુમતી—સ્વામીનાથ આવે એટલે સર્વે હકીકત જાહેર કરૂં પછી તેમના ધ્યાનમાં આવે તેમ કરે.

પારવતી—બાઈ સાહેબ મહારાજા પધારે છે.

ભાનુમતી—સારૂં જા ઘરનું કામ આટોપી નિવૃત થા.

પારવતી--બહુ સારૂ બાઇ સાહેબ (જાય છે)

રાજસીહ—(પ્રવેશ કરી) કેમ ! પ્યારી શું કર્યું.

ભાનુમતી—સ્વામીનાથ તેમના વિચારમાં કાંઈ મને તો સુઝ પડતી નથી પરંતું તેણે અકલ તો ઘણી દોડાવી જણાય છે.

રાજસીહ--કેમ ! તેણે શું કહ્યું.

ભાનુમતી--પહેલા તો તેણે કુમારીકા વૃતજ પાળવું છે તેમ કહ્યું જ્યારે ઘણું સમજાવી ત્યારે આ પત્ર લખી આપી કહ્યું કે જે એનો જવાબ આપશે તેનેજ હું વરી ચુકીછું નહીતર છેવટ સુધી હું કુમારીકાજ રહીશ.

રાજસીહ—જોઇએ પ્યારી શું લખ્યું છે.

ભાનુમતી--સ્વામીનાથ કંઈ ગુઢાર્થ છે લ્યો ! (આપે છે)

રાજસીહ—(લઇને) પ્યારી ! શું લખ્યું છે તે પણ પુરૂં સમજાતું નથી ત્યારે તેનો જવાબ કોણ દઇ શકશે તે વિચાર કર ! તેની આવી હઠ કેમ આવે, આમ ન કરીએ, અને સ્વયંવર મંડપ રચાવી દેશોદેશના રાજા રાજકુમારોને બોલાવી સભામાં બેઠક આપી પછી પુત્રી તેની ધ્યાનમાં આવે તેને વરમાળ આરોપે તો કેમ ! ન થાય !

ભાનુમતી--સ્વામીનાથ મેં ઘણું સમજાવી ત્યારે માંડમાંડ ફક્ત આ સમસ્યાથીજ સગપણ કરવા હા પાડી છે બાકી તો તેણે ચોખી ફુલ નાજ કહી છે.

રાજસીહ-- **રાગ-કંગનવા મોરા કરસે.**

સમસ્યામાં અડચણ મુને આવે છે અતીરે. ટેક.
જાત કજાત આવેરે, કોઈ છેતરીને ફાવેરે.
મુર્ખ પતી મળી આવે, રંક પતી તો થાવે.
શું સુજ્યો આ વિચાર છે ડાહી ઘણીરે, સમસ્યામાં.
નહી એ તો સારૂં રે, દેખીતા દુઃખીઆરૂંરે.

કહે ફરી તું જઇને, શાન્ત દિલાસો દઇને.
રસ્તો બીજો શોધી લાવો આ ઘડીરે, સમસ્યામાં.

પ્યારી કદાચીત કોઈ શત્રુ પુરી સમસ્યા કરે તો પણ દુઃખ થાય કદી રંક કે મુર્ખ મળે તો નિચું જોવાનો વખત આવે માટે તું જઈ તેને સમજાવી બીજો રસ્તો શોધી લાવ.

ભાનુમતી—સ્વામીનાથ તે કદી કાળે માને તેમ નથી.

રાજસીહ—ઠીક ! ત્યારે જોવા પુત્રીના નસીબ.

ભાનુમતી—હા ! પ્રાણનાથ તેમાં આપણે શું કરીએ.

રાજસીહ—પ્યારી ત્યારે હવે હું કચેરીમાં જઉ છું ત્યાં આપણા રાજ્ય ગોર સોમ્ય દેવને બોલાવી સમસ્યા આપી કાલ શુભ મુહુર્ત જોઈ રવાને કરીશું.

ભાનુમતી—જેવી પ્રાણનાથની મરજી પરંતુ ગોરને ભલામણ કરજો કે કોઈ સારૂ ઠેકાણું હોય ત્યાંજ જાય બીજે ન જાય.

રાજસીહ—પ્યારી હું બધું સમજું છું પરંતુ ઇશ્વર કરે તે ખરૂં જેવું તેના નસીબમાં માંડ્યું હશે તેવું મળી રહેશે. જાય છે.

ભાનુમતી—દાસી.

પારવતી—આજ્ઞા બાઇ સાહેબ.

ભાનુંમતી—સ્નાન સાહીત્ય તૈયાર છે કે.

પારવતી—હા બાઇ સાહેબ પધારો. (જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ રાજસીંહની કચેરી.

પાત્રો—રાજસી—બુધિસાગર—સોમ્યદેવ પ્રતીહાર.

પ્રતીહાર—આસ્તે નિગાહ રેસ્સન ખડી તાજીમ નજર રખો મહેરબાન.

રાજસીંહ—પ્રધાનજી ! આજકાલ મારૂં મન મહા સંકલ્પ વિકલ્પમાંમાં આવી પડ્યું છે, પુત્રી સોન મોટી ઉંમરની થઇ પરંતુ તેનું વેવિશાળ અવળી હઠને લીધે થતું નથી.

બુધિસાગર—મહારાજા ! કુંવરીબા મહાન્યાય નિપૂણ સત્ય વ્રત ધારી શાસ્ત્રાભ્યાસથી પરિપૂર્ણ તેનો આપ અવળો હઠ કહો છો તે શું?

રાજસીંહ—પ્યારા સચિવ ! તું કહે છે તે ખરૂં પરંતુ આ હઠ કાંઈ તેની નથી માત્ર તેણે એક પ્રશ્ન લખી આપ્યો છે તેનો જવાબ કોઇ આપનાર મળે તોજ તેની સાથે સોન પાણી ગ્રહણ કરે તે-

વો તેણે નિશ્ચય કર્યો છે.

બુધિસાગર—મહારાજા તેવો શું પ્રશ્ન છે જોઇએ (લઇને વાંચે છે પરંતુ સુજ નહી પડવાથી માથુ ધુણાવતો) નામદાર ગુડાર્થમાં સમજ પડે તેવું નથી.

રાજસીંહ—ત્યારે તમોએ તેના માટે શું વિચાર ધાર્યો.

બુધિસાગર—મહારાજા આપણા રાજ્ય ગોર સોમ્યદેવને આપી રજવાડામાં મોકલીએ શોધતાં શોધતાં કોઈ વિર પુરૂષ નિકળી આવશે.

રાજસીંહ—વારૂ ! મારો પણ એજ વિચાર છે ગોરને બોલાવો.

બુધિસાગર—બહુ સારૂં મહારાજા (બોલાવી લાવે છે)

રાજસીંહ—પધારીએ બ્રહ્મદેવ

સોમ્યદેવ—આર્શિવાદ ! રાજેન્દ્ર ! આપે મને કેમ યાદ કર્યા છે

રાજસીંહ—ગોરજી ! આપણે કુંવરી સોનબાનું સગપણ કરવું છે માટે તમો કોઇ સારા રજવાડામાં જઈ વિરપુરૂષને શોધી કહાડો એવી ઇચ્છાથી બોલાવવા પડયા છે.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! તેમાં શું ! એતો મારૂંજ કામ કોઇ મોટું રજવાડું જોઇને સોનબાનું સગપણ કરી જલદી આપની હજુર આવું છું.

રાજસીંહ—વિપ્રવર તમો કહો છો તે ખરૂં પરંતુ આ કામ કાંઇ તેવું નથી જરા અડચણ પહોચે તેવું છે.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! તેવું શું છે જે શુભ કાર્ય કરતાં અડચણ પહોંચે.

રાજસીંહ—બીજી કાંઇ નહી ફકત સોનબાએ પ્રશ્ન લખી આપ્યો છે જેથી તેનો ઉત્તર દઈ શકે તેવા વિરપુરૂષને શોધ કહાડવા આપને બોલાવવા પડયા છે.

સોમ્યદેવ—વારૂ ! ત્યારે તો વાંધો ખરો; ખરચી પણ વધારે જોઇએ

રાજસીંહ—તેની ચિન્તા નહી (પ્રધાનને) આ ગોર મહારાજને પાંચસો મહોર ખર્ચીના આપજો. (સોમ્યદેવને) કેમ બ્રહ્મદેવ બસ ! વળી વધારે જોઇએ તો મંગાવી લેજો પરંતુ આ શુભ કાર્યનું કામ નિર્વીઘ્ને પરિપૂર્ણ કરી જલદી પાછા આવો એટલે તમને દક્ષણા પણ મનમાનતી આપી ખુશી કરી સંતોષ પમાડીશ.

સોમ્યદેવ. **રાગ ગીતી.**

યશ મેળવી આવું, પશ્નોતર પરીપૂર્ણ કરી આજે
નિમિત્ત રહો મહારાજ, શોકપરહરો જવું શુભ કાજે

રાજેન્દ્ર આપ નિચિન્ત રહો પ્રશ્નોત્તર લઈ જલદી આવીશ.

રાજસીંહ—વિપ્રવર તમારા ઉપર વિશ્વાસ રાખી આ શુભ કાર્યનો આરંભ સોંપ્યો છે તે પરીપૂર્ણ કરશો એવી આશા છે.

સોમ્યદેવ-રાજેન્દ્ર હવે રજા લઉં છું.

રાજસીંહ—ગોર મહારાજ પધારો (જાય છે)

પ્રતીહાર—કચેરી બરકાસ્ત પેં નજર રખો મહેરબાન સલામ!

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સોમ્યદેવનો રસ્તો.

પાત્ર-સોમ્યદેવનો વીચાર.

સોમ્યદેવ. **રાગ મારા ભાગ્ય તણો નહી પાર.**

રખડી રઝળી થાક્યો હાય, પગ આ દુઃખે અપરંપાર. ટેક.
પ્રશ્ન કેરો જવાબ ક્યારે, મળે સુખ દેનાર,
રજવાડામાં રાડ પડાવી, મળે નહી લેનાર, રખડી.

ગુજરાત જોયો મેવાડ જોયો, જોયું રજપુસ્તાન,
પ્રશ્ન કેરી વાત સુણી સૌ, આડા દેછે કાન, રખડી.

બરડો જોવો બાકી રહ્યો, જોઈ કહું દરબાર.
મહારાજા કંઈ મળે ન એવો, પ્રશ્નોતર નિરધાર, રખડી.

તમામ રજવાડા અનેક દેશો જોઈ જોઇને આ પગ તો જાણે સુણી થાંભલા થયા ગુજરાત, મેવાડ, રજપુસ્તાન, કાઠીયાવાડ તમામ ઠેકાણે મોટા મોટા રાજાઓની કચેરીમાં પ્રશ્ન આપ્યો પરંતુ વાંચી વાંચીને માથું ધુણાવી નિરાશ થઈ પાછો આવે છે। હવે ફક્ત બરડો જોવો બાકી છે તો યાં થઇને પછી બાલંભે જઇ મહારાજાને કહું કે આપની મરજીમાં પડે તો વર્ષાશન આપો પરંતુ આવું કામ મારાથી બને તેમ નથી કારણ બાઇડીના તો હવે રહ્યા નથી. (જાયછે)

અંક ૨ જો.

પાત્રો.

ચોપદાર......................છડી પોકારનાર
વિવેકસાગર......................શીયાજીનો પ્રધાન
શીયોજી......................ધુમલીનો રાજા.
હલામણ......................શીયાજીનો પુત્ર.
વાંરાંગના......................નાચ કરનાર સ્ત્રી—નાયકા.
સોમ્યદેવ......................બાલંભેથી પ્રશ્ન લઇ આવનાર બ્રાહ્મણ.
ભાણજી......................હલામણનો મીત્ર એક ખવાસ.
સોન......................બાલંભાના રાજા રાજસીંહની પુત્રી—હલામણની સ્ત્રી.
પાર્વતી......................સોનની માની દાસી.
કેસર......................શીયાજીની દાસી.

પ્રવેશ ૧ લો.

સ્થળ શીયાજીની કચેરી.

પાત્રો—શીયાજી—વીવેકસાગર—વારાંગના—સોમ્યદેવ—પ્રતીહાર.

પ્રતિહાર—આસ્તે કદમ મુલાકાસ્તે કદમ આજુસેં બાજુ સોનેકી છડી રૂપેંકી મશાલ હીન્દુપતી છત્રપતી ગૌબ્રાહ્મણ પ્રતિપાળ મહારાજાધિરાજ શીયાજી જેઠવાને ઘણી ખમાં નજર રખો મહેરબાન સલામ. (શીયોજી સીહાસન ઉપર બેસે છે.)

વિવેકસાગર—મહારાજા વંદન કરૂંછું.

શીયોજી—પ્રધાનજી આશિર્વાદ.

હલામણ—પીતાશ્રી પ્રણામ કરૂંછું.

શીયોજી—કલ્યાણ ! મસ્તુ.

પ્રતિહાર—મહારાજ વાંરાંગના ઇદર આનેકુ રજા મંગતી હે.

શીયોજી—અચ્છા ! ઉસ્કુ આનેદો.

વારાંગના—નામદાર યહ છોકરીઆં આપકું કુરનસ કરતી હે.

શીયોજી—આશિર્વાદ અચ્છા તુમ કહા રહેતે હો ઓર કહાંસે આતે હો.

વારાંગના—સરકાર હીંદુસ્તાનમેં રહેતીહુ ઓર માલવેસે ફીરતી ફીરતી આપકા બ્યાન સુનકે ઇદર આઇ હું.

શીયોજી—અચ્છા તુમેરા ગાનતાન હોને દો.

વારાંગના—જેસા હજુરકા હુકમ.

રાગ—આનેકે તેરે પાસ કરૂં કયામે બહાના.

આ જીવકે મેરે પ્યાસ લગી, ત્યાસ સુધાના,

ત્યાસ સુધાના મેરા મન બુધાના, આ જીવ. ટેક.

ચંદ્રચકોર દેખકે હોતે હે દિવાના,

એસે મુજકુ નાહી મીલે પ્યારા દિલ દુકાના, આ જીવ.

એક બખ્ત એસા દેખું રંગ મહેલાના,

આ રૂપ માહી રેલ કેસે દેખું નૃપ નિધાના, આ જીવ.

શીયોજી—અચ્છા તુમેરા સુર બહોત સરસ હે પ્રધાનજી આ વારાંગનાને દોસોસોના મહોરકી ચીઠી ભેજ દો.

વિવેકસાગર—બહુ સારૂ મહારાજા (લખીને આપે છે).

વારાંગના—અમર કળા રાજેંદ્ર ! આપકા જય હો.

પ્રતિહાર—ખુદાવીંદ કોઇ બમન ઇદર આનેકુ રજા મંગતાહે.

શીયોજી—અચ્છા ઉસ્કુ બી આને દો.

સોમ્યદેવ—(પ્રવેશ કરી) અમર કળા ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ મહારાજનો જય થાઓ. જય થાઓ.

શીયોજી—મહારાજ આપ કયાં રહો છો.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! હું બાલંભાના મહારાજા ધિરાજ રાજસીહનો રાજ્ય ગોર છું, મારો વૃતાંન્ત બહુ મોટો છે જે સાંભળવાથી આનંદ પામી પાછળ નિરાશ થવું પડે છે.

શીયોજી—મહારાજ એવો શું ! છે કહો જોઇએ.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! શુરવીર રાજસીહ મહારાજાને એક અતી રમ્ય ! સૌંદર્યવાન ! શશિ સમ પ્રકાશિત ! કામ કળાને જીતી લજ્યા પમાડનાર ! પ્રેમ પાસમાં પડેલા શુરવીરોને વિરહાગ્નિથી તાપનાર ! દેવાંગના સમ પુત્રી છે તેનું વેવિશાળ કરવા માટે આજ બે વરસથી અનેક દેશો રખડી રખડીને પગ પણ ઘસાઇ ગયાં પરંતુ વિચાર કોઇ ઠેકાણે પાર પડતો નથી.

શીયોજી—તેનું શું કારણ !

સોમ્યદેવ-મહારાજા ! કુમારીકાએ એક એવું નિયમ લઈ આ પ્રશ્ન લખી આપ્યો છે તેનો ઉત્તર દેનાર કોઈ મળે તો તેમની સાથે પાણી ગ્રહણ કરવા નિશ્ચય કરેલ છે પરંતુ તેવો કોઈ મળતો નથી જેથી નિરાશ થઇ પાછા પગ ભરવા પડે છે હવે આપ નામદાર પાસે આવ્યો છું જેથી પ્રશ્નનો ઉત્તર આપી મારી પગ પનોતી ઉતારી આપ તે અનુપમ કન્યા સાથે પાણી ગૃહણ કરી સુખ વિલાસ ભોગવશો બાકી તમામ રાજાઓ તો પ્રશ્ન વાંચી માથુ ધુણાવી નિરાશ બન્યા છે તેથી લાચાર થઇ કીર્તિના કીરણો પકડી આપ નામદારની પાસે આવ્યો છું તો આપ મનકામના પરીપુર્ણ કરસો એવી આશાછે.

શીયોજી—વારૂ! ત્યારે તમોએ તે કન્યાને નજરે દીઠી હશે.

સોમ્યદેવ-જી ! હા! તેણે શાસ્ત્રાભ્યાસ મારાજ હાથ નિચે કરેલછે

શીયોજી—ત્યારે તેમના રૂપનું વર્ણન કહો જોઇએ કેવું છે.

સોમ્યદેવ—સાંભળો મહારાજા મોહમાં મરત બનાવે તેવું છે.

રાગ મનહર.

હાલ માલ હંસ જેવી, કટીક કેસરી જેવી;
ભમર ભાળીને ભાગે, જાણે રામબાણ છે.
આંખ અણિઆળી કાળી, અંગુળી ચંપ નિહાળી;
જોતાં જોતાં રસિકના, મન હરખાય છે.
એડીઓ છે ગોળ લાલ, નારંગી સમાન સારી;
નકી સોન નિહાળીને, મુર્છીત પમાય છે.
શુક મંત્ર નાક ધારી, નખ રત્ન જો નિહાળી;
મુખ ચંદ્ર શોભીતમાં, ગુલાલ ગાલ વાળી છે.
અંબોડો અહી સમાન, અહી વલી પત્ર પેટ;
દુનિયામાં દેવાગનીએ, ચિત્ર દરશાવ્યું છે.
પુન્યશાળી નર હોય, પણ નહી મળે કોય;
પ્રશ્નોત્તરે પ્રેમદા, જરૂર વેહેચાય છે.

શિયોજી—વાહ! બહુજ સુંદર ! વારૂ ! લાવો જોઇએ શું સમશ્યા લખી મોકલી છે.

સોમ્યદેવ—જી! લ્યો! આપની મને પુર્ણ ખાત્રી છે કે તે પુરેપુરો પારખી આપશો (આપેછે)

શિયોજી—(લઇને) પ્રધાનજી બહુજ ગુહાર્થ છે કંઇ સમજ પડે

તેવું નથી, વાહ! કેવા સુંદર ! અંક પાડયા છે, જાણે મોતીએ ચોક પુર્યો હોય નહી (એમ કહી ઘણી બારીક નજરથી તપાસ કરેછે પ- રંતુ સુજ નહી પડવાથી નિશ્વાસ નાખી) ઓ હો; પ્રધાનજી ! કંઇ સમજ પડતી નથી તમારૂં ધ્યાન પડે તો જુઓ જોઇએ (આપેછે)

વિવેકસાગર—(લઇને તપાસેછે તે પણ મસ્તક ધુણાવી) ના ! ના ! મહારાજા મને પણ કાંઇ સમજ પડતી નથી તેના લખેલા પ્રશ્ન ઉપરથી મહા વિદ્વાન જણાય છે.

શિયોજી—ત્યારે શું ! તે કોમળાંગી નહી મળવાની ! (એમ કહી વિચારમાં પડે છે તે થાકીનારે) વારૂ ! સભાસદોને બતલાવો જોઇએ કોઇની અકલ પહોંચે છે.

પ્રધાન—હા મહારાજા તેનું કાંઇ જોવું નહી.

સોમ્યદેવ—કચરાની અન્દરથી પણ રત્ન હાથ આવે ખરૂં.

(પ્રધાન લઇ સભામાં આપે છે તે પણ ધ્યાન નહી પડવાથી સર્વે મસ્તક ધુંણાવી પાછું પ્રધાનનાજ હાથમાં નિરાશ થઇ આપેછે)

શિયોજી—પ્રધાનજી તે પદમણીનું સ્વરૂપ સાંભળી મારૂં મન તે કોમળાંગીને ભેટવા ઘણુંજ આતુર થઇ ગયું છે પરંતુ લાચાર કે તે ગુઢાર્થવાળા પ્રશ્નનો મારાથી ઉત્તર આપી ન શકાયો એટલુંજ નહી પણ આખી રાજ્યસભાના સર્વ માણસોને દીગમુંઢ બનાવી દીધા.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! સર્વ સભાસદો સહી આપે ચિંથરા ફાડયા જેમ કર્યું. પત્રને ચોળી ચોળી તાવ લાવી નરમ પાડયો પરંતુ (હલા મણ તરફ આંગળી કરી) આ દેખીતાજ શુરવિર મહા વિદ્વાન પ્રા- ક્રમી જણાય છે તો તેને દર્શન પણ થવા ન દીધાં જેથી કૃપા કરી તેમને તો બતાવો કે પછી ખાત્રી થાય, નહી તો પછી રજડયા ભોળા રજડયા.

શિયોજી—કેમ ! હલામણ તું જવાબ દઇ શકીશ ખરો કે ?

હલામણ—પુજ્ય પીતાશ્રી આપની મરજી હોય તો તપાસી જોઉં

શીયોજી—(સ્વગત) ચાતુર્યનો ચિતાર ! નકી પ્રશ્ન પુરો કરશેજ! પરંતુ આગળ શું બને છે. તે જોઇ લઇશ (ચાસન) પ્રધાનજી હ- લામણને પ્રશ્ન પત્રીકા આપો એટલે તેનો પણ અહંકાર ઉતરી શાંન્ત પડી જાય.

વિવેકસાગર—બહુ સારૂં મહારાજા (આપે છે)

હલામણ–(લખ વાંચીને) કેમ ! બ્રહ્મદેવ ! પ્રશ્ન જરૂર પારખવોજ છે કે !

સોમ્યદેવ–કુમાર શ્રી આપના ચાતુર્ય ચિતારનો પુર્ણ વિશ્વાસ છે કે આ વિપ્રનું સંકટ દુર કરી આપ પદમણીના પ્રેમમાં સુખ પામશોજ.

શીયોજી–કેમ! હલામણ શું પ્રશ્ન છે ! હાલ વગર વિચાર્યો જવાબ આપીશ નહીં ?

હલામણ–સામળો પીતાશ્રી તેમનો પ્રશ્ન.

દુહો.

ધણ વણ ધડયાં એરણને અડયાં નહીં.

પીતાશ્રી આ તેમનો પ્રશ્ન છે તેનો ઉત્તર આપ મુરબ્બીની આજ્ઞા હોય તો પુરો કરૂં.

શીયોજી—(સ્વગત) જયારે હલામણ જવાબ આપશે ત્યારે કન્યા તો તેનેજ મળવાની ! અને હું કામાતુર થયેલ વીરહાગ્નિથી વ્યાકુળ થઈ સદાકાળ શોક સમુદ્રમાં ડુબી પશ્ચાતાપ કરવાનોજ ! ખરે ! ત્યારે શું ? કદાચીત પ્રશ્નનો ઉત્તર પુર્ણ ન થાય તો તે કન્યાના પ્રેમ પ્રારતું આલીંગન થાય ખરૂં કે ! ના ! ના ! કદીજ નહી ? અરે ! તેણે તો ક્ષત્રીની માતુશ્રીનો તોલ નકી કરવા કામી પુરૂષોનું મન હરણ કરવા આ પ્રશ્ન રચેલ છે. ચાતુર્યનો ચિતાર દર્શાવી વીર પુરૂષોની પરીક્ષા કરવા જે પશ્ન બહાર પાડયા છે તે મારાથી ન પરખાતા શું પ્રાપ્ત થાય ખરૂં કે ! ના ! ના ! કદીજ નહી ? અરે । ત્યારે શું કરવું (વિચાર કરી) ઠીક હાલતો હલામણને જવાબ આપવા દેવોજ પાછળથી વિપ્રને બોલાવી શામ–દામ–ડંડ દઇ ખુશી કરી હલામણને બદલે અંદર મારૂ નામ લખલ કરીશ એટલે મેંજ પારખ્યો છે તેમ જણાશે જેથી નિર્વીઘ્ને મારૂં કામ પાર પડવાનુંજ પરંતુ કદાચીત તેમાં વિઘ્ન આવે તો અરે તો પછી કામમાર્યુ જવાનું અને વળી આબરૂજાય તે જુદી માટે એને તો પ્રશ્ન નજરે પણ થવા ન દેવો.

સોમ્યદેવ—કેમ રાજેન્દ્ર શો વિચાર કરો છો (સ્વગત) લંકા લુંટાય છે તેમાં આ બિચારા હલામણનું શું ગજુ ! મલે મલના સુખમાં દારીદ્રિ કદી ઢ્રાવેજ નહી, સીહની લડાઇમાં શીયાળ ઢ્રાવે નહી

વળી રત્ન જેવું અમુલ્ય નાણું પ્રજા પાતનાં હાથ આવે નહી કદા-ચીત આવે તો કાંઈ માટીના વાસણ ઉપર શોભા હોય નહી ! ત્યારે હું આખો મુલક ભમી ભમી પગના સાત તળીઆ અને ચાંબડાની એકવીશ મોજડી ફાડીને અત્રે આવ્યો તો શું ! આના જેવા કોઇ બહાદુર દુનીયા ઉપર નહી હોય ? અરે તે કેમ મનાય. બુંદી કોટા, અજમેર, જોધપુર, જેપુર, ચીતોડ વીગેરે રજવાડાના રાજાઓ શું

કાચા છે ? કે તેમનાથી જવાબ આપી ન શકાયો ! અને અહીં આ તળીઆ જેવું હલામણું આવશે ! અરે ઠીક છે એ તો, તે પણ થોડીવાર ચીંથરા ચાળવી વેઢા ગણી હમણા વીલું મોઢું કરી પાછો આવશે એટલે હું મારે રવાના થઈ ગોરાણી ભેળો થઇ જાઉં પછી “ વર મરો, કરો મરો, પરંતુ ગોરની શાખનું કરો ” કંઇ નહી તો પણ પાંચસો રૂપીઆ કહીશું કે રસ્તામાં ખરચીના વધારે થયા તે આપો એટલે તેમનાથી ના નહી કહેવાય, ઠીક તેની પછી વાત એક વખ્ત આ ગમતનું થવા ધો (આસન) મહારાજા આપો આપો હવે હલામણને રજા આપો.

શીયોજી—મહાદેવ એતો બાળક છે તે શું જાણે તેને કાંઇ આ-પની જરૂર નથી નાહક તેની આબરૂને શા માટે ખલેલ પહોંચાડવી છે.

સોમ્યદેવ-(સ્વગત) રાજાની દાનત નકી બગડી દેખાય છે ન-હીતર શામાટે ના પાડે ! પોતાની આબરૂ ગઇ તેનું કાંઇ નહી અને તે પારખી ન શકે ને આબરૂ જાય તેની ચીંન્તા તેને શા કારણથી થાય ! નકી આ પ્રશ્ન હલામણ પુરો કરશે માટે ગમે તેમ કરી હ-લામણ પાસેજ જવાબ અપાવવો (આસન) રાજેન્દ્ર મારા જોવામાં હલામણ જવાબ નકી આપી શકશે કારણ ! હે પીતાજ તેનું સ્વરૂપ કહી આપે છે માટે આપ હુકમ આપો એટલે તેની મનોવૃતી સફળ થાય અને મારી પનોતી ઉતરે.

શીયોજી—મહારાજ તેમાં બહુ અડચણ છે અમારા રાજ્યની રીતમાં આપ ન સમજો કારણ ! રાજ્યનો પ્રકાર ઘણો જુદો છે.

સાખી.

વગર વિચાર્યું કરતા, થાય હાંસી પુત્ર મારો પ્યારો લાજે,
તેથી તેને નહી દેવો, આપ પધારો ખાનગી મહેલ મારે કાજે,
મહારાજ કદાચીત તે પારખી ન શકે તો સભામાં હાંસી થાય

અને તે બાળકને શરમાઇ જઇ નીચું જોવું પડે.

સોમ્યદેવ—રાજેન્દ્ર ત્યારે જે વખતે સભા પારખી ન શકી ત્યારે કોઇએ હાંસી કરી નહી. તેમ શરમાણા પણ નહી. ત્યારે હલામણ પારખશે ત્યારે હાસી કેવી રીતે અને કોણ કરશે કે તેને શરમાવું પડશે નહી નહી તદન જુઠુ છે ! આપો હલામણને હવે વાર નહી લગાડો !

શીયોજી—મહારાજ તમો કહો છો તો હું ખુશીથી આપીશ પરંતુ તેમને પસંદ નથી. પછી તમારી મરજી.

સોમ્યદેવ—તમોને પસંદ નથી તો મનેછે તમારી મરજી નથી તો મારી છે માટે આપો હવે નકામો વખત ન કાઢો.

શીયોજી—(સ્વગત) મહારાજે હઠ બરાબર લીધીછે તે કોઇ કાલે મુકે તેમ નથી અને હલામણ જવાબ આપ્યા વીના રહે તેમ નથી પણ ઠીક છે ગોરને બોલાવી જે હું મારૂં કામ નકી કરીશ. એટલે પછી શો ડર છે માટે રજા આપું (આસન) હલામણ તારા ધ્યાનમાં આવે તો ખુશીથી પુર્ણ કર તને રજા છે.

હલામણ—જેવી પીતાશ્રીની આજ્ઞા (સોમ્યદેવને) કેમ વિપ્ર વર પ્રશ્ન જરૂર પુરોજ કરવો છે કે.

સોમ્યદેવ—કુમારશ્રી આપનો પુર્ણ ભરૂસો છે કે આ વિપ્રનું સંકટ હવે દુર કરશો.

હલામણ—(લખીને) લ્યો પત્ર તેની અંદર જવાબ સહીત હકીકત લખી છે.

શીયોજી—(લઇને) પ્રધાનજી વાંચો જોઇએ શું ! લખ્યું છે (આપે છે)

વિવેક સાગર (લઇને વાંચે છે) સાંભળો મહારાજા.

અતિત્વ પણાને ધારણ કરનારી અનેક શાસ્ત્રોનું અવલોકન કરી પુર્ણ વિદ્વતાને પ્રાપ્ત થયેલ કુમારીકા સતી સોન.

મુ. ત્યાળંબાનગરમાં રહસ્ય સ્થળ.

તમારો સહજ જાણી શકાય તેવો પત્ર પરંતુ અજ્ઞાનતાનું આંધળાપણું દરશાવનાર.

દુહો.

ઘણુ વણુ ઘડયા એરણને આડયાં નહી.

એ સમસ્યા તમારો રાજ્યગોર સોમ્યદેવ પારખવા માટે અત્રે લાવતા.

દુહો.

સરવણ સ્વાંત તણા, મળે તો મોતી નીપજે.

એ ઉત્તર આપેલ છે તો તે વસ્તુ વિશે પ્રીતી હોય તો નીચે પ્રમાણે વાકેફ થશો.

દુહો.

માતા મેરામણ વસે, પીતા વસે કઇલાસ.

જુના જોઇએ તો મોકલું, નવા આશ્વિન માસ.

હાલ જુના જોઇએ તેટલા ખીલકમાં છે તો બે ધડક મંગાવી લેશો નવાને માટે પ્રીતી હોય તો આશ્વિન માસ સુધી વિચાર મુલતવી રાખવો એજ.

લી.

પ્રેમના પ્યારનો ઇન્તેજાર.

હલામણ વી. શીયાજી જેઠવા.

મુ. ધુમલી.

સોમ્યદેવ—વાહ ! વાહ ! ધન્ય છે ? ધન્ય છે ! ધન્ય છે તમારા માત પીતાને અને ધન્ય છે તમારી માતુશ્રીને ઘણા દીવસથી ધનામની આશાએ તૃષ્ણાતુર થયેલ વિપ્રના દાળીદર ટળશે ! સાધુબ્રાહ્મણને મોજુ મળશે ! ભવની ભાવઠ ટળશે અને પ્રશ્ન પારખનાર કુમારશ્રીના મનોરથ સરશે ! એટલે અસ્ત થયેલો સુર્ય પાછો વળશે.

શીયોજી—(સ્વગત) અહા ? કેવું વિપરીત કાર્ય થયું જ્યારથી આ વિપ્ર પાસેથી પદમણીના શૃંગારનું વર્ણન સાંભળ્યું ત્યારથીજ કોમળ કાંન્તાએ મારૂં ચીત્ત ચોરી લીધું છે.

પ્રશ્ન તો હલામણે પારખ્યો ત્યારે હવે મારૂં કાર્ય કેમ સીધ થવાનું પરંતુ કાંઇ ચિન્તા નહી (આસન)

બ્રહ્મદેવ આપ આજરાત્રે નવ વાગતા મારા એકાન્ત મહેલમાં દાનિનો લાભ દેવા પધારજો ત્યાં હું તમોને સારી રીતે શીખ આપી ખુશી કરીશ.

સોમ્યદેવ—રાજેન્દ્ર બહુ સારૂં.

શીયોજી—પ્રધાનજી આ ગોર મહારાજને માટે શીધા સામાન નો બંદોબસ્ત કરી આપો હું અંતઃપુરમાં જાઉં છું.

વિવેક સાગર—જેવો મહારાજાનો હુકમ.

પ્રતીહાર—કચેરી બરકાસ્ત પે નિગ્રા રખો મહેરબાન સલામ.

પ્રવેશ ૨ જો.

સ્થળ શીયાજીનું વિચાર ભુવન.

પાત્ર—શીયોજી—સોમ્યદેવ.

શીયોજી—(સ્વગત) રાગ. ડરમાંતુ દીલ સાથ છોકરા.

મળવાને ચિત્ત ચાય, પદમણી, મળવાને ચિત્ત ચાય.
થયો વ્યાકુળ હું તુંજ માટ, પદમણી મળવાને ચીત ચાય. ટેક.
સ્વરૂપ તારૂં, ક્યારે નિહાળું, જો નહી મળે તો જીવિત હારૂં,
અધામ્રત આરોગી સુધારૂં, " હલામણ તો ફક્ત કહેવાનો છે ",
આપું નામ કાગળની માંય, હારે, આપું નામ કાગળની માંય,
પદમણી૦

અહાહા ! ! ! જ્યારથી મેં બ્રહ્મદેવ પાસેથી પદમણીના સ્વરૂપનું વર્ણન સાંભળ્યું છે ત્યારથીજ તેણે મારૂ તન મન ધન હરણ કરી લીધું છે, આહા ! ! કેવું સુંદર સ્ત્રીનું વર્ણન ખરેખર ! એવી નવ યોવના સ્ત્રી સાથે સંબંધ નથી થયો ત્યાં સુધી આ જીંદગીને ધીક્કાર ! છે પૃથ્વી પટની અંદર પ્રખ્યાત પામેલી સ્ત્રીયોથી વિશેશ આનંદ પમાડનાર પદમણી સોન વિનાનું જીવિત ધીક્કારછે ! તેટલા માટે મારૂં કાર્ય સિધ થવાને ખાતર વિપ્રને સારી રીતે દ્રવ્ય આપી લાલચથી ભોળવી પત્રની અંદર મારૂં નામ દાખલ કરૂં એટલે મનોવૃત સફળ થાય અને પદમણીના પ્રીતનું આલીંગન જલદીથી થાય.

સોમ્યદેવ—મહારાજા શા વિચારમાં પડયા છો.

શીયોજી—વિપ્રવર બેશીએ આ આસન ઉપર.

સોમ્યદેવ—(બેશીને) રાજેન્દ્ર હવે મને શીખ આપો એટલે પ્રભાત થતાં હું વહેલો બાલંભાનો રસ્તો પકડું જેથી ત્યાં કુમારીકાનું મન ઉચાટ થયેલું શાન્ત થાય.

શીયોજી—બ્રહ્મદેવ એમ ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી. થોડા રોજ સુખેથી રહો.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! આજ બરોબર બે વરસમાં સાડાત્રણ દી·

વસને પા સેકન્ડ ઓછી રહી છે જેથી તેટલીજ મુદતમાં ત્યાં જઇ મહારાજા સહીત કુમારીકા રાહ જોઇ બેઠા હશે એટલે તેમને જઇને આ ખુશ ખબર આપું જેથી તે પણ આનંદમાં વૃધી પામી શુભ કાર્યનાં વાજાં વજડાવી લગ્ન નિર્વિઘ્ને પુર્ણ કરે.

શીયોજી—વાહ! ત્યારે આપના સરખુ મારે કામ પડયું છે તે મને આપનો પૂર્ણ વિશ્વાસ છે કે આપ પાર પાડશોજ (એમ કહી સોના મહોરની થેલી પગ આગળ મુકી) લ્યો આ એક નાની સરખી ભેટ સ્વીકારશો વળી આપના મુખની અંદરથી જે વચન નિકળશે તે પાળવાને માટે હું તૈયાર છું પરંતુ મારૂં જીવીત તમારા હસ્તમાં છે તે સુધારી સુખી કરશો.

સોમ્યદેવ—રાજેન્દ્ર! એવું મારા સરખુ શું કામ છે ફરમાવો તો ખરા.

શીયોજી—બીજુ કંઇ નહી જ્યારથી આપે પદમણી સોનના વખાણ કર્યા ત્યારથીજ મેં તેની સાથે વરવાનો નિશ્ચય કર્યો છે પરંતુ પ્રશ્ન હલામણે પારખ્યો તો લાચાર છું જેથી આપ લી. માં હલામણનું નામ છે તેને બદલે ચેક મારી ફકત મારૂંજ નામ રહેવા દેવાની જરૂર છે તેમાં આપને કશી અડચણ આવે તેમ નથી.

સોમ્યદેવ—(જરા ક્રોધાતુર થઇ) રાજેન્દ્ર! તેવું આપ નામદારના મુખમાંથી અઘટીત વચન નિકળતું વાજબી નથી કારણ હલામણ આપનો પુત્ર છે કોઇ બીજો નથી વળી તેનીજ પુર્ણ કરેલ શમશ્યામાં આપ નામ બદલાવી દુષ્ટ વિચાર પાર પાડવા મનસુબો કરો છો તે સુર્યમાં અંધકાર માનવા તુલ્ય છે. વળી મહારાજા રામસીંહે પુર્ણ વિશ્વાસ રાખી મને કામ સોંપ્યું છે તેમાં હું ફારફેર કરૂં તો સ્વયં પ્રકાશીત પરમેશ્વરની અદલ કોર્ટમાં ખોટા જવાબથી છુટવાની બારી ન રહેતાં નર્કમાંજ નિવાસ થાય, વળી મહારાજા રામસીંહને કાને આ છુપી વાત જાહેર થાય ત્યારે મારા શા હાલ કરે અરે! સોન તો મને જીવતો પણ જવા ન દે, માટે આપ કૃપા કરી તેવા કૃતઘ્ની વિચારમાં આપનું કાર્ય સિદ્ધ થવા અને મારો ઘાટ ઘડવા જે મનસુબો ધાર્યો છે તે કદી પણ વાત બને તેમ નથી.

રાગ. આ શું શરમ મુકોને ધરમ ચુકો.

અરે રાજન વિચારો, ને દીલ ધારો, ધર્મ ધ્યાન મનમાંહે ઉતારો

નહી સારૂરે, મન મારૂરે, અંધારૂ અવની શું વધાર્યુરે
ત્યાં મારૂં શું થાય, અવિચારી કર્મ હાય, સમુદ્ર મુકે માય
અંધકાર થાય, નહી થાય, શું ! રે થાય, સુજે શું ! રે ઉપાય,
અરે રાજન.

મહારાજા આપ દીલમાં ન્યાયનીતિથી વિચાર કરો કે અનીતિ કર્મથી સારૂ થતું નથી પછી આપની મરજી.

શીયોજી—(સ્વગત) કામદેવ કંઇ નરમ તો પડયા જણાય છે (આસન) મહારાજ તેની તમારે કશી હરકત નહી (એમ કહી બીજી થેલી આપે છે) મહારાજ લ્યો હવે જલ્દી કરો અને હલામણના નામને ચેક મારી ફકત મારૂંજ નામ રહેવા દીઓ જેથી મારો વગ્ર થયેલો આત્મા આનંદથી વૃદ્ધિ પામી થોડા દીવસમાં મન કામના પુર્ણ કરે.

સોમ્યદેવ—(સ્વગત) ઠીક છે જેમ થાય તેમ થવા દો (આસન) રાજેન્દ્ર કદાચીત હલામણને ખબર પડે તો સોનને જાહેર કરે ત્યારે તમારૂં કાર્ય કેવી રીતે સીધ થવાનું તે વિચાર આપને પ્રથમ કરવાનો છે.

શીયોજી—(સ્વગત) વિપ્ર કહે છે તે ખરી વાત છે વીઘ્ન આવે ખરૂં. (આસન) મહારાજ તેનો તો હું યોગ્ય બંદોબસ્ત કરીશ કે તેને કદી પણ આ વાતની જાહેર ન થાય.

સોમ્યદેવ—વાહ ! વાહ ! રાજેન્દ્ર ! મહા ન્યાય નિપુણ અને શાસ્ત્ર સંપન્ન એવા હલામણના પુજ્ય પીતાશ્રીને કંઇ કહેવું તો ન પડે.

શીયોજી—મહારાજ ત્યારે હવે શી વાર છે પછી કોઇ દેખે તો વાત જાહેર થાય.

સોમ્યદેવ—રાજેન્દ્ર ! અકાર્ય કૃત્ય કરતા ડર બહુ લાગે છે પરંતુ આપના અત્યાગ્રહને લીધે ના કહી શકાતી નથી (સ્વગત) બે કોથળી સોના મહોર તો પ્રથમથીજ આવી છે વળી એકાદી બે માગી લઇશું કમાં અત્યારે ના પાડે તેમ છે એટલે ચાર હજાર સોના મહોર આપશે કે ચારસો પેઢીનું સાજું ! કદાચીત રાજસોંજને ખબર થશે તો બીજા રજવાડામાં જઇને રહીશું તોપણ શું ! પરંતુ આ " ઘર બેઠા ગંગા " આ મારે ન નાવું. (આસન) લ્યો

રાજેન્દ્ર (ચીઠી કાઢીને) આ હલામણને માથે ચેક ! કો હવે એક ફક્ત આપનુંજ નામ રહ્યુંને બોલો કાંઇ છે ! હવે તો આ ગોરને દક્ષણા આપી રાજી કરી રજા આપો એટલે બસ.

શીયોજી—બસ બસ ! એજ (બીજી બે કોથળી લાવીને આપે છે) લ્યો મહારાજ થાઓ રાજી હવે સવારમાં વહેલા સી- ધાવી અમારા કામમાં મદદ કરજો વળી તમને પાછળથી લગન વં ખતે રાજી કરીશું.

સોમ્યદેવ—રાજેન્દ્ર હવે રજા લઉં.

શીયોજી—પધારો બ્રહ્મદેવ.

સોમ્યદેવ—બહુ સારૂ (ચાર થેલીનો ભાર થવાથી લથડીઆ ખાતો) ઓય મારા દીકરાનું વજન દેખાય છે (એમ કહી ઠેબા ખાતો પછડાતો જાય છે.)

શીયોજી—બસ હવે ફત્તેહ ! કામ નકી પાર પડવાનુંજ. વી પ્રને પૈસા મળ્યા કે શુધ પણ ભુલી ગયો, હવે ફક્ત હલામણને બોલાવી એવો પ્રપંચ રચુ કે તે શુર રહીત શાન્ત થઇ જાય કે તુરત દેશવટો આપું જેથી કોઇ વિઘ્ન કરતા રહેજ નહી, પછી પ્રાણુ પ્યારી પ્રેમદાના પ્યારમાં ભોગ ભોગવી તેની અલોકીક આ- કૃતિ મૃગનેણી શશિવદની સુંદરીને ભેટી વિરહાગ્નિ શાન્ત પાડુ ચાલ હવે એજ કાર્ય કરૂં, અરે ! પણ જ્યારે ધર્મમુર્તી હલામણ પોતાના પર કલંક વાદળાનો ખોટો અપરાધ સાંભળશે ત્યારે કેવો પરીતાપ કરશે ! હે મન ! હવે શા માટે વિચાર કરે છે ? કદાચીત તે દેહ ત્યાગ કરે તોપણ શું ? પ્રાણ પ્યારી સોનથી આ અવની ઉપર મારે કોઇ વધારે નથી તો પછી વિચાર શો કરવો ? ચાલ જીવ ! હીમત ધર એમને એમ વિચાર કરીશ તો તારૂં કાર્ય કદી સુધરવાનું નથી. વળી શું ? હું શાસ્ત્રથી વિરૂદ્ધ કરૂં છું ? ના ના ! કારણ

રાગ.

મારે વરવાનું છે મન મારે વરવાનું છે મન.
મેળવું સોન રતન, મારે વરવાનું છે મન. ટેક.
વાલી વાળા શું તે પરણે, કરી કોટી યતન
પીતાને પ્યારી તુ પરણે, પલમાં કરૂં પતન, મારે
જનાને જરૂખે બેસી, પ્યારી કરે ખનખન,

સુંદરી કેરૂં સુખ નજરે, દેખી થાઉં મગન, મારે
સતી સોન રજા આપશે તો, જઇશ રાજ્યાસન
નહીતર તેના સામું જોઇને, બેસું એક આસન, મારે
હરામી હલામણુ તેમાં, ભટકી રખડે વન .
પીતાની પ્યારીને પરણે, પછી શાનો તન, મારે

અરે પીતાની પ્યારી વસ્તુનો તે ઉપયોગ કરે ત્યારે પછી તે પુત્ર શાનો! તે તો ખચીત દુસ્મનજ કહેવાય તો પછી દુસ્મનને ઘટતી સજાએ પહોંચાડવો તેમાં વિચાર શો કરવો? કારણ ભોજ પ્રબંધમાં કહ્યું છે કે

श्लोक.

जातमात्रं तमःशत्रु व्याधिच प्रशमनयेत
आति पुष्टांग युक्तोपिस प्रश्चात्तन हन्यते.

તેનો અર્થ એવો છે કે શત્રુ અને રોગ ઉત્પન્ન થતા દબાવતા નથી તો પછી વધવા માંડે છે ને પાછળથી પસ્તાવો થાય છે માટે જેમ બને તેમ ઇલાજ લેવો.

આ સંસારમાં સુંદરી એજ સુખની ખાણુ છે. જેના આગળ રાજ્ય સમૃદ્ધિ એક તુચ્છ સમાન છે જેને પદમણી રૂપી રત્ન આ અવનીમાં મનુષ્યાદેહ ધરી પ્રાપ્ત નથી થયું તો તેના જીવતરને ધીકકાર છે? અને જ્યારે તેવું સૌંદર્યવાન રત્ન આજે અચાનક ભેટે છે ત્યારે શું! મારે તેમનાથી પ્રીત ન કરવી અરે! ખરેખર ગમે તેમ કરી તે પદમણીને પ્યારમાં લેવા જેટલા યત્ન કરવા પડે તે તેમના ઉપર કુરબાન છે કદાચીત તે કાર્યમાં મારા જીવની હાની થાય તો પણ શું! પ્યારી કરતાં કાંઇ વિશેશ છે? નહી કદીજ નહી ચાલ ત્યારે કુળદેવીની સ્તુતી કરૂ જેથી આ શુભ કાર્યમાં વિઘ્ન ન આવે.

રાગ—મારી આશા પુરો રાધા રટન આની નાર (૨)
માતા મેર કરો, પ્યારી મેળવવા સાર, (૨)
પ્રીત રહીત પ્યારી વીના થઉં ખુવાર.
• અપ્રામ્રતથી માતા કરો હુંશીઆર. માતા.
પ્રીત પદમણી પ્યારી પ્રેમદા મળતાં થશે સુખસાર, મારી—

હે માતાજી આ શુભ કાર્યમાં તારા વિના બીજા કોઇનો આશરો નથી તો આ ગરીબ સેવક ઉપર કૃપા કરી મારી પ્રાણથી પ્યારી સોનને જલદી નિર્વીઘ્ને મેળવી આપ એટલે હું તારો અહોનીશનો આભારી થઇશ.

રાગ.—સોરઠની ગજલ.

નથી કામ કદળી પ્રીયા જેના પ્યારમાં, ધીક ! તેને આ સંસારમાં.
દીન કાઢે તે દુઃખમાં, બળે ધિર્ય અપારમાં. ૧
વિના ગુણવાન પ્રાણ પ્રીયા, સુનો લાગે મહેલરે.
ચાતુર્ય ચિતાર પ્યારી મળે, સુખ મળે તો સહેલરે ૨

જ્યારે પ્રાણ પ્યારી પદમણી સોનને મળીશ ત્યારેજ મારૂં મન આનંદમાં રહેશે ત્યાં સુધી કોઇ ઠેકાણે સુખથી વિશ્રાન્તી કરે તેમ નથી માટે ચાલ હવે ઝટ યત્ન કરી પ્રાણ પ્યારીને ભેટી આ સંસારનું સાર્થક સુધારૂં (જાય છે)

પ્રવેશ ૩ જો.

પાત્રો—હલામણ—આણજી બને

સ્થળ હલામણનું શયન ગૃહ.

હલામણ—(સ્વગત) આહા ! પ્રીયા ! પ્રીયા ! પ્રીયા ! અરે પ્રાણ પ્યારી સનદને પ્રાણનાથ કહી તારા કોમળ શરીરનું ચુંબન ક્યારે દઇશ, અરે હું ફકત નામથી નિર્મળ પ્રેમ દર્શાવનાર વિહંગનીથી વ્યાકુળ ! કામાગ્નિથી પ્રજલીત થઇ ગયેલ છે ! પ્રાણ પ્યારી તારી ચંદ્રવદની મનોહર કાન્તિનો મેળાપ કયારે કરાવીશ ! અરે ! હું અન્ય પદાર્થ ઉપર પ્રીતી નહી રાખતા ફકત તારૂંજ રટણ કર્યા કરૂં છું, તેનો બદલો રતિને લજ્યા પમાડનાર પ્યારી તું કયારે આપીને દીલ શાન્ત કરીશ આહા ! સોન ! સોન ! સોન ! હે સોન ! સંસાર સમુદ્રમાં રત્ન તુલ્ય સુભાગી પ્રાણવલભા સ્વરૂપના વખાણ સુણી કામાતુર થયેલા એક પરદેશી તારા વિલાસી કાન્તને જોબનનું અમુલ્ય દાન આપી દીલગીરી દૂર કરી શાન્ત પમાડ.

રાગ—સોરઠની ગજલ.

પ્રીયા આવી મળે જે આ સમે, દેદાર દેવાંગના દે મુને—ટેક.
સોન સુજાણ આવી મળો, વ્યાકુળ વગ દુઃખને દળો "
સુંદરી સોબ તારા વીના, ખરે કાજ સુજે નહી મને, પ્રીયા.

હાય હવે પ્રભુ શું ! થશે, જીવજાન વિના જીવતો જશે.
માનુની મન ઉલાસમાં, શાણી શાને રીઝાવો સ્નેહને. પ્રીયા.
હૈયું હાથ રે'તુ નથી, કષ્ટ કામાગ્ની શું કહું કથી
સુખ સાધન આવી કરો, પુષ્પ હસ્ત તારો મેલાવને. પ્રીયા.
ચતુરા ચિત હર્યું તમે, સુણી સ્વરૂપ આ દેહને દમે,
જાએ કામ પ્યારો પ્રીયા, બાણુ આવી મારો કટાક્ષને, પ્રીયા.

હે ! પ્રાણ કરતાં અધિક પ્યારી શશી વદની તારા અમૃત સમાન નિકળતાં બાષણોથી અલ્હાનંદ પમાડનાર સુવર્ની કાન્તિ જેવી તેજસ્વી તેવો વખત ક્યારે આપીશ હે ! સોન સોન સોન પ્યારી સોન સદ્દગુણનું પાત્ર હે જગતનિયંતા પરમેશ્વર તું ક્યારે મેળાવી આપીશ ! પ્યારી ! તારા વિના વિરહાગ્નીથી વ્યાકુળ ફક્ત સ્વરૂપનાં વખાણ સાંભળી આશકમાં અંધ થયેલને હે પ્યારી સદગુણ સુંદરી સોન ! એકદમ પ્રાણનાથ કહી ભેટી પડ નહીતર તારા વિજોગથી તરફડીઆં મારતો આ હલામણ જન્મભુમિની ભર્ત અવનીકા ઉપર હવે વધારે વખત રહી સુખ ભોગવે એવી આશા રહેતી નથી, હે પરમ કૃપાળુ ઇશ્વર આ કાર્યમાં તું સહાય કરજે.

(એટલામાં ભાણુજી તેનો મીત્ર આવે છે)

ભાણુજી—મીત્ર એક મહા વિપરીત કાર્યના અશુભ સમાચાર આપતાં મારી જીભ ઉપડતી નથી.

હલામણુ—આ હા ! મીત્ર એવું શું કાર્ય બન્યું છે જે તું કહેતાં મારી પાસે સંકોચ પામે છે, જે હોય તે એકદમ મારી પાસે જાહેર કર શું ! કાંઇ સોનને તો નથી થયું કે ?

ભાણુજી—મીત્ર પદમણી સોનને તો કાંઇ નથી પરંતુ આ બીજો મહા અનર્થ થયો છે. જે આપ સાંભળવાથી મહાદુઃખના દરીઆમાં આવી પડશો.

હલામણુ—અરે ભાઇ એવી શી હકીકત છે જે હોય તે જાહેર કર વીલંબ ન કર કારણ હવે મારાથી ધીરજ રહેતી નથી.

ભાણુજી—અરે શી વાત કહું આપના પરમ પુજ્ય પીતાશ્રીએ બાલંભાના રાજ્ય ગોરને પોતાના ખાનગી મહેલમાં બોલાવી લાલચ આપી ભોળવી પારખેલા પત્રમાં તમારા નામને બદલે ચોક્ખો ફક્ત શીવાજીનુંજ નામ રહેવા દઇ સોનને મેળવવા અને પો

તાનો દુઃષ્ટ વિચાર પાર પાડવા ચોકસ ઠરાવ કર્યો છે.

હલામણ—આહા ! જગદીશ્વર ! આ શો જુલમ પુત્રની પ્યારી પ્રેમદાને પીતા પરણવાની ઇચ્છા જણાવે અરે ! તે કેવો જુલમ ! (નરમાશ) થી મીત્ર તને તેની ક્યાંથી તે ખબર મળી.

ભાણજી—રાત્રીના દશ વાગતાને શુમારે આપના પીતાશ્રીના મહેલ નિચે થઇને જતો હતો તે વખતે બંનેને બોલતા સાંભળી ઉભો રહયો તો આ અવિચારી હકીકતથી જાહેર થઇ આપને કહેવા માટે તુરતજ અહીં આવ્યો છું.

હલામણ. રાગ મારે મારે તરવાર

પુજય પીતા મહારાજ પણ ખુએછે શું, (૨) ખુએ છે (૩) શું,–પુજ્ય. ટેક
પુત્રની પ્યારી પીતાજી ચીતમાં અધર્મ તેથી બીજોરે શું. પુજય.
જુમંડળમાં ભુપતી આવ્યા, પુત્રી સમાન બહુ પરણે શું, પુજય.
સુર્ય માંહે અંધકાર થવાનો, પૃથ્વી રસાતાળ જાશેરે શું, પુજય.
હાય ઉઠી છે આગ આ અંગમાં, કુકર્મનો કલેશ ધારૂરે હું. પુજય.
હાય છાતિના ટટકા થાયે, પ્યારીના પાસમાં ઝુરૂરે હું. પુજય.
છાતી માંહે શુળા પરોવ્યા, પ્યારી વિનાનો પતિ દુઃખીરે હું. પુજય.
ધર્મ સંકટથી શીશ નમાવું, હાય બન્યો છું અધારો હું, પુજય.
પુત્રની પત્નિ પુત્રી પીતાની, જુલમ દીલમાં ધારેરે શું; પુજય.
પીતાનો ધર્મ પુત્ર વિચારી. છાનો બેશી રહું રે હું, પુજય.

આહાહા !! જગદીશ્વરા તારો કેવો બનાવ, પુત્રની કહેવાયેલી પ્યારી પ્રેમદાને પીતા લુચ્ચાઇ કરી છીનવી લે, અરે ! તે કેવો અધર્મ ! વિષય બુદ્ધિમાં અંધ બની રાજ્યલક્ષણ તથા ક્ષત્રીવટને એબ લગાડી ધર્મનો ત્યાગ કરી ફકત અબળાના રૂપનુંજ માત્ર વર્ણન સાંભળી પુત્રની પ્યારી બલકે પુત્રી બરાબર તે પીતા વિષયબુદ્ધિમાં અંધ થઇ પોતે પ્યારી કરવાનો ઇરાદો રાખે અરે તે કેવું વિપરીત ચીત્ર ! હવે હું શું કરૂં અરે મોટી મુસીબતમાં આવી પડયો. આહા ! અત્યાર સુધી મારા મનમાં જે વિચાર હતો તે કોણ જાણે કયાંએ જતો રહયો અરે ! જે પ્યારીને માટે હું અધીરો બની વાંસના રાખતો હતો તેનો નિચ બુદ્ધિથી પીતાશ્રીએ પ્યારી કરવાનો મનસુબો ચોકસ કર્યો છે ત્યારે હવે મારે શું કરવું. શું ? પીતાથી સામે મારે સમશેર બાંધી લડવું ! અરે ! પણ તે કેમ બને. જેણે

બાલ્યાવસ્થાથી આજદીન પર્યંત ઉછેરી મોટા કર્યા તેને આવો નિચ બદલો આપવો લાજીમ છે? નહી કદીજ નહી તેમ કરવાથી ક્ષત્રીવટને ખોટ લાગે. અરે! પ્યારી અત્યારે તું મને ખરેખર દુઃખનું કારણ રૂપ થઇ પડી. હે! મન! સોનના પ્યારના અભિલાષિ તેને ભેટવાની આશા છોડી બીજો પ્રયત્ન કર કારણ તેમાં તારો કોઇ ઇલાજ હાથ આવે તેમ નથી.

ભાણજી—અરે પણ આવું અઘોર કૃત્ય કરતા મહારાજાએ કંઇ વિચાર નહીજ કરયો હોય.

હલામણ—આઇ મોહનો મહીમા મોટો છે તેનો તો મોટા મુનીવરો પાર પામી શકયા નથી તો મહારાજાની શી વિસાત.

ભાણજી—ઠીક! જેવી પરમાત્માની મરજી.

પ્રવેશ ૪ થો.

સ્થળ બાલંભામાં રાજસીહનો બાગ.

પાત્રો—સોન અને પાછળથી પારવતી.

સોન—અરે! હજુ સુધી મારી પ્રીય સખીઓ કેમ ન આવી ચાલ ત્યારે હું માતાજીની સ્તુતિ કરી લઉ.

રાગ. ધરણીમાં વ્યાપક જળ સ્થળે.

અવનીમાં અચળ થળ વ્યાપક, શ્રી " અંબીકા માત " છે,
પુરણ પ્રેમી પ્યારો સ્વામી તારે હાથ છે.
બાળકી તારી દુઃખી કરો સુખી માત તું સાક્ષાત છે.
પતીથી દુઃખી કરો સુખી વિર્ય વેદના થાત છે અવનિમાં.

હે જગત અંબિકા! કામાગ્નિથી પ્રજલીત થયેલો દાહ ઓલવવા તેં કોને નિર્માણ કર્યો હશે મને રાત્ર દીવસ કાંઈ ચેન પડતું નથી અરે! મારૂં જોબન ઉનાળાની રૂતુમાં સયંકાળ વખતે મોગરાની ખીલેલી કળીઓથી હરીફાઇ કરે છે હે જગતજનની માતા અંબિકા પ્રીતમ વિનાની પત્નિ પશુ સમાન છે હે જોગમાયા! મારા મનમાં પતિનો અંકુશ રાત્ર દીવસ સ્ફુરાય માન થતો જાય છે આ વૃક્ષો વેલોને હું કામદેવની પ્રીયા રતિની માફત નિહાળું છું આહાહા!! માતુ શ્રી! શું! હું! આ નાના વૃક્ષો કરતા પણ હીણ ભાગ્ય! કે તેઓ મારી મસ્કરી કરે છે અરે! હજુ સુધી ગોરને પ્રશ્ન પારખવા મોકલ્યો તો તે પણ ન આવ્યો.

(એટલામાં પાર્વતી પ્રવેશ કરી)

પાર્વતી—સોનબા સોમ્યદેવ ગોર પ્રશ્નનો ઉત્તર લઈ આવતા માતુશ્રીએ પત્ર દેવા મુને મોકલી છે. (આપે છે)

સોન—(લઇ વાંચીને) વાહ ! વાહ ! કેવો ચોકસ જવાબ અને પત્ર લખવાની ખુબી સખી ! પ્યારા નાથનો પત્ર જોઇ આજ ના આનંદનો કાંઈ પાર રહ્યો નથી.

રાગ. તાળદીપચંદી–મહોલે પધારો મહારાજ એ.

આવો પાર્વતી પ્યારી પાસ, સમાચાર પ્રાણજીવનનાં,
ઉપકાર માનું હું ખાસ, સમાચાર પ્રાણજીવનના,
સખી આવોને રમીએ રાસ, સમાચાર પ્રાણજીવના,

સાખી.

હીરા જડીત્ર હારથી, પહેરૂં મોતી માળ.
રમુ સ્વામી સંગમાં, પ્રીતે પીરશીશ ભોજન થાળ, સમાચાર.
દીવસ આજ રળીઆમણો, ચંદ ચડયો આકાશ.
દાસી દીન હજુરમાં, પીયુ આવી પુરો મારી આશ, સમાચાર.
મોહન માળા મન તણી, તનનું બાધું ત્રાજ.
તૃષાતુર આ પ્રેમદા, જોબનદાન દીઓ સુખ સાજ, સમાચાર.
મંદ મંદ વાયુ શાન્તથી, પ્રસરી લીલા લહેર.
લલના લાલા લાખની, રૂતુ દાન આપો કરી મહેર, સમાચાર.
સુખ દેખુ સહુ ઠામથી, રાજ દુઃખ નહી લગાર.
પ્રીતમ મળવા પ્યાર છે, સખી વીર્ય વિધે છે અપાર, સમાચાર.
સખી કરી તેં સુખણી, દુઃખ કીધા સૌ દુર.
ઇનામ આપુ લે હેતથી, આજ મને ચડયું છે શુર, સમાચાર.

સખી આજના આનંદનો તો પારજ નથી હવે માતુશ્રીને કહી એકદમ ધ્રુમલી જઇ પહોંચુ કે સ્વામીનાથના દર્શનનો લાભ લઇ આનંદ પામું વળી વારંવાર પત્ર જલદી આવે જેથી વાંચીને પણ રાજી થાઉં કેમ સખી ખરૂં કે !

પાર્વતી—બેન આપ જે કહો છો તે મને પણ પસંદ પડે છે.

સોન—કેમ કહે જોઇએ.

પાર્વતી—કેમ શું ! કોઈ વખત ખાનગી મહેલમાં પણ બોલાવાય

સોન—તે કેમ બને ! કોઇને જાહેર થાય તો આબરૂને હાની પહોંચે.

પાર્વતી—હવે રાખો રાખો બધુ જાણીએ છીએ નહીતર વળી ત્યાં સામું જવાનું શું કારણ—બધું સમજ્યા જેવું ? એમ કહોને કે પતિવ્રતને બાધ ન લગાડવો

સોન—વાહ ! તું પણ અંતરનું જાણી લે તેવી છે.

પાર્વતી—હું તો ખરું કહું છું.

સોન—દાસી આજે તું વધામણી લાવીતે ના બદલમાં તને મારે શું ઈનામ આપવું.

પાર્વતી—બેન આપની કૃપા છે એજ મોટું ઈનામ.

સોન—નહી નહી (ગળામાંથી હાર કાઢી) લે આ તને બક્ષીસ આપું છું

પાર્વતી—બેન લાવો ત્યારે અમારે ગોલાને ગાળ નહી.

સોન—સખી પાર્વતી તને માતુશ્રી રજા આપે તો મારી સાથે ઘુમલી આવી શકે નહી ત્યાં તારા વિના કોઈ મને સહાય કારક મળનાર નથી માટે જો તું આવે તો સારું.

પાર્વતી—બેન આપની મરજી હોય અને માતુશ્રી રજા આપે તો હું આવવાને તૈયાર છું. આપણી કાંઈ ના નથી ગમે ત્યાં તેડી જાઓ તો પણ હું તૈયાર છું.

સોન—સખી આજે પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપાથી મારું કામ ફત્તેહ થયું તો તનો ઉપકાર માનવાને એક ગાયન ગાઈશું કેમ તારી મરજી છેના.

પાર્વતી—બેન હું કયાં કોઈ દીવસ તમને ના કહું છું.

સોન—વાહ ! તારી મીઠી વાણી વાહ ! જાણે અમૃત સમાન નિંકળતા વાકયો મનને આનંદ પમાડી પરીતાપ દુર કરે છે.

પાર્વતી—તમે પણ ધીરે ધીરે મશ્કરી કરવા શીખ્યા ખરાં.

સોન—સખી એતો આજ મારા મનનો આનંદ ઉભરોજ જુદી રીતનો છે.

પાર્વતી—બેન એવો ઉભરો ન રાખજો હજુ તો આંબા ઉપર મોર આવ્યો છે, જુઓ !—હજુ મરવા થશે ત્યાર પછી ખાગઠા થશે ! ત્યાર પછી કાચી કેરી ! ત્યાર પછી સાખુ થશે—ને ત્યાર પછી સુખેથી વેડાશે ? ત્યારે તમારા શરીરનો ઉભરો તમે કેમ સહન કરી શકશો માટે આજથી એમ ન રાખો હજુ આમ્રવૃક્ષનો ઘણી ઘણો છેટા છે.

સોન—સખી તેંતો હદ વાળી.

પાર્વતી—ઠીક હવે સ્તુતી કરવાનું ભુલી ગયાં કે

સોન—ના ! ના ! ભુલી કેમ જાય આધાર તો તેના ઉપર છે, ચાલો ગાઇએ.

પાર્વતી—લ્યો ગાઓ.

સોન— **રાગ ધનાશ્રી.**

આનંદ અંગ ન માય, માતુ મારી આનંદ અંગ ન માય. ટેક.
રંક દાસીનો જન્મ સુધારક, થાઓ અંબિકા સહાય, માતુ
પ્રાણપતી મુજ પ્રીતમ પ્યારા, મળવાને ચીત ચહાય, માતું
સુખ વધારક દુઃખના ટાળક, કરો મુજને કૃપાય, માતુ
સ્વામી મારાને સુખજ દેજે, સેવા દેજે સદાય, માતુ

પાર્વતી—વાહ બેન તમે તો બહુ સારૂ ગાઇ જાણો છો એક પંથને દો કાજ.

સોન—સખી તેતો જેવી ભાવના તેવી સીધી ઇશ્વર મેળવે ત્યારે છેના.

પાર્વતી—બેન આપનો ધર્મ ખાંડાની ધાર જેવો છે તો પછી કેમ સીધ ન થાય.

સોન—હા તે ખરૂં પણ છેવટ સુધી પાર ઉતરે ત્યારે નહીતર જીવતરમાં ધુળ પડયા જેવું છે.

પાર્વતી—આપની ટેક ઇશ્વિર પુરી કરશે હવે ચાલો માતુશ્રી રાહ જોઇ બેઠાં છે, કહેશે કે વાર કેમ લાગી.

સોન—ચાલો (જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—શીયોજીનો મહેલ.

પાત્ર—શીયોજી અને દાસી.

શીયોજી—(સ્વગત) અરે પ્રીયા પ્રીયા પ્રીયા સોન ! તારા વિના અસંખ્ય દુઃખ પ્રાપ્ત થયેલ વિરહાગ્નિને હવે કયારે શાન્ત પાડીશ હું ! ચપળ મન હવે થોડા દીવસ ધીરજ ધર એટલે તારા દુઃખનો છેડો આવશે.

રાગ—મારા ભાગ્ય તણો નહીં પાર.

આજે મનમે મગ્ન અપાર, સુંદરી સોન મળે સંસાર. ટેક.
પ્રાણ પ્યારી મળશે ત્યારે, કરૂં આલિંગન પ્રીત
મદિરાક્ષી મનમાં વસી છે, મેળવું હું ખચીત, આજે.
હલો કરી હલામણ કાઢું, દેશવટે નિરધાર
મધુ પાન પ્યારીનું પ્રીતે, ભેટું હું દીલદાર, આજે.
દીવસ કેવો દેખાશે એ, પોઢું પલંગ માય,
રમુ રજની પ્રીયા સાથે, નહીતર પાડું કાય, આજે.
શુભોભીત શૃંગાર લઇને, અલંકાર અપાર,
દાખવું દાસીને પ્રીતે, પ્રીતી અપરંપાર, આજે.
અલંકાર આભુષણ જોઇ, પ્યારી પામે પ્રીત,
પદમણીનો પત્ર વાંચી, પામું આનંદ ચીત, આજે.

દાસીને બોલાવી અમુલ્ય રત્ન જડીત્ર આભુષણોની છાબ લઈ પ્યારીને દેવા મોકલું જેથી તેની મારા ઉપર પ્રીતી વધારે થતા હલામણને તુચ્છ બરોબર ગણે. (એમ કહી) દાસી ! અહીં આવ.

દાસી—આજ્ઞા મહારાજા.

શીયોજી—પટારો ખોલી અંદરથી શુશોભીત વસ્ત્રાલંકાર સોનને માટે બહાર કાઢ.

દાસી—(પેટી ઉઘાડી અંદરથી વસ્ત્રાલંકાર કાઢી) લ્યો મહારાજા.

શીયોજી—એ સર્વ લઈ સોનને આપી કહેજે કે મારા મહારાજા સાહેબે આપને માટે મોકલ્યા છે. પાછો જવાબ લઇ જલદી આવ.

દાસી—[લઇને] બહુ સારૂ મહારાજા. (જાય છે.)

શીયોજી—બસ હવે ફત્તેહ ? આપણું કામ બેલાશક પાર પડવાનુંજ. ચાલ અત્યારે કચેરીનો વખ્ત થઈ ગયો છે. (જાયછે.)

અંક ૩ જો.

પાત્રો.

લક્ષ્મી..........સોનની દાસી.

રાધા.............શીયાજીની દાસી.

સોન.............રાજસીંહની પુત્રી-હલામણની સ્ત્રી.

સોમ્યદેવ........રાજસીંહનો ગોર-પ્રશ્ન લઈ જનાર બ્રાહ્મણ.

હલામણ........શીયોજીનો પુત્ર-સોનનો ભર્તાર.

દાસી...........શીયાજીનો મોકલેલ શણગાર સોનને દેવા આવનાર.

શીયોજી............ઘુમલીનો રાજા.

પ્રવેશ ૧ લો.

સ્થળ—નદીનો કીનારો.

પાત્રો—લક્ષ્મી અને રાધા વીગેરે.

લક્ષ્મી—રાંડ દેખતી નથી છાંટા પાડછ તે શું કાંઈ આંધળીછેઃ

રાધા—ઓય! મારી શોક્ય બહુ ચોખ્ખાઈવાળાની દીકરી છે તે હું જાણું છું.

લક્ષ્મી—બેશ બેશ રાંડ છીનાળ એક તો બેડું વટલાવ્યું ને વળી સામું બોલછ.

રાધા—છીનાળ તુંને તારી મા વચ્ચુ બોલાય તો તારી બાઈ સોન સુધાન્ત.

લક્ષ્મી—રાંડ શંખણી જોઈ વિચારીને બોલ બહુ શું ફાટી જાછ નહીતર હમણાલાત મારી દાંત પાડી નાંખીશ.

રાધા—પાડયા પાડયા દાંત જો તેવી સત્તા હોય તો પરદેશ બીજા પુરૂષને પરણવા ઉલટી સામી કોણ આવે.

લક્ષ્મી—રાંડ ફાટફું ફાટયુ બોલમાં ઘણી તો તેં બે કર્યા છે અને મારી ચતુર બાઈએ તો પ્રશ્ન આપી શીયાજી જેઠવાનેજ પ્રાણ રક્ષક ધાર્યા છે.

રાધા—દુહો તો તારા બાપ હલામણે પારખ્યો છે અને બ્રાહ્મ-

ણને લાંચથી ભોળવી તારો ધણી ને તારી બાઇનો ધણી શીયોજી થાય છે તારી પતિવૃતા બાઈ એ કે બીજી ચાલી જા; ચાલી જા;

લક્ષમી—અરે ! તે કદી પણ ન બને અને કદાચીત તેમ હોય તો શીયોજી પરણી કેવું સુખ ભોગવે છે તે જોઇ લેજો.

રાધા--તારી બાઇ સતી છે તે હું જાણું છું બિચારીને માંડમાંડ પતી મળ્યો છે. તે હવે કેમ વિચાર કરે અકલ હોય તો પ્રથમજ વિચાર કરે નહીં કે.

લક્ષમી- (ધક્કા મારતી) **રાગ ક્ષત્રી કલંક.**

રાખ રાખ તારૂં જોયું મેં જોર, કલંક કેમ કરી લેશેરે.
મારી પ્રપંચીને કરૂં જમ મોર, કલંક.
બુદ્ધિ બગડી બાનડી તારી જાણુ, કલંક.
નથી સોન સતી કાંઈ અજાણુ, કલંક.
દુઃખ વિચારી જો મન માય, કલંક.
નથી રાજ પોપાબાઇનું ત્યાંય, કલંક.
લાય લાગી છે અંતર સુણી વાત, કલંક.
તારી કરીશ નકી અહીં ઘાત, કલંક.
બોલ દુષ્ટ વિચારીને બોલ, કલંક.
હાથે કરી શીદ ખુએ તારો તોલ, કલંક.

રાધા—હવે જાણ્યું તારૂં ડહાપણ અને ચતુરાઈ રાંડ વળી રોફ મારતી જાય છે.

રાગ સદર.

બસ બસ રાખ બોલવું બંધ, સુજાણ સતી સોન જોઇરે.
બની ગઈ છે વિરહમાં અંધ, સુજાણ.
રાજ કુંવર મળ્યો નહી ક્યાંય, સુજાણ.
આવી પરદેશ પરણવા આંય, સુજાણ.
જોયું નિતિ ભરેલું એનું કામ, સુજાણ.
રશે જવાબ દેનારો એને ઠામ, સુજાણ.
જાજું બોલાવે નહી કાઢે ફળ, સુજાણ.
કાદવ ધોવા જતાં મળે જળ, સુજાણ.
નહી પતિવૃતા એ પાતર, સુજાણ.
શીદ ઉંચા કરાવે આભર, સુજાણ.

પ્રશ્ન વાળો હલામણ આપ, સુજાણ.
પરણે શીયો જેઠવો તારો બાપ, સુજાણ.
ચાલી જા ચાલી જા જાજું બોલાવવામાં કાંઈ માલ નહીં.

દુહો.

બાંધી મુઠી લાખ લીએ, ઉઘાડી વા ખાય.
હલામણ દુહા પારખે, સોન શીયાને જાય.

પ્રશ્ન પારખવાવાળો એનો ધણી બીચારો મહેલમાં જુરા ખાતો રહેશે અને પીતાની સાથે પરણી ભોગ ભોગવશે એ તારી પતીવૃતા સોન કે બીજી !

લક્ષ્મી—તારે બકવાદ વધ્યો છે પણ શીયોજી ફૂળ કાઢે તે જોઈ લેજે.

રાધા—જોવાનું તો જોવાઇજ ગયું છે. ચાલ ! મારૂં શું જાયછે
(જાય છે)

લક્ષમી—બહુ અનર્થ થયો ચાલ હું જઈ સોનબાને જાહેર કરૂં.
(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ સોનનો ઉતારો.

પાત્ર—સોન—પાર્વતી પાછળથી લક્ષમી.

સોન—સખી પાર્વતી આ પુષ્પ હાર, રત્નજડીત્ર કંકણ, મુક્તામાળ, ઝાંઝર મને પ્રાણનાથ વિના પસંદ નહી પડતા અકળામણ આપેછે હજુ કાંઈ લગ્નનો દીવસ મુકરર થયો નહી હે ! જગદીશ્વર ! હવે જલદી મારા દુઃખનો છેડો લાવ અરે હું વિરહાનળથી વ્યાકુળ થયેલ અભાગી પ્રાણપતીના વિજોગનું અપાર દુઃખ સહન કરી શકતી નથી.

રાગ. કનરો.

પ્રીતમ મારા પ્રીતે પધારી, શાન્ત કરી ઘો આનંદ વધારી. ટેક.
આવી વિદેશથી દાસી તમારી, સ્વામી લીઓને સંભાળ અમારી૦
હાર મુક્તામાળ નાથ તમારા, વિના લાગે દુઃખ સેજ પથારી૦
પ્રીત સહીત સ્વામી સુધારો, વેગે વાલમ મારા પધારો૦
દયાનીધી દીન દારા જાણીને, રસીઆ આવો રઙ્ગ મોજ માણીને૦
પ્રશ્નવાળા પ્રભુ પ્રીત ધરીને, નહી બેઠી હું તમને વરીને૦

હે! દયાનિધી દીનકર મેં તારી સમક્ષ શ્મસ્યા પુરી કરનારને મારા પ્રાણપતી ધાર્યા છે, જેથી તેમનાજ શહેરમાં આવી વિરહાનળથી પીડાતી આ અબળાને સ્વામીનાથથી ભેટાડી આનંદ આપો.

લક્ષમી--(પ્રવેશ કરી)

દુહો.

બાઈ મુને બાની વઢી, નદીએ ભરતાંજ નીર;
એકજ વચનને કારણે, સોસાયું મારૂં શરીર.

અરેરે બાઈ (એમ કહી રોવા માંડેછે.)

સોન—અરે દાસ! તું કેમ રૂવેછે તને એવું કોણે શું મેણું માર્યું જે જવાબ પણ દઇ શકતી નથી અને એકદમ રોવા માંડી.

લક્ષમી--(રોતી રોતી) રાગ ઓધવજીના સંદેશાનો.

બોલી બાનડી મરમ વચન આકરૂં,
બાઈ તમને કહું શું આ વાર જો. ટેક.
સુણી મનમાં સંકોચ પામશો;
નહી રહે દુ:ખતણો ત્યાં પારજો. બોલી.
પ્રશ્ન પારખ્યો છે હલામણે;
થયો પરણવા પીતા તૈયારજો. બોલી.
બીજા બોલ બોલી બહુ આકરા.
મરજી મુજબ તેણે અપારજો, બોલી.
શ્મસ્યા વાળો પતી પડયો રહે.
થાય અબુધ સ્વામી નાથજો.
લાભ આપી બ્રાહ્મણ ભોળવ્યો,
વળી કહ્યા તમને તો ગમારજો, બોલી,
સોન શીયા ઘરમાં જશે.
કેવો કહેવાય કાળો કેરજો,
મેણા મારી મન વિંધીયું.
હાય તેનો હવે શો ઉપાયજો, બોલી,

બાઈ સાહેબ શ્મસ્યા તો હલામણે સર્વ સભા વચ્ચે પુર્ણ કરેલ છે પરંતુ શીયાજીએ તો બ્રાહ્મણને પૈસાથી ભોળવી નામ બદલાવી પરણવા તૈયાર થયોછે તો પીતા તુલ્ય સસરાની સાથે લગ્ન કેમ કરશો.

સોન—અરે! દાસી! તું શું? આ ખરી વાત કહે છે.

લક્ષમી—અરે બાઈસાહેબ તમને શું મારો પણ વિશ્વાસ નથીકે?

સોન--ના ! ના ! તારો તો મને પુર્ણ વિશ્વાસ છે કે કોઈ દીવસ તું જુઠું ન બોલ ઠીક જા નિમક હરામ બ્રાહ્મણને બોલાવી લાવ.

લક્ષમી—બહુ સારૂ બાઈ સાહેબ [જઇ બોલાવી લાવે છે]

સોમ્યદેવ—[પ્રવેશ કરી] કેમ ! કુંવરીબા આપે મને શા-માટે બોલાવ્યો છે.

સોન—(ક્રોધાવેશથી) અરે દુષ્ટ ચંડાળ નીમક હરામ મારી જીંદગીનું કામ તારા હસ્તકમાં સોપી દીધું તેનો તે આવો કૃતઘ્ની ઉપયોગ કર્યો કે સમસ્યા પુર્ણ કરનાર મારા પ્રાણ પ્યારા હલામણને બદલે પીતા તુલ્ય સસરા શીયાજીનું નામ તે નીચ, લંપટ દુરાચારી પૈસાની લાલચે દાખલ કરી પરણાવવા તૈયાર થયો ! અરે ! ચંડાલ તને કંઈ વિચાર ન સુજ્યો અરે ! તારૂ શાસ્ત્ર ! તારી નીતિ ! તારો સદ્દગુણ ! અને તારો પરમાર્થનો પંથ ક્યાં જતો રહ્યો ! દુષ્ટ તને ધિક્કાર છે ! કે તેં જેનું નીમક ખાધું તેનેજ દગો દઈ દુનિયામાં ફજેત કરાવી ? અરે પાપી તને કાંઈ વિચાર ન સુજ્યો ! તારો નર્કમાં નિવાસ હજો ! અરે તું પારાવાર સંકટ ભોગવી રખડીને મરીશ ! તેં અમારા જોડલામાં ભંગ પાડયો છે તો તું કોઇ દીવસ જોડું નહી પામે અરે દુષ્ટ જલ્દી ચાલ્યો જા તારૂં સ્યામ મુખ હવે વધારે વખત નહી બતાવ.

રાગ ક્ષત્રી કલંક.

હાય હાય તને દેખી ચડે કાળ, પાપી શું મુખ લઈ ઉભોરે,
રોમ રોમ ચડયોછે મને ઝાળ, પાપી.
તને કરતા અઘટીત કર્મ, પાપી.
દુષ્ટ જરા પણ નાવી શર્મ, પાપી.
પ્રાણ પતી હલામણ જેઠ, પાપી.
પીતા તુલ્ય કહાવ્યો પ્યારો તેહ, પાપી.
તને યમ દ્વાર પહોંચાડત આપ, પાપી.
પણ લાગે બ્રહ્મ હત્યા પાપ, પાપી.
કાળા કરમના કરનારા ક્રૂર, પાપી.
જલ્દી થાને અહીથી દુર, પાપી.

સોમ્યદેવ--હવે રાખો રાખો જાણી ચતુરાઇ મેં શું ! તમારૂ બગાડયું છે જે રાતા ચોળ થઈ જાઓ છો તમારૂં સુખ તો મારા હાથમાં છે મારા હાથમાં શીયાજી જેઠવા જેવો પ્રાણનાથ શોધી આ-પ્યો તો પણ કાંઇ હીસાબમાંજ નહી? હલામણ હલામણ શું કરો છો હલામણને તો કોઇ કાળે દેખો તેમ નથી સમજ્યા કે ? હવે ડાહ્યા થઈ પ્રપંચ જવા દો.

પાર્વતી--બેશ બેશ મંગળ ? કાળા કર્મના કરનાર પાપી પૈસા-ની લાલચે લોભાઇ જતા તને જરા શરમ ન આવી અરે તારો શીયોજી હવે શું કરનાર છે માથુ કુટીને મરી જાય તોપણ સોનના દર્શન થાય તેમ નથી તે નકી યાદ રાખજે,

સોમ્યદેવ--રાજ્ય રાજ્ય ! અહી કાંઇ બાલંભાનું રાજ્ય નથી જે જેમ કરીશ તેમ તારૂં જોર ચાલશે માટે જેમ બને તેમ બનવા ધો નહીતર હેરાન થશો વળી.

લક્ષમી--અરે તું શું હેરાન કરનાર છો તારા શીયાજીથી કાંઈ ડરી જવાના નથી.

સોમ્યદેવ— **રાગ. હવે કહી નહી અંતઃપુરમાં.**

હવે નકી હું સોન પદમણી, શીયાજી ઘર લાવુંરે. ટેક.
કરો કોપ શું મારા ઉપર, નકી કરાવું રાણીરે,
શીયાજીની પ્યારી થઇને, પ્રીતે ભરાવું પાણીરે, હવે નકી.
જાગું ખોસ્યમાં બાનડી તારી, બુદ્ધિ કયાંથી બગડીરે,
ગુલામડી ગાલ્ર ખેચી તારા, કાઢી મુકીશ તગડીરે, હવે નકી.

જો મારૂં નામ ખરો સોમ્યદેવ હોય તો આ તારી સોનને શી-યાજીની રાણી કરાવીને તેનાજ હાથથી પાણી ભરાવી તમને બંને ગુલામડીને કુલા ઉપર કતકા મારી કાઢું મુકવાનો છું તે યાદ રાખજો.

પાર્વતી—[ધકો મારી] અરે દુષ્ટ નીકળ બહાર જા તારાથી થાય તેમ કરી લે.

સોમ્યદેવ—ધક્કા શા માટે મારો છો આ ચાલ્યો. (જાયછે.)

(શીયાજીની દાસી શૃંગાર લઈ આવે છે)

દાસી—બાઇ સાહેબ આ શૃંગાર આપને માટે મારા મહારાજા સાહેબે મોકલાવ્યા છે.

સોન—તારા મહારાજાનું કાંઈ નામ પાડયું છે કે નહી.

દાસી—તમે એમ કેમ પુછો છો, નામ બીજું શું ! શીયોજી જેઠવો.

સોન—દાસી તને ખબર નથી તું તે પાછું લઇ જા કારણ તે મારા લાયકના નથી.

દાસી—બાઈ સાહેબ તેનું શું કારણ.

સોન— દુહો.

સુંડી ભર્યો શણગાર, મને શીયાનો શોભે નહીં,
હલામણ ભરથાર, શીયો હમારો સાસરો.

દાસી શીયોજી તો મારો સસરો પીતા તુલ્ય થાય તેનો શણગાર પુત્રીથી ન પહેરાય માટે જઇને પાછો આપ કદાચીત મારા પ્રાણપતી હલામણે મોકલી હોત તો હું ખુશીની સાથ લઇ રાજી થાત.

દાસી—બાઈ સાહેબ આજે આપે કેફ કર્યો છે કે શું ? શીયાજી મહારાજ તેજ આપના પ્રાણપતી. હલામણ તો તેના પુત્ર છે.

સોન—અરે ! લોંડી તારે વધારે બોલવાની શી જરૂરછે. ચાલી જા છાતીમાની, દાસી આ રાંડને બે લપડાક મારી ધકો દઇ કહાડી મુકો.

લક્ષ્મી—[દાસીને] ચાલી જા રાંડ કુબજા. [લાત મારી કહાડી મુકે છે.]

સોન—અહાહા ! જગદીશ્વરા ! ! પીતા તુલ્ય પાપી સસરો પુત્રની પ્યારીને પ્રેમદા કરવા તૈયાર તેને કાંઇપણ વિચાર સુજ્યો નહી હોય અરે દુષ્ટ તને ! તારી બુદ્ધિને ! તારા રાજ્યપણાના લક્ષણને ! તારા કામને ! સત કોટીવાર ધીક્કાર છે ! ! અરે કદાચીત આ વાતની મને ખબર નહી પડી હોત તો તારી સાથે પાણી ગ્રહણ કરી અસંખ્ય દુઃખના દરીઆમાં પડી ડુબકા મારી કાયમ પશ્ચાતાપ થયા કરત તેને બદલે પ્રથમ જાહેર થતા હે! જગતનિયંતા પરમાત્મા તારો મોટો ઉપકાર માનું છું. દાસી !

લક્ષ્મી—આજ્ઞા બાઇ સાહેબ.

સોન—તેં મારા પતિવ્રતને પુરો આધાર આપ્યો છે. અરે ! હું તારા ઉપકારનો બદલો ક્યારે વાળીશ તારા સમાન સુજ્ઞ ને શાણી દાસીઓ આ અવની ઉપર મને થોડીજ મળવાની હતી.

લક્ષ્મી—બાઇ સાહેબ આપની મારા ઉપર પૂર્ણ કૃપા છે વળી

આપનું અંતઃકરણ શુદ્ધ છે તો કદી પણ આપના પતીવ્રતાને બાધ લાગે તેમ નથી તેમાં મારો ઉપકાર માનવા જેવું કાંઇ કારણ નથી કારણ દાસીનોજ ધર્મ ફક્ત હું બજાવું છું.

સોન—દાસી કાગળ દોત ને કલમ લાવ સ્વામીનાથને પત્ર લખી આપું તે તું જઇને આપી આવ.

લક્ષમી--બાઈ સાહેબ તે આપે બહુજ ઉત્તમ વિચાર ધાર્યો [કાગળ કલમ દોત લાવીને] લ્યો બાઈસાહેબ લખી આપો.

સોન--[લખીને] લે જા આપી પાછો જવાબ લઈ જલ્દી આવ કે મારો જીવ શાન્ત થાય.

લક્ષમી--બાઈ સાહેબ હમણા આવું છું ઉચાટ કરશો નહી. [જાય છે]

પ્રવેશ ૩ જો.

સ્થળ હલામણના મહેલ.

પાત્ર—હલામણનો વિચાર.

હલામણ-પ્યારી પ્યારી ! પ્યારી! સોન ? તારા વિના અસાધ્ય રોગ ઉપન્ન થતા કાંઇ પણ જીવને ચેન પડતું નથી અરે હવે હું શું કરૂં મને કાંઇ સુજ પડતી નથી અરે ! પીતાજી ધર્મનો ત્યાગ કરી આપની પુત્રી બરોબર પુત્રની વધુને કપટથી પ્યારી કરવા ઇચ્છા રાખી મને અત્યંત દુઃખના દરિયામાં ડુબકા મારતો કર્યો.

રાગ-અજીતનાથ મહારાજ.

શુ ! કર્યું બાપુ આ કર્મ, નાવી શું શર્મ,
મુકો છો મર્મ, પીતાજી શાને.
આ પુત્ર તણાની વહુ ઇચ્છો વરવાને. ... ... ટેક.
તમે જુઓ નીતિમાં જરી, વાત શું ખરી,
જવું છે મરી, ધરોને ધ્યાને.
છે અઘટીત કર્મ અપાર સમજો સાને,
આરે નથી રેવાની કાય, પંચભુતને ત્યાંય, નર્કની માંય, પડો આ બાને.
અવિચારી જોઇને કર્મ પકડશે કાને.
પ્યારી તણો હું પ્યાર, તમે શું જાર, તણો વિચાર, સસરો થઇ શાને.

છે પુત્રી તમારી એહ ધરોને ધ્યાને,
નર્યાધલાજ જડે આચાર, કરૂં શું સાર, અપરંપાર, કહ્યું નવ માને
આ પુત્ર તણાની વહુ ઇચ્છો વરવાને,

અરે આ વખતે કોઇ અવર જન હોત તો આ મારી છુરી શમશેરથી તેના ટુકડે-ટુકડા કરી નાંખત પરંતુ લાચાર કે પાપી અધર્મી પીતાએજ ક્રૂર કર્મનું પગલું ભર્યું છે હે પરમાત્મા મારૂં વિધન દુર કરી સત્યની વારે થઇ સંકટ દુર કરી પ્રાણથી અધીક પ્યારી સોન જલદી મેળવી આપ એટલે મારા દીવસ નીરંતર આનંદમાં કહાડી સુખથી નીર્ગમન થઇ સુખ ભોગવું અરે સોન તારા વીના મને સ્વર્ગમાં પણ સતોષ મળે તેમ નથી હે પીતાજી ! જો આપને તે રત્ન છીનવી લેવા વીચાર હતો તો મને પ્રથમથીજ સમસ્યા પારખવા નહોતી આપવી હે મન ! હવે તારો બકવાદ બંધ રાખ ને મીત્ર રાહ જોઇ બેઠાછે તો ત્યાં જઇ આરામ લે.

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—શીયાજીનો મહેલ.

પાત્ર—શીયોજી-દાસી-સોમ્મદેવ-હલામણ વીગેરે.

શીયોજી—હજુ સુધી દાસી કેમ આવી નહીં હોય.

દાસી—(પ્રવેશ કરી) મહારાજા લ્યો આ તમારી છાબમાં મુકો દીવાસળી હું તો મારે દવાખાને જઉં છું.

શીયોજી—કેમ વારૂ ! શૃંગાર પાછી લાવીને એકદમ દવાખાનાનું કહે છે.

દાસી—તે તો એમ કહે છે કે પીતા તુલ્ય સસરાના આપેલ શૃંગાર પુત્રીથી ન પહેરાય કદાચીત હલામણે મોકલાવ્યા હોત તો ખુશીથી પહેરી રાજી થાત.

શીયોજી—ઠીક ! ત્યારે તું હવે દવાખાને શા માટે જાય છે.

દાસી—બે થપડાક અને એક એવો તો ધકો માર્યો કે મોઢું પણ ફરી ગયું હવે દવાખાને જઇ મલમની પટી લગાવી બે ચાર મહીના શીરો ખાઇશ ત્યારે જો પુરી સુવાણ આવે તો.

શીયોજી—બસ શૃંગાર ન રાખ્યો અને તને મારી કહાડી મુકી.

દાસી—કહાડી નથી મુકી હાડકાં ભાંગી નાખ્યા છે કે માંડ

કરીને જીવતા રહ્યા.

(દાસી જાય છે અને સોમ્પદેવ પ્રવેશ કરે છે)

સોમ્પદેવ--કાં મહારાજા હું નહોતો કહેતો કે આ વાત જવા દો.

શીયોજી--કાં શું થયું.

સોમ્પદેવ--શું થયું શું ! બધી વાતની સોનને ખબર પડી ગઇ. ત્યાં મને બોલાવી કેટલા ફીટકાર આપ્યા ને પાછળ એવો તો જોરથી ધકો માર્યો કે તમે તો સોન ભેળા થતા થશો પણ હું તો ગોરાણીના કામનો રહ્યો નથી.

શીયોજી--અરે ! વાત શી ! હમણાજ હલામણને બોલાવી દેશનિકાલ કરૂં છું.

સોમ્પદેવ--તે તમે જાણો પરંતુ મને એકદમ રજા આપો કે મારે ઘેર જઇ લોટની તાંબડી લઇ લઉં. આપણે હવે રાજાઓના કામ નથી કરવા તેમ સોન નથી વરવા.

શીયોજી--સીપાઇ જલદી જાકે હલામણકુ બુલવાવ.

સીપાઇ—અચ્છા મહારાજા જાતા હું. (જાયછે.)

સોમ્પદેવ—રાજેન્દ્ર મને તો જલદી રજા આપો નહીતર વળી હલામણ જીવતો પણ રહેવા નહીં દીએ તે તો નકી મારીજ નાંખશે.

શીયોજી—મહારાજ તમારી રહેવા મરજી નથી તો ખુશીથી પધારો.

સોમ્પદેવ—હાશ ! માંડ માંડ ગોરાણીનું મોં દેખવાનો રસ્તો મળ્યો. (જાયછે)

હલામણ—(પ્રવેશ કરી) પીતાશ્રી વંદન કરૂંછું.

શીયોજી—હલામણ ?

હલામણ—આજ્ઞા પીતાશ્રી.

શીયોજી--મેં તને આ વખતે એકાન્ત ભુવનમાં બોલાવ્યો છે તેનું કારણ તારા સમજવામાં નહી હોય કેમ ?

હલામણ—પરમ પુજ્ય પીતાશ્રી તે કારણ મારા સમજવામાં નથી; આપના આ છોરૂને શી આજ્ઞા છે.

શીયોજી—અરે ! નિમકહરામ ! પાપી ! દુષ્ટ ! ચંડાળ ! જા-

બીચારી ? તેં પ્રપંચથી કે છુપાવવાનો ડોળ કરવા માંડયો છે? મહા અનીતિ વિપરીત કાર્ય કરનાર દંભી ? તું તારૂં કાળું મુખ શું જોઇ બતાવે છે ?

હલામણ---આહા ! ! ! પીતાશ્રી કોઇ દીવસ નહી ને આજે આવું સાહસ કર્મથી મારા ઉપર કેમ કોપ કરો છો.

શીયોજી—એ રે ! દુષ્ટ ? તારો બધો પ્રપંચ મારી નજરે આવ્યો છે ? તેં તુચ્છ રાજની આશાએ મારૂં મસ્તક છેદવા વિચાર કર્યો છે કેમ ?

હલામણ---(મુર્છા ખાઇ થોડીવારે સાવધ થઇ) અરે પીતાશ્રી હું ખરેખર નિર્દોષ છઉં ! પુરેપુરો તપાસ કર્યા સીવાય વચન રૂપી શસ્ત્રાધારથી અન્યાય આપવો તે આપ સરખા કદરદાન મુરબીને ઘટીત નથી તો હે ! પરમ પુજ્ય દયાળુ પીતાશ્રી કૃપા કરી શાન્ત થઇ મને નિર્દોશીને વચન પ્રહાર કરશો.

રાગ. સૈયર દુઃખ શું દાખવું.

એ શું ! બોલો પીતા માહરા, ગણું તુચ્છ હું રાજ
શરણાગત સુત આપનો, દુષ્ટ નહી કરૂં કાજ.　　એ શું.
અનીતિ અસત્ય નથી બોલતો, ગણું આપની સેવ,
શાસ્ત્ર સંપન કૃપા આપની, રાખુ સત્યની ટેવ,　　એ શું.
પીતા ધર્મ ધરૂં ધ્યાનથી, તેની કરૂં શું ધાન
વચન તમારા આ સુણીને, થાએ પશ્ચાતાપ,　　એ શું.
દોષ મારા તગદીરનો, ધમ કરતા ધાડ,
પીતા પ્રપંચ ન જાણશો, બાંધી વચને વાડ.　　એ શું.

હે પરમ પુજ્ય વિવેકી પીતાશ્રી કદી સ્વપ્ને પણ અસત્ય વાકય મારી નજરે આવ્યું નથી છતાં આજ આપ મારા દીલમાં તુચ્છ રાજની આશાએ પીતૃ મર્ણનો મેં મારા જ*હાથથી વિચાર કર્યો કહો છો ? તે સુર્યમાં અંધકાર ! પૃથ્વીનું રસાતાળ ! સમુદ્રનું મરજાદ મુકી જવું અને માતૃનો વાત્સલ્ય પ્રેમ ઘટવો માનવા તુલ્ય છે ! હે ! પરમ પવિત્ર ગુણ નિધાન ! પીતાશ્રી હું બાળ્યાવસ્થાથી આજ દીન પર્યંત આપની ભક્તિ અનન્ય ભાવથી કરતો આવ્યો છઉં, અનીતિ, ચોરી, જુગાર કે વ્યભીચાર કદી સ્વપ્ને પણ દ્રષ્ય થયો નથી ! છતાં આજે આપ મારા ઉપર વચન રૂપી શસ્ત્રાધારથી વર-

સાદ વરસાવી દોષીત કરો છો તે ઈંદ્રના વજ્રની માફક મારા ઉપર કાર્ય કરે છે માટે હે! ન્યાય આત્મા પુરેપુરો વિચાર કરી આ આપના તરૂણ બાળક ઉપર વચન પ્રહાર કરશો, હું ખરેખર નિર્દોષ છઉં.

શીયોજી--[કાંઇ પણ ન સાંભળતા) અરે નિમક હરામ! તેં ખચીત તારા અંતઃકરણમાં મને મારી રાજ્ય મેળવવાનો વિચાર કર્યો છે તે સત્ય છે અરે! ચંડાળ તું અહીંથી જલ્દીથી ચાલ્યો જા નહીતર તારી ધાત થશે.

હલામણ--પીતાશ્રી મરવાનો મને બીલકુલ ડર નથી પરંતુ મારા ઉપર આરોપ મુકી સ્વમુખથી ચાલ્યા જવાનું કહો છો તે આપ સરખા કદરદાન મુરબ્બીને ઘટીત નથી. આપ જે મારે ઇશ્વર તુલ્ય પુજવા લાયક તેનેજ મેં રાજ્યના લોભથી મારી નાંખવાનો વિચાર કર્યો તે સઘળું પ્રપંચ રૂપ છે હું અત્યારેજ આ પ્યારી બરડાની પવીત્ર ભુમી છોડી ચાલ્યો જાઉં છું પરંતુ હે પીતાશ્રી આપના ન્યાય અંતઃકરણમાં આવો કૃતઘ્ની વિચાર સુજ્યો તેથી નકી હવે આ રાજ્યની પાયમાલી થવાની છે એમ ચોકસ જણાઇ આવે છે.

રાગક્ષત્રી કલંક.

પીતા પ્રપંચથી કરો કુડું કામ, ભુપાળ ભુમી છોડી જાઉં રે.
ક્ષત્રી કુળને કરો બદનામ, ભુપાળ.
હું ખરેખરો છું સત્ય, ભુપાળ.
પણ દાખવ્યો તમે અસત્ય, ભુપાળ.
નથી જોતું મારે આ રાજ, ભુપાળ.
કેમ ભ્રષ્ટ થાઉં ભવમાંજ, ભુપાળ.
ખોટા આરોપ મુકયો મારે અંગ, ભુપાળ.
મને કહાવ્યો કુસંગીનો સંગ, ભુપાળ.
કહો તો સમરપું મમ પ્રાણ, ભુપાળ.
નહી લોપું તમારી હું આણ, ભુપાળ.
મુંને સત્ય ઠરાવી કાઢો બહાર, ભુપાળ.
કરૂં ઉત્તમ વન પત્ર અહાર, ભુપાળ.
શીદ લગાડો ક્ષત્રીને કલંક, ભુપાળ.
કાર્ય તમારૂં ન સુધરે નિશંક, ભુપાળ.

પીતાશ્રી આપે મને સત્ય ઠરાવી દેશ નિકાલ કર્યો હોત તો તે

અવસર આપનો હુકમ સુખદાયક માની હોંશથી અરણ્ય ભુમિ વિશે વનફળ ખાઈ ઇશ્વર સ્મરણમાં મારા દહાડા સુખમાં કાડત પરંતુ જુઠો આરોપ મૂકો છો તે અઘટીત વચન મારાથી સહન ન થતાં આપના વચનતું માન્ય રાખી ખુશીથી ચાલ્યો જાઉં છું.

રાગ માલીની છંદ.

પીતા લઉં વન વાસો, આપ વચન માની.
પણ છઉ નિરપરાધી, વાત રહે ન છાની.
કલંકીત કુળ કામી, પીતા પ્યારી પ્યાસી
નહી યોગ્ય તમ જાણો, કહું વાત ખાસી

પીતાશ્રી આપને મારા દંડવત હજો, જય બરડાની ભરત ભુમી હવે તને મારા રામ-રામ છે ! આ અવિચારી પીતાનું અસત્ય બોલવું શ્રવણ કરી ખુશીથી અરણ્ય ભુમી વીશે ચાલ્યો જાઉં છું પરંતુ તેના અંધ થયેલા હૃદય ચક્ષુ ઉઘાડજે.

રાગ ગીતી.

જે જીવ જગતની માંહે, કરે અઘટીત કાર્ય અવિચાર્યું,
કાજ સરળ નવ થાએ, રહે મનનું મનમાં નિશ્ચે ધાર્યું.

ચાલ જીવ હવે વિચાર શો કરવો પીતાશ્રી ! આપને મારા છેલ્લા પ્રણામ છે.

શીયોજી—ચાલ્યો જા દુષ્ટ (જાય છે) બસ બસ ! હવે ફત્તેહ ! આપણા કામમાં કોઇ વિઘ્ન કર્તા હવે રહ્યું નહી જેથી નિર્વિઘ્ને કામ પાર પાડી પ્યારી-પ્રેમદાના પલંગ ઉપર આરામ લઉં.

વિદુશક—(પ્રવેશ કરી) એ મહારાજ રામ લઉં રામ લઉં કરો છો પણ તે તમારાથી લેવાય તેમ લાગતું નથી પણ લેવાશે એક ?

શીયોજી—અરે ! વળી તું અહીં ક્યાંથી આવ્યો

વિદુશક—મહારાજ હવે હું તો શું પણ કોઇ-(અટકે છે)

શીયોજી—અટકે છે કેમ !

વિદુશક—મહારાજ અટકતો તો કાંઈ નથી તમે કહો છો પુરે પુરું કહું.

શીયોજી—હા ! ખરેખરું કહે.

વિદુષક—એ ! ખરું પુછો તો હવે કાંઈ નહી આવે.

શીયોજી—અરે ! તું એમ શું જોઇ કહે છે બોલ શા સારૂં નહી આવે.

વિદુષક—તમે ધર્મ મુર્તિ હલામણને રજા આપી છે ના, તેથી

પ્રતિહાર--મહારાજા ! પ્રધાનવર્ય સહીત નગર શેઠ સાથે પ્રજા મંડળ અંદર આપની પાસે આવવા રજા માગે છે.

શીયોજી—[સ્વગત] હું ઘણી મહેનતે મારૂં કાર્ય સિદ્ધ થવાનો પ્રયત્ન કરૂં છું તો-પાછું આવું તોફાન આવી નડે છે જો અંદર આવવાની રજા ન આપું તો પણ અડચણ માટે-જોઇએ છીએ શું થાય છે. હું મારો વિચાર કયાં કદી કાળે બદલું તેમ છું [આસન] બહુ સારૂં ખુશીથી આવવા દીઓ.

[સર્વ પ્રવેશ કરી]—મહારાજા નમન કરીએ છીએ.

શીયોજી—આશીર્વાદ.

વિદુષક—જોયું તેને આર્શીવાદ આપ્યો અને હું આવ્યો ત્યારે કહે આ પાપ કયાંથી આવ્યું જ્યાં માન નહીં ત્યાં શામાટે આવવુંજ જોઇએ.

શીયોજી—મીત્ર તેનું કારણ જુદું છે તું ન સમજ

વિદુષક-સમજું છું બધું કે રાજા રહેવું. અટકે છે

શીયોજી—કેમ ! શેઠજી આજે આપ સર્વ મહાજનનું પધારવું થયું છે.

મોતીચંદ—રાજેન્દ્ર ! આપ તો સમજુ છો તેથી વિશેષ શું કહેવું પરંતુ કુમારશ્રી હલામણને દેશવટો આપ્યો તે આપ સરખા ધર્મ સ્વરૂપ પીતાએ તો છાજતુંજ કર્યું હશે ! પરંતુ અમારા ધારવા પ્રમાણે સારૂં નથી થયું.

કરમચંદ—હા છાબ ટેટામા હુડીઆર નેવડી કોઇ ડાડો અનડદ કડવોજનધટો ટેમના વતા અમને ડોડવાનું નથી માડે ટડી ડેં ટેને ટો પાઠા બોલાવો નઇ તો પડે અઇ અમે ડેકું ડઇ હાબ પડે ટમાડી મઠી.

વિવેક સાગર—રાજેન્દ્ર શેઠીઆ કહે છે તે ખરૂં છે. આપે જે કર્યું હશે તે વીચારીનેજ કર્યું હશે પરંતુ તે ધર્મશીળ મુર્તિ કોઈ દહાડો અચટીત કર્મ કરે તે માનવું અસંભવિત છે છતાં આપે તેને બાલ્યાવસ્થામાં વનવાસ આપ્યો તે સારૂં કર્યું નથી.

શીયોજી—પ્રધાન તમો કહો છો તે ખરૂં પરંતુ તેનું હૃદય કેટલીક મુદતથી નઠોર થયું હતું એટલુંજ નહી પણ છોટ મને પતન

કરી રાજ્ય મેળવવાનો પ્રયત્ન કરતો હતો જેથી મારે તેને દેશનિકાલની શીક્ષા કરવી પડી છે તો તે મેં કાંઈ અઘટીત કર્યું નથી અને તમારે પણ તે બાબત મને કાંઇપણ વિશેષ કહેવુંજ નહીં.

ઝવેરચંદ—અરે ! મહારાજા આપ એ શું ! કહો છો તેના અંતઃકરણમાં કદી સ્વપ્ને પણ કૃતઘ્ની વિચાર આવે નહી છતાં આપને મારી રાજ્ય લેવાની તેની મરજી થઇ એ શું ?

શીયોજી—શેઠીઆ તેમાં તમો ન સમજો રાજ્યનું કામ છે તે ઘણુંજ વિચીત્ર પ્રકારનું છે.

મોતીશા—રાજેન્દ્ર ત્યારે હવે અમારૂં કહેવું માન્ય રાખીને કુમારશ્રી પાછા બોલાવાય તો ઘણું સારૂં કહેવાય પછી આપની મરજી.

શીયોજી—નહી નહી તે બાબત તો તમારે બિલકુલ મને કહેવુંજ નહીં.

ઝવેરચંદ—ઠીક ! શેઠજી ચાલો ત્યારે

મોતીશા—હા ! આપણે શું કરીએ કહી જોયું છતાં ન માને તો તેમની મરજી (રાજાને)—રાજેન્દ્ર હવે અમે રજા લઇશું.

શીયોજી—બહુ સારૂં પધારો.

ઝવેરચંદ—ચાલો શેઠ. (જાય છે)

શીયોજી—ચાલ હવે હું પણ મારો વિચાર પાર પાડવાને માટે પ્રયત્ન કરૂં જેથી પછી સોનના સુંદર મુખાર્વિંદના દર્શન કરી ભાગ્યશાળી થઇ દિવસ સુખ શાન્તિમાં નિર્ગમન કરૂં. (જાય છે)

અંક ૪ થો.

પાત્રો.

હલામણ … … … … શીયાજીનો પુત્ર.
લક્ષ્મી … … … … સોનની દાસી.
સોન … … … … હલામણની સ્ત્રી.
શીયોજી … … … … ધુમલીનો રાજા—હલામણનો પીતા.
મચ્છમાર. … … … સીંહની હદના દરીઆમાં માછલા મારનાર.
દાસી … … … … હલામણની ફુઇબાની દાસી.
ફુઇબા … … … … શીયાજીની બેન, હલામણની ફુઇ
રૂપસીંહ … … … શીયાજી ઉપર લડાઇ કરી ધુમલીની ગાદી લેનાર.

જોગેન્દ્ર ... ... હલામણને જીવતા કરનાર જોગી.
વીવેકસાગર ... ... હલામણનો પ્રધાન.
દાસીઓ—બ્રાહ્મણ, સીપાઇ, શેરલોક વીગેરે વીગેરે

પ્રવેશ ૧ લો.

સ્થળ—હલામણનો રસ્તો.

પાત્રો—હલામણ અને લક્ષ્મી.

હલામણ. રાગ. આશાવરી જોગીઓ

થયો હલામણ દુઃખીઓ, તજ્યો પ્યારી પ્યાર.
છોડીને જાઉં આ સમે, દેશવટે નિરધાર.
ફુટ પીતા મમ પાપીઆ, કર્યો નહીં વિચાર.
દેશવટો દીધો શીયે, હલામણ નિરધાર.
પ્રણામ ધુમલી છે તને, પ્રણામ પૃથ્વી માત.
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.
પ્રણામ પ્યારી પ્રાણને વિજોગી દુઃખદાર.
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.
પ્યારી તણા વિજોગમાં, દુ;ખી અપરંપાર.
દેશવટો દીધો શીયે હલામણ નિરધાર.
સાચી પ્યારી પ્રીતને, સુખ નહીં સંસાર.
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.
ધુમલી ધીરજ રાખીને, સોંપુ પ્યારી પ્રાણ,
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.
દોશીત હું છું તાહરો, રંક મતી અજ્ઞાન,
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.
નમસ્કાર છેલા તને, તજું હું પ્યારી પ્રાણ,
દેશવટો દીધો શીયે, હલામણ નીરધાર.

પ્યારી પ્યારી પ્યારી તારા મધુર વચનનું પાન કર્યા સિવાય આ દુઃખી હલામણ તને ભેટયા વિના ચાલ્યો જાય છે. હે પ્રાણ પ્યારી સુખ દુઃખ સહન કરજે.

(હલામણ ચાલવા જાય છે ત્યાં લક્ષ્મી પત્ર લઇ આવે છે)

લક્ષ્મી—મહારાજ આજે આપ આ કાળો અશ્વ અને કાળો પોષાક પહેરી ઉદાસ થઇ કેણી તરફ જવા તૈયારી કરી છે આ પત્ર માઇ બાઇ સાહેબ સોને આપને દેવા માટે મોકલી છે (આપેછે)

હલામણ—(લઇને) અહાહા !!! પ્યારી તારા પ્રેમનું વર્ણન આ મુખથી કહી શકાતું નથી ધન્ય છે ! ધન્ય છે ! ધન્ય છે ! દ્રઢ પ્રેમવાળી પ્યારી તને ધન્ય છે.

(એમ કહી પત્ર લઇને ઉઘાડી વાંચે છે)

પરમ પ્રીય, સદગુણ સાગર, પરોપકારી, દયાવાન, ક્ષમાવાન, નીતિવાન, ધર્માત્મા, વિવેકી, સર્વ શાસ્ત્ર સંપન, કોમળ હૃદયવાળા વિલાસી, ગંગાના પ્રવાહની પેઠે શાન્તિરૂપ, દિગ્ગજ, સર્વ કલાઓના ઉત્પન્ન કર્તા, રસીક જનને આશ્રય આપનાર, ધનુષ્મન્તનો ગર્વ ઉતારનાર પ્રાક્રમી, ચતુર, શીરોમણી, વનિતાને આનંદ આપનાર, શત્રુઓના હૃદય ભેદી નાખનાર, નૃસીંહ રૂપનો આડમ્બર ધારણ કરનાર, સ્પર્શરૂપી, કલંક રહીત, કામ ક્રોધને જીતનાર, સુર્ય સમ પ્રકાશીત, હાથીના કુંભ સ્થળ ભેદી નાંખનાર, કામદેવને લજ્યા પમાડી વિયોગથી વિહાગ્નિને તાવનાર, વિલાસી, પ્રાણરક્ષક, પ્રાણથી પ્યારા, સ્વામી સ્વરૂપ ધારણ કરનાર, પ્રાણવલ્લભ, નયનના વિલાસી, પ્રાણનાથ, પ્રીતમાં ભાન ભુલાવનાર, સ્વામીનાથ, શ્રી હલામણ જેઠવાની પવિત્ર સેવામાં.

મુ. સ્નેહસ્થાન—ધુમલી.

લી. હું આપની અર્ધાંગના, ચર્ણરજ સેવક, વિયોગે વિહાગ્નિથી પીડાતી, દર્શનાતુર, આપના ચરણ કમળ ચાંપનાર, સતી સોનના ઘણુંજ માન્યપૂર્વક દંડવત કબુલ કરશોજી એવી આશા છે.

લી. સ્નેહસ્થાન—ધુમલીથી

વિ. વિ. સાથે લખવાનું કે આપનો પુછ કરેલ પ્રશ્ન વિપ્ર સોમ્યદેવ લાવ્યો તે વાંચતા લી. આપના પીતાઓનું નામ નિકળતા આજદીન સુધી અવિચારી અબળાને કાંઇપણ ખબર નહોતી, પરંતુ આ પત્ર લાવેલ મારી ઘણીજ ઉપકારી દાસી લક્ષ્મીને કૃતધ્ની કાર્યની ખબર પડતા તેણે મને જાહેર કર્યું જેથી હું પશ્ચાતાપ પામીને આ મારૂં તન, મન, ધન, આપને અર્પણ કરી ચુકી છું તો હવે આપની દીન દાસને જલદી ભેટી આનંદમાં વધારો કરશોજી,

રાગ બનજારો.

આ પત્ર વાંચીને પ્યારા, વેગે આવજો વાલમ મારા. ટેક.
રટું માળા હું મુખ તમારી, સહું દુઃખ–સુખ સંભારી;
છો આપ આંખ્યુંના તારા, વેગે.
જાણું સંસારનો સ્નેહ ખોટો, જેમ પાણીનો પરપોટો.
છો પ્રાણજીવન મમ પ્યારા, વેગે.
તમ પીતાની દાસી આવી, શૃંગાર અમુલખ લાવી;
કાઢી મુકી દઇ ધમકારા, વેગે.
હું પાળું પતિવ્રત આજે, તે તો ક્ષત્રી વટને કાજે,
પીયુ પ્રાણ તણા આધારા. વેગે.

પ્રાણજીવન આ દાસીની અરજ સ્વીકારી વેલાસર દર્શનનો લાભ દઇ વિરહાગ્નિ શાન્ત પાડી સુખ કરી આપશોજી આપને ફકત એકજવાર અટારી ઉપરથી જોયા છે તો રૂપમાં રૂંધાયેલી પ્રીતમ આપના વિના જોબનમાં ઝુરાતી પ્રીયા અપાર રાહ જોઇ બેઠી છે તો પધારી દર્શનનો લાભ દેશોજ.

દુહો.

જેની આંગળીએ ચોગઠ વળે, નહી વેઢો કે વળ
કેણી પેરે વખાણ કરૂં, જાણું ગાંધવો નળ.
હાસે થકા હંસજી, બાલા બોલે વેણ.
મર માળા મદે ભર્યા, નારી હુદા નેણ.

હે પ્રીતમ આપને નિરખવા આ અબળાના નેણ તૈયાર થઇ રહ્યા છે હે ! પ્રીતમ.

દુહો.

કાઠીયાણી કેડ પાતળી, હલકતી માથે હેલ.
બર્ડો હુંદી બજારમાં, ઢળકતી જાણે ઢેલ.
મારૂ નાહે અંગ જળ, ઉભી કેશ સુકાય.
ચંદન કેરે રૂખડે, નાગ ઝકોળા ખાય.

હે સ્વામીનાથ જેમ ચંદનના વૃક્ષ ઉપર સર્પ સુગંધથી ઝોલા ખાય છે તેમ હું આપને થોડી મુદતમાં ભેટીશ એટલી આશા રૂપી વૃક્ષથામાં ઝોલા ખાઇને દીવસ નિર્ગમન કરૂ છું વળી આપ સીવાય બીજો કોઇ અડવા મને સમર્થ નથી.

દુહો.

જે કુળ જે અભ્યાસ હે, તે કુળ તે અભ્યાસ.
સીંહ પડે સો લાંઘણા, તોય ન પરખે ઘાસ.

મારા કુળની અડક પ્રમાણે હું આપના નામની માળા જપું છું અને.

દુહો.

જાકુ બોલો બંધ નહી, મર્મ નહી મનમાંય.
તાકી સંગ ન કીજીએ, છોડ ચલે બન માંય.
ધુતા હોય સુલક્ષણુ, વેશ્યા હોય સલજ.
ખારા પાણી નિર્મળા, ત્રણે વાત અખર.
દગાબાજ બમણા નમે, એત્તા કરે વિધાન.
મોર સીંહણને દીપડા, ત્રણેને નમે હાણુ.

સ્વામીનાથ એવા નીચ કૃત્ય વાળા પુરૂશોથી સ્પર્શ ન થવા પરમાત્મા પાસે હમેશાં વિનંતી કરૂં છું અને જેમ.

દુહો.

નીર ન બોલે કાષ્ટકુ, કેસી ઉનકી રીત.
જાકી હેડી દુર રહી, તાકી ખુડી પ્રીત.

પાણી કાષ્ટને ડુબવા દેતું નથી તેમ હું આપનો આધાર રાખી બેઠી છું તો બેશક મને પણ નહી ડુબાડતાં હે સ્વામીનાથ ઉપરની બીનાથી વાકેફ થઇ આ દીન દારાની અરજ ધ્યાનમાં લેશોજી. હાલ એજ. પાછો પત્ર આવેલ સુજ્ઞ દાસી સાથે જરૂર મોકલાવી આપ પણ વહેલાસર પધારશો એજ.

લી.

હું આપની અર્ધાંગના દાસી.
સતી સોનના પાય લાગણ.

આહાહા ! ! ! કેવી ખુબી અને કેવી કાગળની રચના હાય? સોન ! સોન ! સોન ! હું દુરભાગી તારા કોમળ કમળ ચંદ્રવદની સ્વામાનું મધુપાન કર્યા સીવાય પીતાની આજ્ઞા પાળવા દેશવટે ચાલ્યો જાઉ છું;

લક્ષમી—હાય ! ' પછાડી ખાઇ ' હાય ! મહારાજ આપ આ શું કહો છો અરે શું તમોને દેશવટો મળ્યો.

હલામણ—દાસી !

દુહા.

દેશવટો દરાર, દીયો શીયે જેઠવે
જઇને જાણુજે જુહાર, હાએ ગયો હલામણો
તારી બાઇને જઇ સર્વ હકીકત જાહેર કરજે.

લક્ષ્મી—મહારાજ મારી બાઈ સાહેબે તો આપને જરૂર તેડાવ્યા છે તો હું બારોબર જવા નહી દઉં,

હલામણુ—દાસી ! તું હઠ નહીકર જો અવાશે તો પાછળથી આવીશ.

લક્ષ્મી—મહારાજ ત્યારે મુંને પત્ર એકદમ લખી આપો કે તે મારી બાઇ સાહેબને વંચાવી શાન્ત પાડું.

હલામણુ—(લખીને) લે ! આ તારી બાઇને આપજે ને મારા પ્રણામ કહેજો.

લક્ષ્મી—મહારાજ આપ જરૂર આવ્યા પછીજ જજો.

હલામણુ—હરી ઇચ્છા જેમ પરમાત્માએ ધાર્યું હશે તેમજ થશે તેમાં આપણો કાઇનો ઉપાય નહી સોનને કહેજે ધીરજ રાખી સત્ય વૃત પાલન કરે.

લક્ષ્મી—ત્યારે હવે હું રજા લઉ છું.

હલામણુ—ખુશીથી જા (જાય છે) હે જગદીશ્વર તું સહાય થા ! સહાય થા ! આ અપાર દુઃખનું વાદળું જલદી કાપી પ્યારીથી શાન્તપણે સુખ ભોગવવાનો વખત આપ આહા ! પ્યારી સોન ! સોન ! સોન ! આ વખતે હું તારો ત્યાગ કરી દેશવટે જાઉં છું. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ સોનનો ઉતારો.

પાત્ર—સોન—લક્ષ્મી—પાછળથી શીયોજી.

સોન—હે પરમ કૃપાળુ પરમેશ્વર આ અપાર દુઃખથી પીડાતી તારી બાળકીને વારે ધા. (એટલામાં લક્ષ્મી આવે છે.)

લક્ષ્મી—બાઇ સાહેબ હલામણુ મહારાજને તો તેમના પીતાએ દેશવટો આપ્યો છે જેથી જવા બહાર નિકળી પડયા હતા તેવામાં મને ખબર મળતાં રસ્તે જઇ પહોંચી ત્યાં મહારાજાએ આપનો પત્ર વાંચીને ઘણોજ પ્યાર જણાવ્યો પરંતુ પછવાડેથી ઢીલ-

ગીર થઇ આ પત્ર આપને લખી આપ્યો છે લ્યો.

સોન--(લઇને) આહા ! ! પરમેશ્વરા દુષ્ટ સસરો સ્વામીનાથને દેશવટો આપી તેના દુષ્ટ વિચારમાં પાર પડવા મનસુબો ધારતો હશે પણ ધીક્કાર એના વિચારને અરે આ શુરી રજપુતાણી કદીપણુ ટેક મુકવાની નથી, દાસી ! બીજુ કાંઇ સ્વામીનાથે કહ્યું છે.

લક્ષમી--પ્રણામ કહ્યા છે વિશેશ હકીકત પત્ર વાંચશો ત્યારે માલુમ પડશે.

સોન--અરેરે પરમેશ્વરા હવે આ સંકટનું વાદળું ક્યારે દુર કરીશ અરે હું અભાગણી દેશ મુકી પરદેશ પ્રાણવલ્લભને ભેટવા આવી ત્યાં પણ દુખનું કારણ રૂપ થઇ પડી.

દુહો.

ઉતારો અંગાર, મુને જાતા લાગે જેઠવો,
મારી ઉરમાં માર, ક્યાં હાલ્યો ગયો હલામણો.

(એમ કહી પત્ર વાંચે છે.)

પ્રાણથી અધીક પ્યારી. સુવદના, શશી વદની, સૌભાગ્યરક્ષક રતિને લજ્યા પમાડનાર, શાન્ત શિરોમણી, પ્રાણ પ્યારી, સતી સોન.

મુ. સ્નેહપુર ધુમલી.

પ્રાણ પ્યારી તમારો સ્વચ્છ પદો મુકવાની આતુરીથી ભરેલ ઓદાશવાળી અને સુંદર બંધવાળી વાણીની રચનાનો પત્ર ૧ તમારી સદગુણી દાસી લક્ષમી લઇ આવેલ તે પહોંચ્યો, બાદ હાથને સ્પર્શ થતા ઘણા દીવસથી વીખુટા પડેલ બાળકનો સ્પર્શ માતાને--થતા જેટલો આનંદ થાય છે, ચકોર--ચંદ્રને દેખી, મયુર મેઘને દેખી, પતંગ દીપને દેખી આનંદ પામે છે તે કરતા પણ વિશેશ આનંદ સહીત તમારા અક્ષરો જોયા--જોવા વારમાં ચંદ્ર અસ્ત પામી સુર્ય ઉદય થતા જેવો પ્રકાશ ફેલાઇ જાય છે તેવી રીતે--આંખ ઉઘાડી પત્ર ફોડી જોયું તો અંદર તમારૂં નામ જોઇ વારંવાર સ્મરણ કરવા લાગ્યો, પત્ર વાંચતા પાધી, વ્યાધી, ઉપાધી, નાશ પામી શાન્તિએ પ્રવેશ કરવા માંડયો તમોએ જે રચના પત્રની અંદર કરી છે તે મારી નાની બુદ્ધિ આપના ગંભીર કાર્યોમાં જોડાવા સમર્થ નથી મારી બુધી તર્ક વિતર્કને માર્ગે પહોંચેલ નથી હું સાહીલ શાસ્ત્ર

જાણતો નથી તેમ અદભુત અને વિચિત્રની ચાતુરીને પણ જાણતો નથી તેથી જો તમારા જેવી વસ્ય વાણી વાળી પ્રાણ પ્રીયાની સાથે હરીફાઈ કરૂં તો કૃતયુગ માટીના ઘડા ઘડનાર કુંભારને અને ત્રીલોક્ય બનાવનાર બ્રહ્માને પરસ્પર કજીઓ થયા વગર રહે નહી, જ્યારથી તમારા સાથે પ્રશ્ન પારખી સંબંધ જોડાયો અને આપે પત્રની અંદર જે જે નીતિપુર્વક વાક્યો કહયાં તે હજુ મારા શરીરમાં ગમન કરી રહયા છે, અહો નિરંજન નિરાકારનો હું કેટલોક ઉપકાર માનુ કે મારા જેવા કંગાલને તમારા સરખુ રત્ન મેળવી આપ્યું મને જે જે તમોએ ઉપમા આપી છે તેનો કિંચિંત માત્ર બદલો મારાથી વળે તેમ નથી. જ્યારે તમારૂં સ્મરણ મારા હૃદયમાં આવે છે ત્યારે જાણે જઈને એકદમ ભેટી પડું પરંતુ લાચાર ! કે પીતાશ્રીની આજ્ઞાથી દેશવટે જવું પડે છે તો આવા બારીક સમય માં ઇશ્વર સ્મરણ કરી સુખ દુઃખ નિવારણ કરશો.

રાગ—વિમળા ન કરશો ઉચાટ.

ઉચાટ ન કરશો પ્યારી, દ્રઢ મન ધારીનેરે. ટેક.
પત્ર તમારો આવ્યો આજે, મને તેડાવવાને કાજે,
હાલ જવું જંગલમાં હીમત ધારીનેરે. ઉચાટ.
છું અભાગી હું મમ પ્યારી, મેં કીધી તને દુઃખીઆરી.
તું રહેજ સત્ય વ્રત નિયમ પાળીનેરે, ઉચાટ.
જો હશે મમ તારી કાયા, તો મેલાવશે જોગમાયા
તારૂણી તુજને ત્યાગી જઉં આ સમેરે, ઉચાટ.

પ્યારી આ વખતે તને દુઃખી કરી હું મહા શોક સમુદ્રમાં ડુબેલો દુઃખી થઇ ચાલ્યો જાઉંછું.

દુહો.

ચાતક ચકવો ચતુર નર, નિશદીન ફરે ઉદાસ.
ખર ઘુઘુને મુરખ નર, ત્રણે સુવે નિજ વાસ
એ ગાદી એ તખત, એ વેળાએ વાડીકું
કોઇ વેળાને વખત, કણુ ફાટી કાળો થયો.

પ્યારી ક્ષત્રી રાજપુત્રને પોતાના વડીલોનું વચન માન્ય કરવુંજ જોઇએ તેથી હાલ આ વખતે મારા પીતાશ્રીનું વચન માન્ય રાખી સુખેથી દેશપાર થાઉછું, મારીને તારી જીંદગી હયાત હશે તો કોઇ

દીવસ પણ સુખના દહાડા દેખીશું અને દીવસ શાન્તપણે નિર્ગમન કરીશું. ' હરી ઇચ્છા બળવાન છે કાલની કોઇને ખબર નથી. હાલ તો એજ વિશેષ ભવિષ્ય બળવાન.

લી૦

પ્રેમનો પ્યાસી.

હલામણ જેઠવાના આશિર્વાદ.

આહાહા !! જગદીશ્વર કેવી પ્રાણનાથની ચતુરાઇ અને ડહાપણ. અરે કામાન્ધ શીયાજી કદાચીત દૈવયોગે મારા તારાથી લગ્ન થયા હોત તો હું કેવળ ફાંસીમાં ફસાઇ પરતાવાનો પાર ન રહેત. હે ! પ્રાણનાથ આપના સ્વરૂપનાં હું શા શા વખાણ કરૂં.

દુહો.

હલામણને હોઠે, પરોવેલ પરવાળાં
જેદી નવરો દીનોનાથ, તે દી હરખે ઘડયો હલામણો
હલામણની હડતાળ, આંગળીએ ઉઘડેલ નહીં
કુંચી વિના કમાડ, જડીને હાલ્યો જેઠવો.

આહા ! સ્વામીનાથ હવે હું શું કરૂં ! તમારા વિયોગથી અતી દુઃખી આ દીનદાસી મહા શોક સમુદ્રમાં ડુબી પોકાર કરતી રડેછે.

(એટલામાં શીયોજી પ્રવેશ કરે છે)

શીયોજી—કેમ પ્યારી ! સુખી છોના.

સોન—(શીયાજીને દેખી) હાય !!! આ પાપી અહીં કયાંથી આવ્યો ! (ચાસન) અરે પ્યારી કહેનાર દુષ્ટ નિચ ચંડાળ દુર રહે.

શીયોજી—અરે પ્યારી તું વગર પીછાણે અત્રીચાર્યું બોલ નહી ! હું તારો પ્રાણપતી શીયોજી જેઠવો તારા મધુપાનની આશાએ આવ્યો છઉં.

સોન—અરે ! દુષ્ટ તું શીયોજી જેઠવો કદી પણ ના હોય ! કારણ તે મારે પીતાતુલ્ય પવીત્ર સસરો થાય તો પીતાજીના મુખમાંથી પ્યારીનું ઉપનામ કદી પણ નીકળેજ નહી.

શીયોજી—અરે સુંદરી તારૂં આકારૂં ભાષણ બંધ કર. શીયોજી તારો સાસરો નહી પણ ભર્તા છે તે ખચીત યાદ રાખ. ભાગ્ય નહી ભુલ.

લક્ષ્મી—રાજાજી ! આપ પીતાતુલ્ય પવીત્ર ન્યાય આત્મા થઇ મારી બાઇ જે આપના પુત્ર હલામણની પ્યારી તેને તમો સ્વમુખથી પ્યારી કહો છો તે આપ સરખા કદરદાન મુરબ્બી પીતાશ્રીને ઘટીત નથી. આપ જે વાકયો કહો છો તે તદન શાસ્ત્રનીતિથી તદન વિપરીત છે તે આપના હૃદયે ચક્ષુ ઉઘાડી વિચાર કરી તપાસ કરશો તો માલુમ પડશે.

શીયોજી—અરે ચુપ ? નીચ ગુલામડી તારો બકવાદ બંધ રાખ (મારવા જાય છે. ત્યાં)

સોન— હે દુષ્ટ! ચંડાલના રાજા અત્યાર સુધી હું કાંઇ પણ ન બોલતા મૌન્ય રહી હતી—પરંતું હવે તને હું કહું છું કે જેમ આવ્યો તેમ મુંગે મોઢે ચાલ્યો જા.

શીયોજી--હે પ્યારી સુવદને હું તને પણ એક વખત કહું છું કે વીશેષ ન બોલતા મુગે મુખે સ્વાધીનથા નહીતર પાછળ પસ્તાવાનો પાર નહી રહે.

સોન— દુઃષ્ટ તે વાત કદી પણ બનવાની નથી શું ! શુરી ક્ષત્રી રાજપુત્રી પોતાના પતિ તને કલંક લગાડશે. ખરી કે ?

લક્ષ્મી—અરે ! નહી નહી હજાર વાર નહી.

શીયોજી—અરે નીચ મતી હીણી ગુલામડી તારો બકવાદ બંધ રાખી વગર પીછાણે વગર સમજણે રાજ્યની રીતીને ખબર વિના બોલી બગાડે છે પરંતુ તને થોડીજ ખબર છે કે આ બહાદુર શીયોજી તારી અકલ વીનાની બાઇ ઉપર ચોકસ લાગ્યો છે તે કદી જીવ જતા સુધી પણ છોડનાર નથી.

લક્ષ્મી—અરે મુરખ તું મને તથા મારી બાઇ સાહેબને મતી હીણુ કહે છે પરંતું આ વખતે તારૂંજ જ્ઞાન સઘળું નાશ પામ્યું છે. ! તું કામથી અંધ થઇ ગયો છે ! તારૂં સત્ય લેશ ગાત્ર પણ નજરે દેખાતું નથી ? હે ! અકલ વિનાના બારદાન અને મુંરખના સરદાર, અમે તારી નીચ ધમકીથી કદી પણ ડરનાર નથી.

શીયોજી—નીચ કમજાત બાનડી એક વખત કહું છું કે તું વધારે ન બોલતા તારી બાઇને સમજાવ કે મુંગે મ્હોડે સ્વાધીન થાય નહીતર તેનો આ વખતે મહા બુરો હેવાલ થવા નિશ્ચય કર્યો છે. (સોનને) કેમ પ્રીયા શો વિચાર છે.

રાગ—મધુર બનજારો.

તું માન (૨) વચન મમ પ્યારી, મારે કરવી તું જને નારી–ટેક.
આ વખત નહી તું માને, તો મારીશ પકડી કાને.
ખચીત આવાર, કહું દીલદાર, કરવા પ્યાર, થા સુખીયારી, મારે.
કદી જાન મારો આ જાએ, ભલે વિપરીત સઘળું થાએ.
પણ પ્યારી પ્યાર, રૂદેમાંધાર, હૈયાના હાર પ્રીતમ તું પ્યારી, મારે.
હલામણ નથી આ ટાણે, શું મોજ મજાનું માણે.
જોઇ સ્વરૂપ, તેજ અનુપ, ભળી ભુપ, ચુંબન દીલદારી, મારે.

પ્યારી આ સમયે તારે એકદમ મુંગે મ્હોડે સ્વાધીન થવું તેજ ઉચીત છે હલામણ હવે આ ભુમી ઉપર મારા જીવતા સુધી ફરી પગ મુકવાનો નથી તે ખચીત સમજજે જેથી તારા જોબન તો પરીતાપ મારા વિના કોઇ શાન્ત કરવા સમર્થ પણ નથી માટે માન.

સોન—અરે દુષ્ટ મંગલ આવું અકૃત્ય કરતા તથા બોલતા તારી જીભ કેમ નથી કપાતી અરે તારા પગ કેમ બાગતા નથી.

રાગ ક્ષત્રી કલંક.

થઇ શ્વશુર શું કરે કુડુ કામ, સતી સત્ય નહી ચુકેરે.
કુળ જેઠવાનું કરે બદનામ, સતી.
કેમ વીચાર્યા વિના કરે વાત, સતી.
પતિ પુત્રને કહોમાં તાત, સતી.
કદી સુર્ય માંહે અંધકાર, સતી.
કેમ કલંક ધરૂ કીરતાર, સતી.
ધરો ધરમ પીતા લવ લેશ, સતી.
ગૌર વર્ણુ ધરોમાં વેશ, સતી.
લાગે વચન તમારા રામબાણ, સતી.
કેમ રત્ન ધરે પાશાણ, સતી.
થશો નર્ક નિવાશી આપ, સતી.
હાથે કરી શીદ માગી લીયો પાપ, સતી.

અરે દુષ્ટ તું જરા વિચાર કરી જો કે આ સતી સોન પોતાનો પતીવ્રત ધર્મ ત્યાગ કરી હલામણ શીવાય બીજા પતિની ઇચ્છા થોડીજ રાખશે.

શીયોજી—આ અવિચારી અબળાનું સત અત્યારે હલામણ

માંજ પરોવાયલું છે (દાસીને) અરે તારી અકલ વિનાની બાઈને જરા સમજાવ ! સમજાવ.

લક્ષ્મી—મહારાજા કદી સુર્ય પશ્ચિમ ઉદય થાય તો પણ આ શુરી ક્ષત્રાણી કદી અવિચારી કૃત્યમાં હાથ નાખે તેમ નથી તે ખચીત માનજો.

શીયાજી— ઠીક હાલ તો રાજ્યાસને વખ્ત થવાથી જાઉં છું. પરંતુ પાછળથી વીચાર કરી જોજે નહીતર મહા બુરી દશા થશે તે ચોકસ યાદ રાખજે (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-સીંધની પાસે દરીઆ.

પાત્ર. હલામણ, વાંસ, મચ્છીમાર, વીગેરે.

હલામણ—આહા ! પરમેશ્વર તારી ગહણ ગતી છે અરે હું કયાં હતો અને અત્યારે કયાં છું. જેની સેવામાં હજારો ચાકર હાજર રહી ક્ષમા ક્ષમા કરતા તે અત્યારે મહા દુઃખની અવસ્થા ભોગવેછે. અરે ! પ્રાણપ્યારી સોન તારૂં શું થયું હશે ખચીત તેતો ઝુરીને મરવાનીજ અહા પ્યારી સોન ! સોન ! સોન !

રાગ. કોઈ રકકી મરજી કયા જાને.

કોઇ વિર્યે રોગને શું જાણે, અળગા અંતર દુઃખને જાણે;
આ પીતા કેર આફ્ત આવી, સત્ય જાને, પ્યારી જાને. કોઇ.
પ્યારી જાને, અંતર જાને, દુષ્ટ પીતા પાપી જાને;
વિજોગી જન્મભુમી જાને, વાંરહી વીરહને જાને.
પવિત્ર વર્ગ સજ્જન જાને, એક પ્યારી પાસ પ્રીતમ જાને. કોઇ.

હે પરમકૃપાળુ પરમેશ્વર આ અરણ્યે દુઃખ મારાથી સહન થતું નથી એક તો પ્યારીના વિયોગથી વિર્હાનળમાં રીબાઉંછું વળી આ સમુદ્ર આડો આવ્યો જેથી રસ્તો પણ સુજતો નથી ચાલ જરા વિસામો તો લઉ. (એમ કહી બેસેછે થોડીવારે દરીઆમાં વાંસને જોઇ) આહા ! ! શું ! ! આ સમુદ્રના મોજાની અંદર મારી જન્મભુમીકાનો વાસ ? આહા ? શુ ? વાસવિના તે પણ દુઃખી થઈ ચાલી નીકળ્યો. (વાંસડો નજદીક આવતા.)

દુહો.

હલામણ હતા કાતળીએ કપાતી જઇ,

જેઠવો જાતા આજ, વન વન વિંખાણો વાંસડા
બરડાની ભરી બાથ, લઈ આંગણે રોપાવું
દેશાઉ દીઠે વિઘન, હઈ હું વાસના.
વાલા વિજોગી વાંસ, શીયે અવગણે આવીયો,
ભણને મારી ભોમીના, મને સંદેશો કાંઇ સોનનો.

પ્યારા જન્મભુમીના વિજોગી વાંસ તને ખચીત કોઇએ દુઃખ આપ્યું જણાય છે અરે ! ના ! ના ! તેતો મારા દુઃખમાં ભાગ લેવાને આવ્યો છે, હે ! ભાઈ ખરેખરૂં કહે સોન શું કરેછે.

વાંસ-- દુહો.

કાપ્યો લઇ કબાડીએ, ઝીંકયો ઝંખુ માય,
લોઢે લેવાણો તેથી શુદ્ધ ન રહી સોનની.

હે જેઠવાના કુળદીપક મણી આપના વિના કોઈ અમારી રક્ષાનું કરનાર ન હોવાથી કબાડી લોકોએ કુવાડી વતી મને કાપી નાંખ્યો છે જેથી તેની વેદનાએ મુને શુધ રહી નથી (એટલામાં મચ્છીમાર હોંડી હાંક ચાલ્યા આવેછે.)

૧. મચ્છીમાર—હી ! હી ! હકડી મીન હકડી મીન.

૨. મચ્છીમાર--ત્રે હેં ત્રે

હલામણ (પાસે આવેછે એટલે) અરે યારો તમે આ જાળમાં શું લાવોછો.

૧. મચ્છીમાર—મચ્છ મચ્છ

હલામણ-- દુહો.

જાલીડાં નાખને જાળ, મીઠાં મેરામણ મજે,
કરમ છે કપાળ, બોતેરહેં બરડે રહ્યાં.

ભાઇ ત્યારે મારૂં કીસ્મત અજમાવવા એક વખત મારાવતી જાળ નાખો જોઇએ હું તમારો મોટો ઉપકાર માનીશ.

૨. મચ્છીમાર--બરા બગ તુંમમા કીસ્મતમી જાળ ટાંકતોસ (એમ કહી જાળ નાંખેછે એટલે બહાર કાઢી છીપની ભરેલી જોઇ) ભાઉ બગ બગ ઇકડે મોતીછીજ ખાડી હય.

હલામણ દુહો.

જાલીડાં નાખને જાળ, તારા નમતની નોંધીને;

ભાઈ એક વખત તમારા નસીબ અજમાવવા નાખો જોઇએ.
(જાળ નાંખેછે તો અંદર શંખલા ને શેવાળ જોઇ)

મચ્છીમારો— દુહો.

માંઇ આવે શંખલા ને શેવાળ માછલીયું ટોળે મળે.
ભાઉ તુંમમાંજ નસીબા માંગલા હય.

હલામણુ--(સ્વગત) ઠીક નસીબ તો ઘણા સારા છે પરંતુ કેટલીક મુદ્દત સુધી કર્મ અનુસારે સંકટ વેઠવું પડશે ચાલ ! હવે રસ્તે પડું. (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ હાબા શહેરની બજાર.

પાત્ર--હલામણુ અને તેની ફઇબાની દાસી.

હલામણુ—ચાલ જીવ ! હવે જલદી કર.

દાસી—(સ્વગત) અરે ! કોણુ ! આ હલામણુ નહી ! ખરેખર એજ છે ચાલ જઇ ઝટ મારી બાઇ સાહેબને જાહેર કરૂં (જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ હલામણુની ફઇબાનું ભુવન.

પાત્ર-દાસી ફઇબા પાછળથી હલામણુ.

દાસી—બાઇ સાહેબ આપણા શહેરની બજારમાં હલામણુ એકદમ ઘોડો દોડાવી ચાલ્યા જાય છે.

ફઇબા—દાસી તું શા માટે મશ્કરી કરે છે તે કોઇ દીવસ પોતાનું શહેર મુકી ધર્મ મુર્તી બહાર નીકળતો નથી.

દાસી--બાઇ સાહેબ તેવી મશ્કરી હું કોઇ દીવસ કરૂંછું વળી તેનો દેખાવ અત્યારે વિચીત્ર છે.

ફઇબા—વળી વિચીત્ર શું.

દાસી. દુહો.

કાળો ઘોડો કાટવો. ભમર ભાલું હાથ.
બાઈ આપણી બજારમાં, દીઠી જેઠવાની જાત.
આંગળીએ ચોગઠવળે, નહી વેઢા કે વળ.
બાઈ આપણી બજારમાં, દીઘો માધવો નળ.

બાઈ સાહેબ દેખીતાંજ દેશવટો જણાઇ આવે છે.

ફઇબા, દુહો.

હલકે ઉંટક હાંક, પગ પાની ઠવો કરે
બાની ઇશે બાળ, હલામણુ હશે નહી.

બાનડી તારી ઝડપથી ઉંટની ચાલ ચાલતાં પૃથ્વી ઉપર પગ ટકતો નહી હોય જેથી જોયામાં ફેર પડયો હશે અને કાંતો પારખવામાં ફેર પડયો હશે.

દાસી--બાઇ સાહેબ વિશ્વાસ ન હોય તો અગાશી ઉપર જઈ તપાસ કરશો તો માલુમ પડશે.

ફુઇબા--બરાબર ચાલ જોઇએ

દાસી--ચાલો બાઈ સાહેબ.

(અગાસી ઉપર જઈ જુએ છે તો હલામણને દેખી)

ફુઇબા--દાસી ખરેખર હલામણ છે જા જલદી બોલાવી લાવ,

દાસી--બાઈ સાહેબ જઉં છું (હલામણને બોલાવી લાવેછે)

હલામણ--ફુઇબા આપનો છોરૂં અભિવંદન કરે છે

ફુઇબા--પુત્ર ચીરણજીવી રહો ભાઇ તું એકાએક કાળો પોશાક પહેરી ઉદાસી મ્હોડે કાળા ઘોડાપર સ્વાર થઈ કેણી તરફ જાયછે.

હલામણ--ફુઇબા વાત કહેતાં મારી જીભ ઉપડતી નથી અરે એક મહા વિપરીત કાર્ય કોઇપણ ઠેકાણે જોવા કે સાંભળવામાં ન આવ્યું હોય તેવો દુઃખનો દરીયો મારા ઉપર આવી પડયો છે.

ફુઇબા--ભાઈ ન ગભરા તું મારી આગળ ખરી હકીકત જાહેર કર.

હલામણ--ફુઇબા સાંભળો બાલંભાના મહારાજા રાજસીંહને સોન નામે કુંવારી કન્યાએ પ્રશ્ન લઇ બ્રાહ્મણને પારખવા માટે મોકલેલ હતો તે ધુમલીમાં મારા પીતાશ્રીની કચેરીમાં આવી આપ્યો પીતાશ્રીએ ઘણી મહેનત કરી પરંતુ જવાબ આપી ન શકાયો જેથી કચેરીમાં આપ્યો સર્વ સભાસદોએ તેમજ પ્રધાન સહીત હાથ ફેરવી ફેરવી ચુકયા, પરંતુ સમજ નહી પડવાથી મારા પીતાશ્રીએ મને આપ્યો તેના હુકમથી મેં પ્રશ્ન સર્વ સભા સમક્ષ પારખી ચીઠી લખી બ્રાહ્મણને આપી પર્યંત બ્રાહ્મણને પીતાશ્રી પોતાના ખાનગી મહેલમાં બોલાવી મારા નામને બદલે પોતાનું નામ વિપ્રને પૈસા આપી ખુશી કરી દાખલ કરવા જણાવ્યું બ્રાહ્મણે પૈસાની લાલચે તેમ કરીને વિદાય થયો. તે બાલંભે થઇ કન્યાના હાથમાં આપતાં પરણવા માટે ધુમલી આવી છે ત્યાં તેને આવા દુષ્ટ કૃત્યની ખબર પડી કે પ્રશ્ન હલામણે પારખ્યો છે અને પીતા તુલ્ય શીયાજી સસરો પતી થાયછે

પર્યંત દાસી સાથે પત્ર લખી સોને મને આપવા મોકલી મારા પીતાજીને આ વાતની ખબર પડતાં પોતાના દુષ્ટ વિચારમાં વિઘન આવશે એમ ધારી મને દેશનિકાલ કર્યો છે. તે કુમારીકાનો પત્ર હાલ મારી પાસ મોજુદ છે જે વાંચવાથી આપને ખાત્રી થશે. (આપેછે)

ફુઇબા--(વાંચીને) ભાઇ તું જરાપણ ન ગભરા હાલ તું અત્રે રહી સુખમાં દીવસ નિર્ગમન કર આગળ ઉપર વિચાર કરી વ્યાજબી લાગશે તેમ કરીશું (દાસીને) દાસી પલંગ બીછાવ એટલે ભાઇ આરામ લે.

દાસી--બહુ સારૂં બાઇ સાહેબ (બીછાવે છે.)

ફુઇબા--ભાઇ લાંબી મુસાફરીથી થાક લાગી ગયો હશે જેથી આ પલંગ ઉપર આરામ લઈ સુઇ જા.

હલામણ. દુહો.

સુખની સજ્યા ન હોય, સય્યાએ સુવાય નહિ.
હલામણને હોય, સોન વિજોગે સાથરો

ફઇબા સોન મારા દેશવટાના સમાચાર સાંભળી અત્યંત દુઃખી અવસ્થામાં દીવસ ગુજારે છે અને હું અત્રે પલંગ ઉપર પોઢી આરામ લઉ તે ક્ષત્રી કુળને કદી છાજતું નથી.

ફુઇબા—ભાઈ તારી મરજી ન હોય તો પથારી ઉપર આરામ લે

હલામણ--હા ! વિજોગીને તો તેજ છાજતું કહેવાય.

ફુઇબા—દાસી બીછાનું તૈયાર કર

દાસી—બહુ સારૂં (તૈયાર કરે છે)

ફુઇબા—લે ભાઇ હવે જરા વિશ્રાંતી લે એટલે તારા શરીરને સુખ આવશે.

હલામણ—જ્યારે મારા પીતાશ્રીએ મારા ઉપર કલંક નાખ્યું છે ત્યારથી સુખ તો નાશ પામ્યું છે.

ફુઇબા—ભાઈની બુદ્ધિ ભ્રષ્ટ થઇ તો તેને યોગ્ય શીક્ષાએ પહોંચાડવાને હું સમર્થ છું તારે જરાપણ વિચાર ન કરવો.

હલામણ--ફુઇબા તે વિશે હું કાંઇ ડરતો નથી પરંતુ સોનનું દુઃખ સાંભરે છે.

ફુઇબા—જેવી ઇશ્વરની મરજી. (હલામણ સુઇ જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ સોનનો ઉતારો.

પાત્રો—સોન લક્ષમી પાછળથી શીયોજી

સોન—અરેરે પરમેશ્વર ! હવે તો દુઃખનો છેડો લાવ; હાય ? પ્રાણનાથ મેં પાપણીએ તમોને દેશવટો અપાવી નિરાશ કર્યા અરે ત્યાં તમારે કેવાં કેવાં સંકટ વેઠવાં પડતાં હશે અરે હું દુષ્ટ ખરેખર આપને દુઃખનું કારણ રૂપ થઈ પડી હે જગતનિયંતા પરમેશ્વર હવે જલદી મારા દુઃખનો છેડો લાવ હાય ? સ્વામીનાથ ! સ્વામીનાથ,

રાગ બનજારો.

નમું અંબિકા આનંદ કારી, મુજ સંકટ દેજો તારી. ટેક.
પતી વિના હું દુઃખીયારી, કરો સ્વામીથી સુખીઆરીરે.
દુષ્ટ લેખ ભવિષ્યના ભારી, નમુ અંબિકા.
પ્રીતમ મારાનો પ્યાર, મેં કર્યા તેને ખ્વાર.
પુત્રી શીશ નમાવે આવારી, નમુ અંબિકા.
તું તૈયાર થા મમ દાસી, જઉ શોધવા નાથ વનવાસી
લઉં ભેટી હું સુખ અપારી, નમુ અંબિકા.

(એટલામાં શીયોજી પ્રવેશ કરી)

શીયોજી—કેમ ! પ્રીયા ? હવે તારો જુસ્સો નરમ પડયો હશે.

સોન—અરે ! પ્રીયા કહેનાર પાપી દુષ્ટ ખસ અહીંથી.

શીયોજી—હે ! કોમળાંગી, કામ કદળી, હે સુવદને ? હવે તું શા માટે ગભરાય છે. ધીરજ રાખી શાન્તપણે સ્વાધીન થા

સોન—અરે દુષ્ટ પ્યારી કહેતાં તારી જીભ કેમ નથી કપાતી.

લક્ષ્મી—મહારાજા. ક્ષમા કરો ક્ષમા કરો તેમાં તમારૂં કાંઇપણ વળવાનું નથી ક્ષમા કરો,

શીયોજી—ચુપ ! ચુપ ! ગુલામડી બેશ તારે ઠેકાણે ? (સોનને) કેમ ! સ્વાધીન થાય છે કે નહી ! તું એમ નહી ધાર કે હલામણ આવશે ત્યારે હું તેમની સાથે ભોગ ભોગવી વિરહાગ્નિ શાન્ત પાડીશ પરંતુ એમ નહી સમજ જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી તે કદી પણ આ નગરમાં પ્રવેશ કરી શકવાનો નથી.

સોન—અરે દુષ્ટ ? તો પણ શું થયું મારા સ્વામીનાથના નામની માળા જપીને હું મારો જન્મારો સફળ કરી માનીશ પરંતુ

તારા જેવા બાયલાની સાથે હું કદી પણ પાણી ગ્રહણ કરવાની નથી તે ખચીત સમજજે.

શીયોજી—નહીં માને કેમ ? દુષ્ટ હલામણ શુરવીર ? અને હું બાયલો છું કેમ ?

(એમ કહી તલવાર કાઢવા જાય છે ત્યાં) મારો, મારો, મારો, (અવાજ સાંભળીને)

આહા ? ? આ શું ! કોઇ શત્રુએ શહેરને ઘેર્યું જણાય છે ? ઠીક ચાલ ત્યાં જઇ પહોંચું પ્યારી તું વિચાર કરી રાખજે હું કદી તને છોડવાનો નથી.

લશ્કર--મારો-મારો-મારો પાપીને પકડો-પકડો.

શીયોજી—ચાલ ! એક વખત ત્યાં જઇને પછી આવું છું.

(જાય છે.)

લક્ષમી—બાઈ સાહેબ ચંડાળ પાછળ પડયો છે તે કેડ મુકે તેમ નથી માટે હવે જલદી નાસી જઇએ તો ઠીક.

સોન—હા દાસી ચાલો નહીતર વળી હેરાન થવું પડશે.

(જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રણસંગ્રામ.

પાત્ર—શીયાજી—રૂપસીંહ.

શીયોજી—અરે દુષ્ટ ચંડાળ તને થોડીજ ખબર છે કે આ બહાદુર શુરવીર શીયોજી તારો ક્ષણ વારમાં નાશ કરશે.

રૂપસીંહ—જે કુતરૂ મ્હોડે ભસેછે તે કદી કરડતું નથી મેદાનમાં સામો આવી શમશેર ચલાવી જો, એટલે માલુમ પડે.

શીયોજી— રાગ ક્ષત્રીકલંક.

તું સાંભળ રૂપસીંહ રાય, રણમાં રોળી તને નાખું રે.
નકી પાડીશ હું તારી કાય, રણમાં.
અહીં નહી તું ફાવી જાય, રણમાં.
સીંહ સામો શીયાળ શું થાય, રણમાં.
ભલે આજે આવ્યો પ્રસંગ. રણમાં.
ઘેર બેઠા નાવાનું ગંગ. રણમાં.

રૂપસીંહ—અરે ગજરાજને શીંગડુ મારી પાડો કેટલે દુર જવાનો છે હું તારી ધમકીથી કદી ડરનાર નથી સામો આવી શમશેર ચલાવ.

(બંને તરફના લશ્કર ઘણા જોશથી લડેછે તેમાં શીયોજી હારતા નાસી જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ રસ્તો.

પાત્રો—શીયોજીનો વિચાર.

શીયોજી—અરે હું કેવો દુષ્ટ આ વખતે જો હલામણ અહીં હાજર હોત તો કદી પણ હાર પામત નહીં અરેરે શંકરા મારી મતી ફરી ગઇ ! વિધાત્રા તું વિપરીત થઇ ! અરે સોન તું જે મારી પુત્રી બરાબર તેને મેં પ્યારીના ઉપનામથી બોલાવી આ નીચ દુષ્ટ શીયાજીએ બહુજ દુઃખી કરી સતાવી છે. હાય ! હવે હું શું કરૂ ઓ હલામણ તારા સર્વ વચન યાદ આવે છે. અરે હું કામાંન્ધ મતી મંન્દ વિષ્યાશકત થઇ ભોગની આશાએ નીમક હરામ બ્રાહ્મણની પાસે હલામણના પુરા કરેલા પ્રશ્નમાં નામ ફારફેર કરી ડાટ વાળવા ચુકયો નહી અરે એટલુંજ નહી પણ તને છેવટ દેશ નિકાલ કરી મહા દુઃખના, દરીઆમાં ડુબાવ્યો હે ! પ્યારા પુત્ર હું ખરેખર તારો અપરાધી છઉ અરે મેં ગમારે તારા પર સાહસ કર્યું હે ! જીવ હવે વિચાર છોડી દે કારણ હાથના કરેલાં હૈયે વાગ્યાં છે. ચાલ હવે ઝટ નાસી જઉ નહીતર વળી દુઃશ્મનો હેરાન કરશે. (જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ રૂપસીંહનો તંબુ.

પાત્ર—રૂપસીહ, શેર એક અને દાસીઓ પાછળથી વિવેક સાગર

રૂપસીંહ—આહા ! સોન ! સોન સોન ! જ્યારથી તને એક વખત બાગમાં નજરે નિહાળી છે ત્યારથી મારૂં મન મહા શોક સમુદ્રમાં મળવા આતુર થઇ રહ્યું છે.

દુહો.

લાંબા પહેરે ઘાઘરા, પેટ ડમરીયું
વારૂ સોનના ઉપરે, લઇ સોળસે સુમરીયું.

ચાલ પ્રથમ તો દાસીને મોકલી ખબર આપું ત્યારપછી જવું

તેજ વાજબી છે. સીપાઇ

શેરએક—જી ! હાજર.

રૂપસીંહ—દાસીઓકુ બુલવાવ.

શેરએક—અચ્છા. (બોલાવી લાવે છે)

દાસીઓ—મહારાજા આપની દાસીઓ સેવામાં હાજર છે.

રૂપસીંહ—તમો સર્વે સોનની પાસે જાઓ અને કહેવું કે અ-મારા મહારાજા રૂપસીંહ પધારે છે પાછા તમારામાંથી થોડીક અત્રે જવાબ દેવા જલ્દી આવો.

દાસીઓ—બહુ સારૂં મહારાજા. (જાયછે)

રૂપસીંહ—બસ બસ ! દાસી સમાચાર લઇને આવે કે તુરત પ્રાણ પ્યારીને ભેટી જલદી ચુંબન કરી વિરહાગ્નિ શાન્ત પાડું કારણ ! જેને માટેજ આટલો શ્રમ લેવો પડયો છે.

દાસીઓ—(આવીને) મહારાજાધીરાજ અમોએ ત્યાં જઇ સો-નની તપાસ કરતાં માલુમ પડયું કે તે તો તેમના મહેલમાંથી દાસી સહીત નાસી ગયેલ છે.

રૂપસીંહ—અરે ! તમે આ શું ? બોલો છો ? શું ! સોન નાસી ગઇ. હાય ! અરે જેને માટે મેં આટલું આટલું દુઃખ સહન કરી જય મેળવ્યો તે સઘળું ફોગટ ગયું ઠીક ચાલ ! જઇને ત-પાસ કરૂં. (વિચાર કરીને) અરે મન હવે ફાંફાં શા માટે મારે છે તે કદી પણ હાથ લાગે તેમ નથી કારણ-" જના સો ફના " પાપી માણુસ કોઇ દીવસ સુખ ભોગવતોજ નથી. (પ્રધાનને) પ્રધા નજી શહેરમાં દુવાઇ ફેરવો અને તમામ રૈયતને શાન્ત પાડી રાજ્ય કારોબાર બરાબર ચલાવી રૈયતને સુખી કરો.

વિવેકસાગર—બહુ સારૂ મહારાજા. (જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ સીંધનું જંગલ.

પાત્રો—હલામણ; સોન; લક્ષ્મી; વીગેરે.

હલામણ—આહાહા ! જગદીશ્વર આ અઘોર જંગલમાં મને કાંઇ સુજના પડતી નથી, હાય ! મારો જીવ પાણી વિના તરફડીઆ મારે છે, અરે ! મારો પ્રાણ મોતની અણી ઉપર છે. ત્યારે હવે હું શું કરૂં, પાણી કયાં જઇ શોધું. (વાવ દેખી) વાહ ! પેલી વાવ

જણાય છે ત્યાં પાણી પીને પ્રાણ બચાવું. (વાવમાં ઉતરી પાણી પીએ છે બાદ) ઓ ? પ્યારી ! સોન તું અત્યારે કયાં હોઇશ ! શું શું ? દુઃખ સહન કરતી હોઇશ. હે ? સચરાચર પરમાત્મા સહાય થા ! સહાય થા.

રાગ—દેખા નહીં કછુ સાર જગતમે.

પામ્યો નહીં કાંઇ પાર, અરણ્યમે પામ્યો નહીં કાંઇ પાર,
થયો પ્યારી વિના દુઃખકાર, અરણ્યમે પામ્યો નહીં કાંઇ પાર. ટેક.
પાપી પીતાના પાસમાં ડુલી, પ્રીયા કરે પોકાર
રાજ્યપાટનું સુખ તજાવ્યું, કષ્ટ ઇશ ઉતાર, અરણ્યમે.
જ્યાં જાઉં ત્યાં દુઃખને દેખું, નહીં હે સુખ લગાર,
હાય પીતા કૃતઘ્ની ઠરાવી, કાઢયો મુજને બહાર, અરણ્યમે.

અરે સુખની દેનારી સોન તું કયાં રહી, હું અભાગી દુઃખનો દેનારો પ્યારી તારા વિયોગથી મહા શોક સમુદ્રમા આવી પડયો છું.

(એટલામાં સર્પ આવી એકદમ અંગુઠે કરડે છે.)

અરે ! હાય ?! આ દુષ્ટ સર્પ વળી આવી એકદમ અંગુઠે ડસ્યો ! અરે ! હવે તો નકી હું જીવવાનો નથી, પ્યારી ! આ તારો પ્રીતમ તને દુઃખમાં નાંખી દુઃખી થઇ સ્વર્ગ સિધાવે છે, હાય હાય ! ભગવાન હવે હું શું કરૂં. અરે ! પાપી સર્પ તેં આ કયા ભવનું વેર વાળ્યું ! પ્યારી સોન સોન.

રાગ–બરવા વાલ ગજલ.

ઉદાસી હું આ સર્પથી, ડસ્યો અહીં મને,
દુનિયાનો પ્યાર છોડી, પ્યારી દુઃખ તને. ઉદાસી.
અપાર હું દુષ્ટ પ્યારી, દુનિયાદારીમાં,
અરે ઇશ જીવ રહ્યો, પ્યાણ પ્યારીમાં, ઉદાસી
તજી પ્રાણ પ્યારી જઉં, ઔષધ નહી જરા.
પ્રાણ શું બચે હવે, ઓ વિશંભરા, ઉદાસ,
હાય ? પ્યારી ! સોન, સોન, સોન.

દુહો.

વળજે સોન સુજાણ, હું સુતો છેલે સાથરે.
પામી નહીં તું પ્રાણ, અધઘડી આરામની.

(એટલું બોલી મણું પામે છે.)

સોન—દાસી મને પાણીની તૃષા ઘણીજ લાગી છે. માટે પેલી વાત્રમાંથી જલદી ભરીને લઇ આવ તો પ્રાણ બચાવું.

લક્ષ્મી—બાઇ સાહેબ જઉં છું ધીરજ રાખો.

સોન—જા ! વહેલી આવજે.

લક્ષ્મી—હમણા આવું છું. (જાય છે.)

પાણી ભરવા જતા રસ્તામાં હલામણને સુતેલો જોઇ)

લક્ષ્મી—અરે ! આ અધોર જંગલમાં અહીં કોણ સુતુ છે. (એમ કહી સાદ કરે છે.) અરે ! અહીં કોણ સુતુ છે (ન બોલતા) અરે તે તો જવાબ નથી આપતું (મુખ પરથી કપડું લઇ તપાસ કરતા હલામણને જોઇ) અરે ! કોણ હલામણ ! મારી બાઇ સાહેબના પ્રાણપતી વાહ ! શુકન તો ફતેહના છે. ચાલ ! જગાડું; હલામણજી હલામણજી હવે તો જાગો અરે ! કેમ નહી બોલતા હોય ચાલ ! પુરે પુરો તપાસ કરૂં (તપાસ કરતા મુવેલા માલમ પડતા) હાય ! પરમેશ્વર ! તેં આ શું કર્યું અરે શું તેમણે તો સ્વર્ગમાં વાસ કર્યો જણાય છે અરે! હવે હું શું કરૂં રે બાપલીઆ હું કયાં જઉં અરે રાજકુમાર તમને અમારી દયા ન આવી હાય ! હવે ચાલ મારી સાહેબને જઇ ખબર આપુ અરે ! પણ તેને તો છેવટ સુધી દુઃખ નું દુઃખજ રહ્યું તેણે સુખ તો સ્વપ્નામાં પણ નહી દીઠું.

(રોતી રોતી સોન પાસે આવે છે તે જોઇ.)

સોન—અરે દાસી તું કેમ રૂવે છે શું પાણી ન મળ્યું તો કંઇ ફીકર નહી !

લક્ષ્મી—હાય હાયરે ! દૈવ બહુ ભુડું કર્યું.

સોન—અરે ! બેન તેવું શું વિપરીત થયું તે હોય તે વાતકર.

લક્ષ્મી—બાઇ સાહેબ કહેતા જીભ ચાલતી.

સોન દાસી તારા બોલવા ઉપરથી મારા મનમાં વહેમ આવે છે. માટે જલદી વાત કર.

લક્ષ્મી—બાઇ સાહેબ આ વાતમાં એક ઝાડવા નીચે હલામણ સુતેલા છે મેં ઘણાં સાદ કર્યા તો પણ ન બોલ્યા જેથી તપાસ કરતા મરી ગયેલા નજરે આવે છે.

સોન—હાય ! શું પ્રાણ પતીએ મને દુઃખી આરી કરી દેહત્યાગ

કર્યો અરે ! દાસી ચાલ જલ્દી મને બતાવ અરેરે ! સ્વામીનાથ તમે આ શું કર્યું.

લક્ષ્મી—ચાલો બાઇ સાહેબ.   (જાય છે.)

સોન—(રસ્તે) હાય હાય હવે હું શું કરૂં અરે ! પ્રાણપતી તમને કેમ દયા ના આવી (એટલામાં હલામણ સુતો છે ત્યાં જઇ પહોંચતા) હાય ! હાય ! રે સ્વામીનાથ ગજબ કર્યોરે દૈવ (એમ કહી માથુ ખોળામાં લઇ રૂદન કરે છે.) અરે વિધાત્રા તું વિપરીત થઇ ગઇ ! હે પ્રાણપતી–તમે આ શું કર્યું અરે ! હું અભાગી હવે શું કરૂં અરે ! કયાં જઇ પડું હે ? પાપી આત્મા હવે તને આ સંસારમાં શું સુખ છે જે તને આ શરિર મુકી જવું ગમતું નથી અરે હું પુરણ પાપીણી હે ! નાથ તમને મેં બહુ દુ:ખી કરી છેવટ આવી દુર્દશાને પ્રાપ્ત કર્યા.

રાગ લલીત.

અરર નાથરે, શું તમે કર્યું. કર્મ માહરૂં, આજરે ફર્યું.
થઇ અભાગણી, આજ હું ખરી, હાય હાયરે, શું થશે હરી.
અરર નાથજી, શી કરી ગતી, સ્વરૂપને હવે, શું કરૂં પતી.
સર્વ સુખના, નાવ આપરે, હરી હરી હવે, કષ્ટ કાપરે.
અરરરે ફર્યું, કર્મ માહારૂં, પાપી પ્રાણીઆ, દુ:ખ તાહરૂં.
અબળ જાતની, શીકરી ગતી, હાય હાયરે, શું થશે પતી.
લેખ લલાટના, આવીરે નડયા, પાપ માહરા, આવીને અડયાં.
પ્રાણપતી તમે, સુખ કાપીયું, હરી હરી હવે, કષ્ટ આપીયું.

હે જગતપતી જગદીશ્વર આ નિરાધાર અબળા ઉપર દુખનો વરસાદ વરસાવતા તને દયા કેમ ના આવી અરે ! મારા પ્રાણ કરતા પ્યારા પ્રાણપતીની આ શી ગતી થઇ હું મહાદુખના દરીઆમાં ડોલતી સુખ લેવા સ્વામીની શોધમાં વનોવન ભટકી આ અરણ્યમાં આવી ત્યાં આવો વિપરીત બનાવ નજરે આવ્યો અરે ! હું અભાગણી હવે શું કરૂં સ્વામીનાથ ! મારા ઉપર દયા કરી એક વખત પ્યારી કહી ભેટી પડો.

લક્ષ્મી—બાઇ સાહેબ હવે આપ ગમે તેટલો કલ્પાંત કરશો પણ મ્હોડું દેખવાના નથી માટે કાષ્ટ લાવી અગ્ની સંસ્કારની ક્રીયા કરો તો સારૂં.

સોન—દાસી મને કાંઇ સુજના પડતી નથી હાય હાયરે સ્વામીનાથ આ પર ભુમીની અંદર મને દુઃખીઆરી કરી ચાલ્યા ગયા હાય સ્વામીનાથ દયા લાવોરે નાથ દયા લાવો.

દુહા.

હલામણ ફીસોખેલ, આજ દુઃખના દરીઆ લળ્યાં
અમારી પીંજરકી પરોળ, વીશ વસુ વેણુંના ધણી.
શક તેના ખેલ ચોટ, હલામણને અચંબો હુતો
કેરો હલકો કોટ, જાવા કારણ જેઠવો

હે! સાચી પ્રીતવાળા સ્વામીનાથ આપે મને ત્યાગ કરતાં કાંઇ વિચાર ન કર્યો હાય હાય ! ! હવે મારૂં જીવતર પ્રાણપતી વિના નિર્થક છે. સ્વામીનાથ આ રંડાએ તમને ઘણોજ દગો દીધો છે અરે કોઇ દીવસ ધુમલી બહાર પગ પણ મુકેલ નથી તેને મેં કુભાર્યાએ દેશવટો અપાવી છેવટ સુધીજ દુઃખી કર્યા હર હર શંકરા મારા પાપની તો હવે કાંઇ શીમા રહી નહી.

લક્ષ્મી—બાઇ સાહેબ સંકટ વખતે ધીરજ રાખો જે ભવિષ્યમાં લખ્યુ હોઇ તે કદીકાળે મીથ્યા થનાર નથી સુખ દુઃખ મિશ્રીત થઇ આ શરીર સાથે જોડાયેલા છે તેમાં કોઇનો ઇલાજ કામ આવતો નથી.

સોન—દાસી ચાલ હવે કાષ્ટ વિણી સ્વામીનાથને અગ્નિ સંસ્કાર કરી તેમની સાથે જવાને હું સતી થઇ સ્વામીનાથની સોડમાં ચીતાની અંદર સુઇ આરામ લઉં.

લક્ષ્મી—બાઇ સાહેબ હું પણ આપના તથા ધર્મ મુર્તી હલામણના ગયા પછી અત્રે રહી શું ! સુખ ભોગવવાની હતી જેથી તમારા અગ્નિમાં પ્રવેશ કર્યા પછી ભવોભવ આપનીજ દાસ થઇ રહું એવી આશાએ ચિતાની અંદર પ્રવેશ કરી સાથે આવીશ.

સોન—મારી પ્યારી સુલક્ષણી દાસી અમારા દુઃખમાં તારે દુઃખી થઇ તેમ કરવાની કાંઇ જરૂર નથી અમોજ અમારા કર્મ ભોગવીએ એટલે બસ છે.

લક્ષ્મી—બાઇ સાહેબ આ અસાર સંસારમાં કોઇપણ ઠેકાણે સાચી વસ્તુ જોવામાં આવતી નથી તો પછી મારે અત્રે રહી શું કરવું છે.

સોન—હે ! જગતપીતા આવી પવીત્ર દાસી મને પુન્હ કોઇ જગ્યાએ મળવાની નથી પ્યારી ! લક્ષ્મી જેમ તને યોગ્ય લાગે તેમ કર.

લક્ષ્મી—બાઇ સાહેબ મને એજ યોગ્ય લાગે છે માટે ચાલો કાષ્ટ વિણી ચીતા તૈયાર કરીએ કારણ સ્વર્ગમાં જવાને હવે વીલંબ થાય છે.

સોન—ચાલો ત્યારે (જાય છે)

પ્રવેશ ૧૦ મા.

સ્થળ હલામણની ચીતા

પાત્ર—સોન—લક્ષ્મી—જોગેન્દ્ર હલામણુ વીગેરે

સોન—(ચીતાની પાસે ઉભી રહી) હાય સ્વામીનાથ !

દુહો

હાથાની હદ માંય, મેં વાલી વસ્તુ વિસારીયું.
હૈયા કેરો હાર, હતો હલામણુ જેઠવો.
હલામણને હૈયે, ખોડય ખડકીયાં.
કરવા સ્વર્ગે સાથ, બળવું બરડાના ધણી.

હાય ! સ્વામીનાથ ફુલ સય્યાના પહોડનારા આજે આ દુષ્ટ સોને નિર્દય થઇ તમારા ઉપર કાષ્ટ ખડકતાં કાંઇ દયા લાવતી નથી

દુહો.

ડુંગર ઉપર દાહ બળે, ખનખન જરે અંગાર.
બાકી હેડી જલ જરે, તાકા બુરા હવાલ
બળે મીંઢોળ બાંધીયા, હલામણને હાથ.
કરવા સ્વર્ગે સાથ, બળવું બરડાના ધણી.

સ્વામીનાથ હું આપની અર્ધાંગના દાસી આપની હજુર સેવામાં સ્વર્ગ વિશે જલદી આવું છું. હે ! પરમાત્મા જન્મો જન્મ હલામણુ પતી અને લક્ષ્મીનેજ દાસી આપજે એવી આ આપની બાળકીની વિનંતી છે.

(એમ કહી ચિતામાં અગ્નિ પ્રવેશ કરે છે તેટલામાં)

જોગેન્દ્ર—ક્યું ! બચ્ચા કાયકુ બાસ્તે જંગલમેં છદર ખડી હે ઔર કાષ્ટમેં અગ્નિ પ્રવેશ કાયકુ બાસ્તે કીયા હે

સોન—યોગીરાજ યે ગરીબ દાસી આપકા ચર્ણ કમળ મેં

શીશ નમાતી હે

જોગેન્દ્ર—બચ્ચા ! તેરા અખંડ એવાતણુ રહેગા

સોન—યોગીરાજ આપકા બોલનેમે ફેર હુવા મેરા અખંડ એ-વાતણુ તો નહી હે

યોગેન્દ્ર—કયું !

સોન—મહારાજ ! મેરા સ્વામીકું યહ જંગલ મેં સર્પ ડંશ હુવા થા મગર તેમના ધર્માત્મા પ્રાન પરમાત્માકી હજુર પહોંચ ગયે હે, ઉસ્કી યહ ચિતા મે અગ્નિ પ્રવેશ કીયા હે ઔર મેંભી ઉ-સ્કી સાથ જાનેકુ સતી થવા તૈયાર હુઇ હુ.

લક્ષ્મી—યોગીરાય યે સચબાત હે મેં ઇસ્કી દાસી હું મગર મેં ભી ઉસ્કી સાથ ચિતા પ્રવેશ કરનેકુ તૈયાર હુઇ હું ઔર મેરી બાઇકા અખંડ એવાતણુ નહીં હે.

જોગેન્દ્ર—એસા હે કયું ? અચ્છા ! ખડેરો મેરા બચન કભી જુઠ નહી પડેગા તુમ દોનું એક બાજુ ઠેરો.

સોન, લક્ષ્મી—અચ્છા મહારાજ

જોગેન્દ્ર—(ચીતાની પાસે જઇ કાષ્ઠને ધકો મારી નીચે ઉ-તારી હલામણુનો અંગુઠો પકડી) કયું બચ્ચા ઇદર સો રહા હે મા લુમ નહી હે તેરી ઔરત ઔર દાસી દેનું દુઃખી હોકર ઉદર ખડા હે ચલ ઉઠ ! જલદીસેં.

હલામણુ—(એકદમ ઉભો થઇ હાથ જોડી) યોગેશ્વર મેં આપકા ચરણુ કમળને શીશ નમાતા હું ઔર આપે મેરેકું જીવીત દાન દેકર ઉપકારી કીયા હે

જોગેન્દ્ર—બચ્ચા તું કહા રહેતે હો ઔર કોન હો

હલામણુ—મહારાજ મેં જેસા હું જેસા આપ સર્વજ્ઞ જાનતે હો

જોગેન્દ્ર—(સમાધી લગાવી થોડીવારે) બચ્ચા તેં ધુમલીના રાજા શીયાજીના લડકા હલામણુ હો ઔર યે (સોન તરફ આંગ-ળી કરી) બાલંભાના રાજા રાજસીંહકી પુત્રી સોન ઔર તેરી રા-ની હે મગર યે તેરી દાસી લક્ષ્મી હે ઔર તેરા પીતા શીયાજીએ તેરી રાની લેનેકુ બાસ્તે દુષ્ટ બિચાર કરકે તેરેકુ દેશનિકાલ કીયા હે કયું

હલામણુ—મહારાજ સચ બાત હે

જોગેન્દ્ર—બચ્ચા તેરા પીતાકી સાથ રૂપસીંહ રાજાએ લડાઇ

કરકે રાજ્ય ખુંચ લીયા હે ઓર તેરા બાપ વાંસે છુપી રીતસે ભાગકર ચલે ગયા હે ઓર તેરા ઉપર અનર્થ કીયા ઇસકા બડા પશ્ચાતાપ કરતા હે

હલામણ—મહારાજ આપ સત્ય સ્વરૂપ કા દર્શન હુવા યે મેરા સુર્ય ઉદય હુવાહે ઓર આપ ઇશ્વર સ્વરૂપ કું હમ નમસ્કાર કરતે હે.

જોગેન્દ્ર—બચ્ચા તે સત્ય હો ઓર યે બખ્ત તુરેકુ આપસો માંગ મે-તેરે બરદાન દેતા હુ.

હલામણ—મહારાજ દુસરા મેં ક્યા યાચના કરૂં મેરેકુ જીવીત પરયંત સર્વ જગ્ત નિયંતા પરમાત્માકા ભજન ચહીયે દુસરા કુછ નહી ચહીએ

જોગેન્દ્ર—બચ્ચા તે તેરા બાપકા બેર લેકે રૂપસીંહ કુ હરાકર તેરેકુ તેરા રાજ્ય પાછા મીલેગા ઓર તેની સતી રાણીકુ સાથ જાદા વર્ષ સુખ ભોગવકે સચ્ચિદાનંદ સ્વરૂપ મે લીન હોકર મોક્ષમે નિવાસ કરેગા

હલામણ—તથાસ્તુ.

સોન—મહારાજ મેરા સ્વામીનાથકુ જીવીત દાન દીયા ઓર મેરેકુ દુઃખ નિવારણ કરકે સુખમે ડાલીયે યે તુમારા બડા ઉપકાર માનતી હું ઓર મેરા અપરાધ ક્ષમા કરના ચહીએ.

જોગેન્દ્ર—બચ્ચા સચ્ચિદાનંદકી કૃપાસે એસા કામ હુવાહે (એમ કહી અંતર ધ્યાન થાય છે.)

હલામણ— પ્યારી તું અહી કેવી રીતે આવી.

સોન—સ્વામીનાથ આપની શોધમાં નીકળી હતી ને આ વનમાં આવતા દાસીને પાણી ભરવા મોકલી તેણે તમને સુતેલા જોયા અને જગાડવા માટે ઘણા સાદ કર્યા પરંતું બોલ્યા નહી ત્યાં મોઢું ઉઘાડું કરી તપાસ કરતા આપને સર્પ ડંશ થયો છે એમ ધારી મારી પાસે આવી વાત જાહેર કરી હું રૂદન કરતી આપની પાસે આવી ઘણો કલ્પાંત કર્યો છેવટે નિરાશ થઇ કાષ્ટ લાવી ચીતા તેયાર કરી અગ્નિ પ્રવેશ કરી હું સતી થવાની અણી ઉપર હતી તેવામાં યોગીશ્વરે આવી આપને તથા મને ને દાસી સહીત જીવત દાન આપી સુખીયા કર્યા છે.

હલામણુ—પ્યારી દાસી લક્ષ્મી તેં અમો બંને જણુને ઘણોજ ઉપકાર કર્યો છે. તેનો બદલો અમારાથી કીંચિન્ત માત્ર વળે એમ નથી.

લક્ષ્મી—મહારાજ મેં ફક્ત દાસીનોજ ધર્મ બજાવ્યો છે તેમાં ઉપકાર માનવા જેવું મેં કાંઇ મોટું કાર્ય કર્યું નથી જેથી હું તેવી ઉપમાંને બીલકુલ લાયક નથી.

સોન—સ્વામીનાથ આપના દર્શનથી આ દાસીના ઉત્સાહ ભરેલા ભાગ્યનો કાંઇ પાર રહ્યોજ નથી.

હલામણુ— પ્યારી ઇશ્વરની કૃપા હતી તો સર્વ સારૂ થયું હવે આપણે અત્રેથી ચાલો ફુઇબાને ત્યાં જઇ પહોંચીએ.

સોન—પ્રાણનાથ ફુઇબાનું શહેર અહીથી કેટલે દુર છે.

હલામણુ—નજદીક છે. ચાલો પ્રીયા.

સોન—સ્વામીનાથ ! આપના પ્રેમને હું આધીન છું,; (ચાલો જાય છે)

અંક ૫ મો,

પાત્રો

હલામણુ	... ...	ધુમલીનો રાજા.
ફુઇબા	... ...	હલામણુની ફુઇ.
સોન	... ...	તેની સ્ત્રી.
લક્ષ્મી	... ...	તેની દાસી.
રૂપસીહ	... ...	હલામણુનો શત્રુ.
વિવેકસાગર	... ...	હલામણુનો પ્રધાન.
શીયોજી	... ...	તેનો પીતા.
ચંદ	... ...	બારોટ.
ગંગારામ	... ...	બ્રાહ્મણુ.
પતીહાર	... ...	નેકી પોકારનાર.

ઉદયસીહ—દાસીઓ. લાડુ ભટ. શીયોજી. ચંદ બારોટ. રાજસીહ. ભાનુમતી વીગેરે.

પ્રવેશ ૧ લો.

સ્થળ ફૂઇબાનું ભુવન.

પાત્રો–હલામણ–સોન–ફૂઇબા–લક્ષ્મી.

ફૂઇબા—દાસી આજ ત્રણ રોજ થયાં પરંતુ હમાલણ કેમ આવ્યા નહિ હોય.

દાસી—બાઇ સાહેબ તેમના કોઇ મીત્રો મળ્યા હશે એટલે ચાલવા નહી દીધા હોય.

હલામણ—(પ્રવેશ કરી) ફૂઇબા વંદન કરું છું.

ફૂઇબા—કોણ બાઇ હલામણ.

હલામણ—હશેજ.

ફૂઇબા—આટલારોજ ક્યાં હતા.

હલામણ—ફૂઇબા વૃત્તાંત સાંભળવા જેવો છે.

ફૂઇબા—વારૂ ! ભાઈ આ બે બાઇઓ તારી સાથે કોણ છે.

હલામણ—જેના વિના અપાર દુઃખ સહન કરી વનવાસ ભોગવતો હતો તેજ આ તમારા ભત્રીજા હલામણની પ્રાણપ્યારી સોન અને આ [લક્ષ્મી તરફ આંગળી કરી] પવીત્ર સુખ દુઃખની વિભાગી દાસીએ અમને ઘણોજ ઉપકાર કર્યો છે.

સોન—ફૂઇબા પાય પડું છું.

ફૂઇબા—અખંડ એવાતણ.

લક્ષ્મી—આ આપની ગરીબ દાસી વંદન કરે છે.

ફૂઇબા—સુખી રહો [હલામણને] ભાઈ તમારો હેવાલ અને આ કુળ વધુ સોનનો કેવી રીતે મેલાપ થયો.

હલામણ—ફૂઇબા હું અત્રેથી આપની રજા લઇ ઘોડો ખેલવવા ગયો તે વખતે ઘોડાએ તોફાન કરવાથી એકદમ જંગલમાં લઈ ચાલ્યો તાપ બહુ હોવાથી પાણીની તરશ લાગી જેથી નીચે ઉતરી જંગલમાં વાવ હોવાથી પાણી પીઇને જરા આરામ લેવા વૃક્ષ નીચે બેઠો હતો. તેટલામાં એકદમ સર્પ આવી અંગુઠે ડસતા મર્ણ પામ્યો હતો પર્યંત મારી પ્રાણ પ્યારી સોન તથા દાસી લક્ષ્મી શોધમાં નિકળેલા ત્યાં સોનને પણ પાણીની પ્યાસ થવાથી દાસીને ,પાણી ભરવા તે વનમાં મોકલી દાસી વાવ નજદીક આવતા મને સુતેલો જોયો તો તપાસ કરતા હું મર્ણ પામેલો માલુમ પડવાથી તેણે એ-

કદમ જઇ સોનને વાત જાહેર કરી જેથી સોન કલ્પાંત કરતી એક- દમ મારી પાસે આવી રૂદન કરી છેવટ કાષ્ટ લાવી મને અંન્દર સુવરાવી અગ્નિ પ્રવેશ કરી સોન તથા દાસી લક્ષ્મી મારી સાથે સ્વર્ગમાં આવવા અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતા તેટલામાં કોઈ અદ્દભુત દેખીતાજ ઇશ્વર સ્વરૂપ જોગેન્દ્રએ એકદમ આવી મને મુવેલાને જીવીત દાન આપી સુખી કર્યા છે.

ફઇબા--પુત્ર તારો તથા સોનના સંકટનો કાંઇ સીમા રહ્યો નથી.

સોન--ફઇબા આપની કૃપા હતી તો સર્વે સારૂ થયું.

ફઇબા—કુળ વધુ તારા સત્ય અને પતિવ્રતનાજ પ્રતાપે મારા પ્યારા પુત્ર હલામણને યોગેશ્વર મળી જીવીત દાન આપ્યું નહીતર હું અભાગણીના શા હાલ થાત અરે મારા ભાઇના એકજ એક પુત્રની એવી દશા સાંભરત ત્યારે મારા દુઃખનો કાંઇ પારજ રહેત નહી.

હલામણ—ફઇબા સુખ દુઃખ મનુષ્યને હમેશ કર્મ અનુસારે આવે છે તેમાં નવાઇ નથી.

ફઇબા—બાઈ હવે તારા પીતાશ્રીનું શું કરવું છે તેમને તો ઘટતી સજાએ પહોંચાડવા જોઇએ.

હલામણ—ફઇબા ! ગમે તેમ તો અમે તેના છોરૂ અને તે અમારા વડીલ છે છતા તેણે જે કર્મ કર્યું તે કાંઇ તેણે કર્યું નથી તે તો વિધાત્રાના લખેલ અંક કદીજ જુદા પડે તેમ નથી.

ફઇબા—ત્યારે !

હલામણ—તેમાં પણ વિપરીત થયું છે.

ફઇબા—વળી વિપરીત શું.

હલામણ—યોગેન્દ્ર એ યોગ દ્રષ્ટીથી તપાસ કરી કહ્યું છે કે તારા પીતા ઉપર રૂપસીહ—રાજાએ લડાઇ કરી રાજ્ય લઈ લીધું છે અને શીયાજી નાસી ગયો છે માટે મારા પીતાશ્રીને શોધવા એકદમ માણસ મોકલવા મે ચોકસ ઠરાવ કર્યો છે.

ફઇબા—શું ! દુષ્ટ રૂપસીંહે રાજ્ય લઇને ત્યાં સુખ ભોગવવા- ની ઇચ્છા રાખી બેઠો છે અરે ! સીપાઈ ?

સીપાઈ—હાજર.

ફઇબા—જા ઉદયસીંહને બોલાવી લાવ.

સીપાઈ—બાઈ સાહેબ જાઉં છું (જાય છે)

હલામણ—ફઇબા મારા પીતાશ્રીની શોધમાં માણુસ મોકલ્યા પછીજ ધુમલી ઘેરો ઘાલવો છે.

ઉદયસીંહ—[પ્રવેશ કરી] કેમ ! બાઇ સાહેબ આપે યાદ કર્યો.

ફઇબા—આપણું સર્વે લશ્કર તૈયાર કરી હલામણુને સ્વાધીન કરો કે તે જઈ દુષ્ટ રૂપસીંહને પારપત કરે અને તમો જઈ મારા ભાઈ શીયાજીની શોધ કરી જલ્દી ધુમલી જઇ પહોચીને લડાઇમાં મદદ કરો.

ઉદયસીંહ—બહુ સારૂ બાઈ સાહેબ (જાય છે)

નેપથ્યમાં— ગીતી.

ભોજન સમય થયો છે, કૃપા કરીને પધારીએ આપ.
ઉષ્ણ જળ સહ વિધી, પુંજા કરીને ટાળો ભવના તાપ.

ફઇબા—ભાઈ ચાલો પાણી તૈયાર છે નાહી પુજા કરી ભોજન ઉપર બેસો.

હલામણ—ચાલો ફઇબા. (જાયછે.)

પ્રવેશ ૨ જો.

ધુમલીને પાદર રણસંગ્રામ.

પાત્રો—હલામણ અને રૂપસીંહ.

હલામણ—અરે ! દુષ્ટ ચંડાળના રાજા વિષય વાસનાની ઇચ્છાએ તેં મારી ગેરહાજરીમાં મારા પીતાશ્રી સાથે યુદ્ધ કરી જીત મેળવી સુખી થવાનો ઇરાદો રાખે છે ? પરંતુ તને થોડીજ ખબર છે કે આ બહાદુર શીયાજીનો તન હલામણ તને કદી છોડવાનો નથી. અરે ! તેં મણીધરના ભોણમાં હાથ નાંખ્યો છે તે કેમ કરી જીવતો રહીશ.

રૂપસીંહ—જે કુતરૂ મ્હોડે ભસે છે તે કદી કરડતું નથી, તારૂં નિર્બળ સૈન્ય મારા બહાદુર યોદ્ધાઓ આગળ કેટલુંક ટકર ઝીલી શકવાનું છે તેનો વિચાર કરી જો.

હલામણ—અરે દુષ્ટ ? જોરાવર હસ્તીને વશ રાખવા ફકત ઝીણા અંકુશનોજ ખપ પડે છે. નાનો દીવો મોટા તેજનો દેખાવ આપે છે તો તારા બહોળા સૈન્ય અને તારા બાયલા સરખા બહાદુર યોદ્ધાઓને પાર પત કરવાને ફક્ત હું એકલોજ બસ છું તેનો વિચાર કરી લે ? ગમાર તું ચુપ રહે.

રૂપચંદ—નાની ઉંમરમાં મોટાઇ રાખવી તે સારૂં નહી! એક વખત યુધ્ધે ઉતરીશ ત્યારેજ માલુમ પડશે.

હલામણ—અરે! તારા કરોડો શીયાળને હું નાનો કેસરી સીંહ કેવી રીતે ભક્ષ કરૂં છું તે તપાસી જોજે.

રાગ-ક્ષત્રીકલંક.

તું માન રૂપસીંહ આવાર, ક્ષત્રી યુધ્ધે નહી ડરેરે.
આવી રણમાં કરી જો પસાર, ક્ષત્રી.
હું મારીશ તુજને હાર, ક્ષત્રી.
દુષ્ટ તારાથી નથી હું ડરનાર, ક્ષત્રી.
જો હોઉં ક્ષત્રી કુળ બાળ, ક્ષત્રી.
તો તજાવું હું તારા પ્રાણ, ક્ષત્રી.
ધીક ધીક પાપી તને વ્યભિચાર, ક્ષત્રી.
તેં મુકયો રજપુત કુળાચાર, ક્ષત્રી.
હવે મુક તું શરીર જતન, ક્ષત્રી.
નકી કરીશ હું રણમાં પતન, ક્ષત્રી.

અરે દુષ્ટ ચંડાળ ખરા ક્ષત્રી સીંહ બચ્ચાના હાથના સપાટામાં તું કોઇ દીવસ નથી આવ્યો પરંતુ તને ખરેખર હવેજ ખબર પડશે માટે થા તૈયાર?

(એમ કહેતાં બંને તરફના લશ્કર પુર જોશમાં આવી ખુબ લડે છે છેવટે રૂપસીંહ મરાય છે એટલે)

શેરખા—કીને મારા કીને મારા.

નુરખા—મેંને મારા.

જમાલખા—અરે મેરે બડે ભાઈ તુમ તો સબ સો ગયે થે ઓર મેં એકીલે મારા!

કરીમખા—ક્યું યાર કુછ કેનેકી બાત નહી! કેસી તોપુકા બહાર હોતાથા કે સારા લશ્કર કાટ ડાલા.

રહીમખા—અરે યાર! ઈસમે કઇ બડી બાત હે? જબ તોપુકા બહાર હોતા થા ઈસ બખત મે કપડે કાઢ કર ઉઘાડે બાંસે પરસુ કે દીન જુનાગઢકી મસીતમે નિમાજ પઢતા થા.

નુરખા—યાર! તુમ તો બડા ચાલાક હો.

રહીમખા—ચાલાક કયું નહી હોવે હમ કુછ કમતી હે? દર-

રોજ સાડા તેર પૌંડ આટકી ભાખરી પકા કર સારા પેટમાં ડાલતા હું તેરા જેસા કમ તાકાત નહીં હે.

મીરખા—અરે યાર એ તો મેરી બીબીકા બડા ભાગ્ય કે મેં જીતા રહા.

નુરખા—યાર તુમેરેકુ વળી ક્યા હુવાથા.

મીરખા—અરે સામના લશકરકી ગોલીએ સામલી કે સાડે ત્રીન આંગલ દુર પડી ઇસ બખતમે વાંહાસે નજદીન દોન કોશ દુર તલાવપર હોતેથા સો મેરા જીવ તો ચરાક ચરાક હોને લગા ઓર ખુદાએ મેરેકુ બચવાયા.

શેરખા—તુંમ બી બડે ચાલાક.

મીરખા—હો હમતો બડે ચાલાક હે.

શેરખા—અચ્છા અચ્છા !

હલામણ—કેમ પ્રધાનજી.

વિવેકસાગર—આજ્ઞા મહારાજા.

હલામણ—સુરસેનજી ક્યાં છે.

વિવેકસાગર—આવે છે મહારાજા.

સુરસેન—(પ્રવેશ કરી) મહારાજા આપને વંદન કરૂંછું.

હલામણ—કલ્યાણ ! તમો રૂપસીંહને માટે શી વ્યવસ્થા કરી.

સુરસેન—મહારાજા તેને આપણી છાવણીમાં પહોંચતી કરી છે હવે આપ નામદારના હુકમ અનવય અમલ કરીએ.

હલામણ—તે લાશને રજવાડાની રીત પ્રમાણે ચંદનના કાષ્ટ મંગાવી અગ્નિ સંસ્કાર વિધિ પૂર્વક કરવાનો બંદોબસ્ત કરો.

સુરસેન—બહુ સારૂ મહારાજા જેવી આપની આજ્ઞા.

હલામણ—પ્રધાનજી.

વિવેકસાગર—ફરમાવો નામદાર.

હલામણ—કાલ શહેરમાં રોશની કરી શહેર બહાર મહાકાલેશ્વરના મંદીરમાં રાજ્ય તરફથી ઉજેણી કાડવાનો બંદોબસ્ત કરશો.

વિવેકસાગર—રાજેન્દ્ર કંઇ ફીકર નહી.

હલામણ—કોઇ બ્રહ્મદેવ વિદ્વાન હોય તેમને બોલાવો એટલે રાજ્યાસનનું મુહુર્ત જોવરાવીએ.

વિવેકસાગર—બહુ સારૂ મહારાજા. (બોલાવી લાવે છે.)

સંતોકરામ—(પ્રવેશ કરી) રાજેન્દ્ર આપનો જય થાઓ જય થાઓ.

હલામણુ—બ્રહ્મદેવ રાજ્યાસનનું શુભ મુહુર્ત જોવાને આપને બોલાવ્યા છે તો શુભ ઘડી પળ જોઈ આપશો એવી આશા છે.

સંતોકરામ—(આંગળીના વેઢા ગણી) રાજેન્દ્ર કાલનો આખો દીવસ યોગ બહુ સારો છે તે શત્રુનો નાશ કરાવે વિધનહરાવે અને રાજ્યનું સુખ આપે તથા સગા સંબંધીથી મેલાપ કરાવી લાંબા વર્ષ સુંધી સુખ આપી અમર કીર્તી કરે તેવો છે.

હલામણુ—બહુ સારૂ પ્રધાનજી આ જોશીરાજને સહસ્ર મહોરની ચીઠી કરી આપજો.

વિવેકસાગર—બહુ સારૂ મહારાજા જેવી આપની આજ્ઞા.(જોશીને) મહારાજ કાલે પધારજો.

સંતોકરામ—કંઇ ફીકર નહી. મહારાજા હવે રજા લઇશ.

હલામણુ—સુખેથી પધારો.

સંતોકરામ—ગૌ બ્રાહ્મણુ પ્રતીપાળ મહારાજાનો જય થાઓ. (જાય છે.)

હલામણુ—પ્રધાનજી કાલે મુહુર્ત સારૂં છે જેથી સર્વ મંડળીક રાજાઓને અત્યારેજ આમંત્રણુ કરી જલદી બોલાવવા કાસદ રવાના કરજો અને કચેરીમાં રોશની વીગેરે રાજ્ય રીત પ્રમાણે યથાયોગ્ય બંદોબસ્ત કરવા તમોને ભલામણુ છે.

વિવેકસાગર—કંઇ ફીકર નહી મહારાજા.

હલામણુ—વારૂ હજી સુધી સુરસેનજી કેમ પાછા નહી આવ્યા.

સુરસેનજી—(પ્રવેશ કરી) મહારાજા આપની આજ્ઞાથી રાજ્યરીત પ્રમાણે રૂપસીંહને અગ્નિક્રીયા કરી છે હવે શી આજ્ઞા છે.

હલામણુ—કાલે રાજ્યાસનનું મુહુર્ત છે તો વહેલાસર કચેરીમાં આવજો.

સુરસેન—બહુ સારૂ મહારાજા.

હલામણુ—જાઓ હવે રજા છે. (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ હલામણુની કચેરી.

પાત્ર—હલામણુ-વિવેકસાગર-ઉદયસીંહ-શીયોજી-બારોટ, વિપ્ર સીપાઇ-લાડુભટ, વાંરાંગના-ચંદ વીગેરે,

ચોપદાર—બાસ્તે કદમ મુલા હાસ્તે કદમ આજીસે આજી સો-

નેની છડી રૂપેકી મસાલ હીંદુ પતી છત્રપતી ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ મહારાજા ધીરાજ હલામણ બહાદુરને ઘણી ક્ષમા નિગ્રા રખો મહેરખાન સલામ.

(હલામણ સીંહાસન ઉપર આવીને બેસે છે)

ચોપદાર—પ્રધાનજીકી સલામપે નીગ્રા રખો મહેરબાન.

વિવેકસાગર—મહારાજા વંદન કરૂં છું.

હલામણ—કલ્યાણ પ્રધાનજી શહેરમાં કાંઈ બંડબખેડા નથી કે?

વિવેકસાગર—મહારાજા આપના ફતેહથી સર્વે પ્રજા આનંદમાં વૃધી પામી દીવાળી સમાન રોશની કરી સુખમાં પોતાના દીન નિર્ગમન કરે છે.

હલામણ—પ્રધાનજી ! ઘુમલીથી પીતાશ્રીની શોધ માટે માણસ મોકલ્યા છે પરંતુ હજુ સુધી કાંઈ સમાચાર આવ્યા નહી.

વિવેકસાગર—મહારાજા ધીરજ રાખો થોડી મુદતમાં પતો મળશેજ.

પ્રતીહાર—નામદાર કોઇ ઉદયસીંહ કરી અંદર આવવા રજા માગે છે.

હલામણ—હલામણ ઉસ્કુ જલ્દી આનેદો.

પ્રતીહાર—અચ્છા (ઉદયસીંહને) જાઓ તુમકુ અંદર જાનેકા હુકમ હો ગયા હે ચલે જાઓ.

ઉદયસીંહ—(પ્રવેશ કરી) મહારાજા ધીરાજ આપના પીતાશ્રી શીયાજી બહાદુર અત્રે પધારે છે.

હલામણ—વાહ ઘણાજ ખુશ ખબર આજના દીવસના આનંદનો તો કાંઇ પારજ નહી (શીયોજી પ્રવેશ કરે છે એટલે હલામણ સીંહાસન ઉપરથી નિચો ઉતરી) પીતાશ્રી નમસ્કાર કરૂંછું.

શીયાજી—તથાસ્તુ [બંને જણા સીંહાસન ઉપર બેસે છે] ભાઈ તું નિરદોષ નિરપરાધી તારાપર અસત્ય બાણોના તીર મેં મારી તારૂં હૃદય મેં વિંધી નાંખ્યું તારા પર આ નિચ, લંપટ દુરાચારી મતિમંદ વ્યભીચારી ગમાર શીયાજીએ સાહસ કર્યું તો પણ મારી આંખુના તારા સમાન હે રત્નમણી હલામણ તે જરાપણ દોષ હૃદયમાં ન લાવતા મને ઘણોજ ઉપકારી કર્યો છે, અરે ! તેં ક્ષત્રી કુળ દીપાવ્યું અને મેં ડુબાવ્યું ! તેં રજપુત કુળને કલંક ન લા-

મવા દીધું અને મેં કલંક લગાડયું અરે વળી તારી પ્યારી સોન શીયળ શુદ્ધ આચરણ કરવા વાળી જે મારી પુત્રી તુલ્ય તેને મેં પ્યારીના ઉપનામથી બોલાવી અતીશય દુઃખ દીધું અરે ! મેં અત્યુગ્ર સાહસ કર્યુ ! અરે ! હવે હું અત્યારે મારે કરેલા કુકર્મ યાદ આવતા ઘણોજ શરમાઈ હે પુત્ર તારી પાસે માફી માગું છું તું મારો રોષ જરા પણ હૃદયમાં લાવીશ નહી અહો પરમાત્મા તેં મારા જેવા પાપીને રાજ્યાસનનો અધીકારી કેમ કર્યો અરે મેં તેનો ભ્રષ્ટ ઉપયોગ કરી નર્કનો નીવાસી થયો અરે ! મેં વિષ્યા શકત એ તને બહુજ સતાવ્યો છે તે સર્વ ભાઇ ! તું આ વખત વિસરી જશે કારણ હવે મને કરેલા કર્મનો બહુજ પસ્તાવો થતા તારી પાસે માફ માગું છું.

હલામણ--પીતાજી ! તેમાં આપ માફી માગી આ દીન છોરૂંને શીર મંન્દો કરવાનું કાંઇ કારણ નથી. જેવા વિધાત્રાના અંક હોય તે ભોગવ્યા વિના છુટકો નથી સુખ દુઃખ કર્મ અનુસારે છે તો પછી આપને આપને માફી માગવા જેવું કાંઇ કારણ નથી.

સેનાપતી—મહારાજા સર્વે ઠેકાણે રૈયત શાન્ત છે જંગલમાંથી દુશ્મનોને હાંકી દેશ પાર કાઢી મુકયા છે.

હલામણ—બહુ સારૂ.

પ્રતીહાર--મહારાજા કોઇ બ્રંમન અંદર આનેકુ રજા મંગતાહે.

હલામણ—અચ્છા ઉસ્કુ આનેદો.

ગંગારામ--(પ્રવેશ કરી)

ત્રોટક છંદ.

સુર્યરાજ સુરેન્દ્ર પ્રતાપ ગ્રહી, નિશદીન રહો સુખ શાન્તિ મહી,
પ્રભુ રામના જેવું રાજ કરો, નિત્ય ઓછવ મંગળ ઘેર કરો,
છો આપ ધુમલી તણા નૃપતી, નથી આપ જેવોરે બીજો ભુપતી.
ફર્યો દેશ વિદેશ હું આજ સુધી, લાવ્યો દેશ વિદેશ તણીજ બુધ્ધિ.
છો આપ અતી પુન્યશાળી ઘણા, ટાળ્યાં દુઃખ તમે ઘણા જન તણા
રહો આપ અવિચળ રાજ સહી, આપી દાન રહો સુખ શાન્તિ મહી
મહારાજાનો જય થાઓ જય થાઓ.

હલામણ--બ્રહ્મદેવ આપ ક્યાં રહો છો અને તમારૂં નામ શું !

ગંગારામ—જી ! મારૂં નામ ગંગારામ હું કાશિવિશ્વનાથ રહું છું

હલામણ—પ્રધાનજી ! આ ગોર મહારાજને પાનસો મહોરની ચીઠી લખી આપો.

વિવેકસાગર—જેવી મહારાજાની આજ્ઞા (લખીને) લ્યો મહારાજ

ગંગારામ—(લઇને) અખંડ કલ્યાણ શંકના માળવા ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ મહારાજાનો જય થાઓ જય થાઓ (જાયછે)

હલામણ—કેમ શેરભાઇ ગભડાટ શાનો ?

શેરભાઇ—મહારાજા વળી કોઇ બ્રાહ્મણ આવે છે

હલામણ—ભલે આવવા દો.

લાડુભટ—(પ્રવેશ કરી) મહારાજાને જરખ ખાઓ જરખ ખાઓ

હલામણ—બ્રહ્મદેવ એ શું બોલ્યા.

લાડુભટ—બર્યો તો કાંઇ નથી

હલામણ—વારૂ ? તમારૂં નામ શું અને આપ ક્યાં રહો છો

લાડુભટ—જી ? નામ લાડુ છું ટીખળપુરીમાં રહું છું.

વિદુષક—લાડુ તે શું ?

લાડુભટ—લાડુ તે લાડુ ! ટંકે શેરીઆ સોળ જોઇએ તે લાડુ!

વિદુષક—ત્યારે તો જોગ માથાનું ખપર કરો એમ કહીને ?

લાડુભટ—ખપરની તો કાંઇ ખબર નથી પણ લાડુ મળ્યા કે પરમેશ્વર મળ્યા.

હલામણ—મહારાજ કાંઇ વેદપુરાણ જાણો છો કે ?

લાડુભટ—રાજેન્દ્ર ! જાણું છું તો બધુ પણ ઘેર ભુલી ગયો

વિવેક સાગર-કંઇ મ્હોડે હોય તો બોલો જોઇએ.

લાડુભટ—મોઢે કાંઇ લોટતો નથી દાંત છે, અને આવડતુ કેમ નહી હોય કહો જોઇએ પોથાની પેટી મારે ઘેર ભરી છે અને ગુરૂ બહુ ભણેલા છે.

હલામણ—પ્રધાનજી ! ફોગટ માથાકુટ શામાટે કરો છો મો જ પ્રબંધના શ્લોક પ્રમાણે આ મહારાજને પણ છે સાંભળો.

શ્લોક.

કંઠ સ્થાયા ભવે વિધ્યા સાપ્રા કાસ્યા સદા બુધે
પાંગુરો પુસ્તકે વિધ્યા, તયા મુંઢ પ્રતાયતે

ભાવાર્થ—જે વિદ્યા કંઠે હોય તેજ વિદ્યા જાણવી પરંતુ જ્યારે પાસે હોય અગર પુસ્તકે હોય તેને મુઢ જાણવો.

વિવેકસાગર—મહારાજા આપનુ કહેવું યથાર્થ છે

હલામણ—પ્રધાનજી ! આ ગોર મહારાજને જેટલું જોઇએ તેટલા સીધાની ચીઠી લખી આપો.

વિવેકસાગર—જેવી મહારાજાની આજ્ઞા (લખીને) લ્યો મહારાજ

લાડુભટ—(લઇને) અધડ કલ્યાણ ! લાડવા ખાતા ! મોટા થાતા આધા જાશું ને પાછા થાશું

વિદુષક—એ મહારાજ ! બાળવા મને બોલાવજો હાડકાની કણી પણ રહેવા ન પામે

લાડુભટ—લાડવા ખાતોને પાણી પીતો રહીશ ત્યારે મરી જઇશને (જાય છે)

પ્રતીહાર—મહારાજ કોઇ દોન વારાંગના આનેકુ રજા મંગતેહે

હલામણ—અચ્છા આનેદો

વારાંગના (પ્રવેશ કરી) ખુદાવીંદ યહ છોટીયે આપકુ કુરનસ કરતી હે.

હલામણ—અચ્છા તુમેરા ગાન તાન શરૂ કરો

વારાંગના—જેસા આપકા હુકમ.

રાગ કાલી બાદલી આંસે કેરાલીના.

પ્યારી પુતલીઆંસે ચેરાસુન્દર દેખો સીયા ટેક

રૂમ ઝુમ ઝાંઝર, ઝમકે, ઠગકે, ચટક મટક પ્યારી પ્રેમ દઇને.
સુંન્દર દારા તેરા મુખ સુખીઆ, મેરા મન દીલહારાલીના દેખો સીયા કાલી.

હલામણ—તુમેરા ગાન બહોત અચ્છા હે પ્રધાનજી આ વારાંગનાને પણ પાંચસો મહોરની ચીઠી લખી આપો.

વિવેકસાગર—જેવો રાજેન્દ્રનો હુકમ (લખીને આપે છે તે લઇને જાય છે.)

પ્રતીહાર—નામદાર કોઇ બારોટજી આવવા રજા માગે છે.

હલામણ— સારૂ તેને પણ આવવા દયો.

ચંદ—(પ્રવેશ કરી) રાગ કવીત.

ભલે ભુપ બંકા બણાને બમાવ્યા.
મોટા માનવંતા નૃપો તે નમાવ્યા.
જાયો ધુમલી ગાદીએ ભુપ આવો.

હલામણુ ફીલેઃ ભેલ દુજે ન થાવો.

ધુમલી નગર નૃપ, ઇન્દ્ર સમ દેહ રૂપ, કર્ણ સમ દયાળુ ભુપ, પ્રજાના પાલક છો વિદુરની નિતી રાજ, પુન્ય તણી બાંધી પાજ, મણીમય શોભે તાજ, સુર્ય સમ પ્રકાશીત હો હલામણુ ભુપ ભલે દેખી ઇન્દ્ર મન ચલે, મણીમય સાજરે, અષ્ટ સૈન્યાવાનહો ભલે કામ દેવનો અવતાર ભલે ભલે ધુમલી નગરના મહારાજા હલામણુને ભલે રૂપમાં તો એક રતી અને નૃપમાં એક હલામણુ ભલે ધર્મી રાજાને ભલે.

હલામણુ—બારોટજી તમે કયાં રહોછો અને તમારૂં નામ શું આજ અહી કયાંથી આવો છો.

ચંદ—જી મારૂં નામ ચંદ બારોટ છે હું જેપુર રહુછું. તમારી કીર્તી સાંભળી અત્રે આપની પસે આવ્યો છઉં.

હલામણુ—પ્રધાનજી આ બારોટજીને સવાસો મહોરની ચીઠી કરી આપો.

વિવેકસાગર—જેવી મહારાજાની આજ્ઞા (લખી આપે છે.

ચંદ—ઘણી ખમા મહારાજા ધીરાજનો જય થાઓ સુર્ય ચંદ્રની પેઠે ચડતી હો (જાય છે.)

હલામણુ—-પ્રધાન.

વિવેકસાગર—કેમ નામદાર.

હલામણુ—આજે બાલંભે પત્ર લખી બ્રાહ્મણુને મોકલો કે ખુશીથી દીવસ નિર્ગમન કરીએ છીએ અને લગ્નના શુભ કામાર્થે શુભ મુહુર્તે અત્રે આવી તે કાર્ય નિર્વીઘ્ને પાર પાડે.

વીવેકસાગર—બહુ સારૂ મહારાજ લખીને આપુ છું (લખીને) સંતોકરામ !

સંતોકરામ—-જી !

વિવેકસાગર—લ્યો આ પત્ર બાલંભાના મહારાજા રાજસીંહની કચેરીમાં જઇ હાથો હાથ આપી પાછો જવાબ લેતા આવજો.

સંતોકરામ—કંઇ ફીકર નહીં જવાબ લઇ જલદી આવું છું.

(જાય છે)

હલામણુ—-પીતાશ્રી રાજ્ય વ્યવસ્થામાં મારાથી કાંઇ કસુર થાય તો આપ મુરબ્બી કસુર નજરે દેખાડવા કૃપા કરશો.

શીયોજી—ભાઈ હું તો તારી ચાલાકી તથા નીતિ ધર્મ જોઈ-નેજ ખુશી થઈ ગયો છું જે મારી અકલ તારા આગળ તુચ્છ બ-રાબર છે.

હલામણ—નહીં નહીં પીતાશ્રી આપ એટલી બધી મને ઉપમા આપો છો તે તમ મુરબીને ઘટિત નથી પરંતુ એટલુંજ કે

ગીતી.

સુખી કરૂ રૈયતને, સુખ આપશે સદાશીવ સારૂં.
પમારથ પર પ્રીતિ, નહીં તેહથી અધીક સુખ ધારૂં.

પીતાશ્રી રૈયતને સુખી રાખી પરમાર્થમાં પ્રીતિ જોડવી તેમાંજ સર્વજ્ઞ પરમેશ્વર સદા સુખી રહી આપણને પણ સુખ આપે એજ મારૂં ધારવું છે.

શીયોજી—હા ભાઇ આ સંસારમાં પરમાર્થ સીવાય બીજુ કોઇ અધીક પુન્ય નથી.

હલામણ-પીતાશ્રી વળી બીજું કારણ કે ભોજ પ્રબંધમાં કહ્યુંછે

શ્લોક.

માંધા તાચ મહીમતી કૃત યુગા લંકાર ભુતો ગત
સેતુર્યં રમડો દધૈ। વિરચીતેઃકાંસાંદશા સ્થાંતક
અન્યે ચાપીયુધિષ્ટરો પ્રભતયો યાર્ત દ્વિવંભૂપતિ
નેકે નાપી સમંગતા વસુમતી નુનંત્વ યાત્રા સ્વતિ.

કળીયુગનું ભુષણ રાજા માન્ધાતા પણ ચાલ્યો ગયો રામ જેણે મહા સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો ને રાવણનો નાશ કરયો તે પણ કયાં ગયો ! યુધિષ્ટર વિગેરે મહાભ્રહિપતિઓ દેવલોકને પામ્યા ! તેમાંના કોઇની સાથ પૃથ્વી અત્યાંન્ત રાજ ગયું નહી કે આપણી સાથે આવે માટે.

ગીતી.

દુઃખ કાપું રૈયતનું, દુઃખ કાપશે શંભુ ખરેખર મારૂં.
અંત સગુ નહી કોનું, પણ પુન્ય આવશી ખરેખર પ્યારૂં

વળી પાછું પણ ભોજ પ્રબંધમાં કહ્યું છે કે

શ્લોક.

નતતોહી સાહાયાર્થે માતા ભાર્યા મતિષ્ટતિ.
ન મિત્ર પુત્રા ન જ્ઞાતિંર ધર્મ નિષ્ટતિ કેવલઃ

મા. બ્રી. મીત્ર પુત્ર કે જ્ઞાતી કોઈ સહાય કરવા ઉભું રહેતું

નથી માત્ર ધર્મ એકજ ઉભો રહે છે, તો જેમ બને તેમ રૈયતનું દુઃખ નિવારણુ કરવું એજ ખરો આપણા ક્ષત્રી રાજપુત્રનો ધર્મ છે કેમ ! પ્રધાનજી તેમાં આપનો શો મત છે.

વિવેકસાગર--મહારાજા આપ સર્વે શાસ્ત્ર સંપન્નને કાંઇ પણુ શીખવવું પડે તેમ નથી.

હલામણુ—પ્રધાનજી મહાકાલેશ્વર જવાનો વખ્ત થયો છે કચેરી બરકાસ્ત કરો.

ચોપદાર—કચેરી બરકાસ્ત પે નીધા રખો મહેરબાન સલામ.

પ્રવેશ ૪ થો.

સ્થળ બાલંભામાં રાજસીંહની કચેરી.

પાત્રો-રાજસીહ-બુદ્ધિસાગર-સંતોકરામ-હીરોજી વીગેરે,

ચોપદાર—આસ્તે નિગાહ રોશન ખડી તાજીમ નજર રખો મહેરબાન સલામ.

રાજસીંહ—મારા પ્યારા પ્રધાન હજુ સુધી કંઇ સોનના સમાચાર આવ્યા નહી અરે ! તે કુમળુ બાળક કયાં રખડતું હશે અને તેનું ત્યાં શું થતું હશે આ વૃદ્ધાવસ્થામાં કયાંઇ સુખ માત્ર પણુ નજરે દેખાણું નહી.

બુદ્ધિસાગર—મહારાજા આપણા શોધવા ગયેલા જાસુસો તરફથી હજુ કાંઇ સમાચાર આવ્યા નહી એજ મોટો અચંબો છે ત્યારે હવે કાંઇ પણુ બીજો રસ્તો શોધવો જોઇએ.

ભેરવી ગઝલ.

રાજસીંહ—રાગ. ચંદ્રમુખીને એકલી છોડીને આવ્યો અહી—એ ઢબ.

પુત્રી વીના મુંજાય મતી, તું કયાં ગઈ કુંવરી સતી.
ભાળ પુત્રીની નહી, ખરે હું દુઃખીઓ સહી.
હાય નસીબ ફુટીયું, કયાં હવે શોધું જહી, ૧
પ્યારી મારી દુઃખમાં, પુત્રી વિના ઝુરે ખરે.
હલામણુ આવી મળો, દુઃખ કરો સદા દુરે, ૨
પુત્રી મારી સોન તું, સંભાળ તારા તાતને.
સુખ નહી જરી અરે, વિચાર તારી માતને, ૩
અંબિકા આજ હું, વિનંતિ તુને કરૂં.
સોન સુખ મેળવો, નહી તો ઝુરી મરૂં, ૪

[મોર્છા ખાઇ પડે છે]

બુદ્ધિસાગર—મહારાજાધિરાજ ! સાવધ થાઓ આમ દીલગીરી કરવાથી કાંઇ સોનબા મળવાના નથી. તેમને માટે યોગ્ય બંદોબસ્ત કરો. સર્વજ્ઞ પરમેશ્વર આપના ઉપર કૃપા કરશેજ માટે ધીરજ રાખો અને હીમતથી બીજા વધારે જાસુસો મોકલી શોધ કરાવીએ જેથી કાંઇક પણ પત્તો લાગશે.

રાજસીંહ—અરે પ્રધાનજી ! એવી સસલાંના શીગની માફક નિષ્ફળ આશા ક્યાંસુધી રાખવી જો સર્વજ્ઞ પરમાત્માની આપણા ઉપર કૃપા હોત તો આજ દીવસ સુધી સમાચાર કેમ ન આવે, હે ! જગ્તનિયંતા પરમેશ્વર હવે સહાય કર સહાય કર અરે ! પુત્રીના વિયોગનું દુઃખ હવે સહન થતું નથી.

પ્રતિહાર—મહારાજા આપણા જાસુસો આવ્યા છે.

રાજસીંહ—તેને જલદી દાખલ કર.

પ્રતીહાર—બહુ સારૂ મહારાજા.

હીરોજી—મહારાજા હલામણે ધુમલીપુરમાં ઘેરો ઘાલી રૂપસીંહને હરાવી માર્યો છે અને સોનબા ખુશી આનંદમાં છે વળી ઘણું કરી કાલે ગાદીએ બેસે તેમ છે.

રાજસીંહ—પ્રધાનજી અત્યારે મારા શરીરમાં જેવો શોક વ્યાપ્ત હતો તેવોજ આનંદનો વધારો થયો છે. જેથી આ જાસુસને ઉમદો પોશાક આપી રાજી કરો. સર્વજ્ઞ પરમેશ્વરે આજે શુભ સમાચાર આપ્યા છે તો કાલે નકી કાંઇ પણ તેથી વિશેષ ખુશાલી થવી જોઇએ.

પ્રતીહાર—(પ્રવેશ કરી) મહારાજા કોઈ બમન આનેકુ રજા મંગતાહે.

રાજસીહ—અચ્છા ઉસ્કુ આનેદો.

સંતોકરામ—(પ્રવેશ કરી) મહારાજાનો જય થાઓ જય થાઓ.

રાજસીહ—કેમ મહારાજ આપ ક્યાં રહો છો ! અને તમારૂ નામ શું.

સંતોકરામ—જી ! મારૂ નામ સંતોકરામ. હું ધુમલી નગરથી આવુંછું.

રાજસીહ—વાહ વાહ ? ત્યારે તો કાંઈ વધામણી હલામણ તરફથી લાવ્યા હશો !

સંતોકરામ—મહારાજા ધીરજ હલામણ કાલે ગાદીએ બેઠા છે

અને સર્વે ખુશી આનંદમાં છે દુષ્ટ રૂપસીંહને મારી હરાવી લશ્કરે પાછું ગયું છે અને આપ નામદારને પત્ર દેવા સારૂં મને મોકલ્યો છે.

રાજસીંહ—વાહ ! ત્યારે તો તમે ઘણુંજ શુભ સમાચાર લાવ્યા વારૂં સોન શું કરે છે.

સંતોકરામ—મહારાજા સોળસેં સાહેલીઓની સાથ પોતાના દિવસ નિર્ગમન કરે છે લ્યો આ હલામણનો પત્ર વાંચી જુઓ.

(આપે છે)

રાજસીંહ—(લઇને) પ્રધાનજી વાંચો જોઇએ શું લખે છે.

બુધિસાગર—લાવો મહારાજા (લઇને વાંચે છે)

ગૌબ્રાહ્મણ પ્રતીપાળ ક્ષત્રીવર્ય પરમારશ્રીજી પરમાર રાજસીંહ

બહાદુરની સેવામાં.

મુ. બાલંભા દરબાર.

અમો શ્રી પરમાત્માની કૃપાથી રાજ્ય મેળવી સુખી અવસ્થામાં દીવસ નીર્ગમન કરીએ છીએ લખવાનું કે તમારી ચી. પુત્રીના શુભ લગ્નાર્થે શુભ મુહુર્ત જોઇ વેલાસર પત્ર વાંચી શુભ લગ્ન કાર્યાર્થે અત્રે પધારી મનોવૃતિ સફળ કરી આનંદમાં વધારો કરશોજી એજ

લી.

મહારાજા શીયાજી જેઠવા.

રવાને ધુમલીપુરથી.

રાજસીંહ—મારા વહાલા પ્રધાન આજની ખુશાલી ભરેલા શુભ સમાચારથી મારા શરીરના આનંદ ઉભરાનો વર્ણન કહી શકાતો નથી સર્વજ્ઞ પરમેશ્વરે કૃપા તો કરી.

બુધીસાગર—મહારાજા આપની જેવી વાસના હતી તેવીજ ઇશ્વરે પાર પાડી છે.

રાજસીંહ—પ્રધાનજી હવે લગ્નનું મુહુર્ત જોવરાવી જલદી જવાય ત્યારેજ જીવ શાન્ત થાય ?

બુધીસાગર—મહારાજા આપનું કહેવું યથાર્થ છે.

રાજસીંહ—(સંતોકરામને) બ્રહ્મદેવ ત્યારે તમોજ લગ્ન પત્રીકા મુહુર્ત જોઈ આપી નિહાલ કરશો.

સંતોકરામ—બહું સારૂં મહારાજા જોઇ આપુ (આંગળીના વેઢા ગણી) રાજેન્દ્ર આજથી બે દીવસે એટલે મહા શુદ ૭ સાતમ-

ને સોમવારું એવું મુહુર્ત સારૂં છે કે તેમાં કોઇપણ જાતનું વિઘ્ન નહી આવતાં જીવીત પર્યંત વર કન્યાના દીવસ સુખમાં જશે.

રાજસીંહ--વાહ વા ! ત્યારે તેજ મુહુર્ત કેમ ! પ્રધાનજી તમારો શો વિચાર છે.

બુધિસાગર—મહારાજા તેથી વળી વધારે શો આનંદ તેજ મુહુર્ત ચોકસ છે.

રાજસીંહ—ઠીક ! ત્યારે આ બ્રહ્મદેવને પાંચશો મહોર પહેરામણીની આપો અને ધુમલી જવાને માટે તમો સૌ તૈયાર થાઓ એટલે લગ્નનું કામ સારી રીતે કરી પાછા જલદી ઘેર આવીએ.

બુધિસાગર—બહુ સારૂં મહારાજા (ચીઠી લખીને) લ્યો મહારાજ આ ચીઠી ખજાનચીને આપી મહોરો લઇ ધુમલી સમાચાર આપો કે તેપણ તૈયાર રહે.

સંતોકરામ—(લઇને) બહુ સારૂં આપ વહેલા પધારજો હવે રજા લઉં છું.

રાજસીંહ—વારૂ ! પધારો

સંતોકરામ-હા ! અને આપ પણ વહેલાસર પધારજો (જાયછે)

રાજસીંહ—પ્રધાનજી તમો સર્વે સામાન તૈયાર કરી સહકુટુંબ પરીવાર સાથે રવાના થાઓ હું અંતઃપુરમાં ચોકસ કરીને જલદી તમારી પછવાડે આવીએ છીએ.

બુધિસાગર--બહુ સારૂ મહારાજા (જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ રાજસીંહનું અંતઃગૃહ.

પાત્રો-રાજસીંહ, ભાનુમતી, દાસીઓ અને સીપાઇ

ભાનુમતી--(સ્વગત) અરેરે પરમેશ્વરા ! હજુ સુધી પ્યારી પુત્રીની કયાંઈ શોધ મળી નહીં અરે ! હું કેવી દુરભાગ્ય વૃદ્ધાવસ્થામાં જતી દેહે એક પુત્રી રત્ન પ્રાપ્ત થયું તો તેપણ દુઃખણી કરી ચાલી ગઇ અરે ! સોન ! મ્હારી લાડકવાઈ તું કયાં ગઇ ! અરે શા શા સંકટ તારે સહન કરવાં પડતાં હશે. અરે દુષ્ટ શીયાજી તેં ! અમારૂં ને અમારી પુત્રી સોનનું જીવતર ખરાબ કર્યું એટલુજ નહી પણ છેવટ તારે રાજ્ય મુકી નાશી જવું પડયું અરે પાપી તને જ-

રાપણુ વિચાર ન સુજ્યો અરે ! હવે હું શું કરૂં સોન વિના મારા જીવતરને ધીક્કાર છે હે ! પરમાત્મા આવું અસંખ્ય દુઃખ હવે તો મારાથી સહન થતું નથી જેથી એકદમ મોત આપી મારા દુખનો છેડો લાવ નહીતર જલદી મારી પ્યારી પુત્રી સોનને મેળવી સુખ આપ.

માણેક—બાઇ સાહેબ સોચ નહી કરો સર્વજ્ઞ પરમેશ્વર આપના ઉપર કૃપા કરશે ધીરજ રાખો.

ભાનુમતી—અરે દાસી હવે ધીરજ ક્યાં સુધી રાખવી.

રાગ રસીલી તારી સુરત.

પુત્રી મારી તો પ્રાણથી પ્યારી, એ વીણ જીન્દગી થાએ અકારી;
ક્યાં ગઇ તું પુત્રી મારી, માત તાતને કેમ વિસારી,
કેમ કર્યું દશરથ સુત આવું, આથી સારૂં મુને મરી જાવું,
હાય હરી એ સહાયજ થાને, જનની સુખ પુત્રીતું માને,
પ્યારી પુત્રી ગઇ માત તજીને, કેમ રહું હવે સુખ સજીને,
સોન સુતની શાન્ત કરી દે, માતા તારી રહે આનંદે

એ પ્રાણથી મારી અધીક વ્હાલી પુત્રી એકદમ આવી આ તારી રોતી માતાને સુખ કરી દે.

માણેક—બાઇ સાહેબ વધારે વિલાપ કરવાથી શું થવાનું ! તેથી તો તમારા શરીરને હાનીકારક થઈ પડશે માટે ધીરજ રાખો મહારાજાએ તપાસમાં માણુસો મોકલ્યા છે તો થોડા દીવસમાં શોધ આવશે

ભાનુમતી—અરે દાસી માણુસો શોધને માટે તો કેટલા દહાડાથી મોકલ્યા છે પરંતુ કાંઇપણ સમાચારજ નથી અરે ! હવે હું શું કરૂં હાય હાય શંકરા મને અભાગણીને પુત્રી વિના આયુષ શા માટે આપ્યું અરે હું કેમ મરી ના ગઇ હે વિધાત્રા તેં કેમ અવળા લેખ લખી અમને દુઃખ આપે છે

નેપથ્યમા—નજર રખો મહેરબાન.

માણેક—બાઈ સાહેબ મહારાજા પધારે છે સોચ પરહરો.

ભાનુમતી—તેતો જ્યારે દયાનીધી દયા કરે ત્યારે જા ! પુજા સામગ્રી તૈયાર કર.

માણેક—બહું સારૂ બાઈ સાહેબ (જાય છે)

રાજસીંહ—(પ્રવેશ કરી) કેમ પ્રીયા ! આજે તારૂં ત્રિલોક મુખ કરમાઇ ગયું છે.

ભાનુમતી—સ્વામીનાથ ! લાડકવાઇ પુત્રી સોન વિના મારા શરીરને કાંઈ સુખ થતું નથી છતાં આપનું મુખારવિંદ તેજસ્વી જોઇ મારા મનમાં અચંબો થાય છે.

રાજસીંહ— રાગ ગીતી.

પ્યારી મારી સુખકારી, સમાચાર શુભ આવ્યા પુત્રી તારી.
મળ્યુ હલામણુ રાજ, આનંદ અંગમાં આજે અતી ભારી

ભાનુમતી—શું ? સ્વામીનાથ સોનના સમાચાર આવ્યા અને હલામણને રાજ્ય મળ્યું.

રાજસીંહ—પ્યારી આપણા મોકલેલા જાસુસે ખબર આવ્યા છે કે દુષ્ટ રૂપસીંહને મારી હલામણ ગાદી ઉપર બેઠા છે ત્યારબાદ શીયાજી જેઠવાનું માણુસ આવ્યું તેમાં લગ્ન કરવા માટે એકદમ શુભ મુહુર્તે ત્યાં આમંત્રણ પત્રથી તેડાવ્યા છે.

ભાનુમતી— રાગ. ત્રીતાળી ચોપાઈ

સ્વામીનાથ સુણો મારી વાત, ઘણો ખુશીનો દીન સાક્ષાત.
સુણી વધામણી રાજી થાઉ, પુત્રી ભેટવા જલદી જાઉં.
મારી લાડકવાઈ એ લાલા, એવિણુ સુખ નહી કંઇ વાલા.
કરી પુત્રી સુખી પરમેશ, હવે ઉચાટ નહીં લવલેશ.
પ્રભુ પ્યારા કહું પ્રીત ધરજો, પુત્રી મારીનાં સંકટ હરજો.
એછે મુજ આંખ્યનું રતન, દેખી શાન્ત થાએ મારૂં મન.
જોઈ ઘણા દીવસ મેં રાહ, વધ્યો આજે ઉર ઉત્સાહ.
હવે જલ્દી જોશીને તેડાવું, રૂડો લગ્ન દીવસ જોવરાવું.
જઇએ ધુમલીપુર શુભસ્થાન, હેતે આપો સ્વામી કન્યાદાન.
વૃદ્ધાવસ્થામાં લાવો લહીએ, તેથી સુખ અધીક શું કહીએ.

સ્વામીનાથ આપના વધામણી ભરેલા સમાચારથી મારા આનંદનો કાંઈ પાર રહ્યો નથી માટે હવે જલ્દી જોશીરાજને બોલાવી શુભ મુહુર્ત જોઈ ત્યાં પુત્રીને કન્યાદાન આપી વૃદ્ધાવસ્થામાં લાવો લઇને આનંદ પામીએ એટલે જીવને પણ આનંદ થાય.

રાજસીંહ—પ્યારી તેજ વખતે કચેરીમાં જોશીરાજ પાસે મુહુર્ત જોવરાવી નકી કર્યું છે.

ભાનુમતી—સ્વામીનાથ આપના પ્રેમને હું આધીન છઉં મારા કરતાં આપને પુત્રી સોન ઉપર પ્રીતી વધારે છે તે હેમીતાજ દર્શાવે

છે; પ્રીતમ લગ્નનો કયો દીવસ મુકરર થયો છે નજદીક હોય તો વધારે સારૂં કારણુ કાલની કોને ખબર છે. 'લીધો તે લાવ.'

રાજસીંહ—પ્યારી આજથી બે દીવસ એટલે મહા શુદ ૭ ને સોમવારનો શુભ દીવસ નકી થયો છે.

ભાનુમતી—પ્રીતમ ત્યારે તો હવે જલદી ત્યાં પહોંચવું પડશેજ.

રાજસીંહ—પ્યારી ! પ્રધાનજી સહીત સામાન લઇ રવાને થઈ ચુકયા છે. હવે ફક્ત આપણે ત્યાં જઇએ એજ વિલંબ છે તો તમો સર્વ સાહેલીઓ તથા સોનબાની બેનપણીને સંગાથે લઈ તૈયાર થાઓ એટલે રવાના થઈ જલદી પહોંચી જઇએ.

ભાનુમતી—પ્રાણુનાથ આજે આપને હું જે જે પુછુંછું તેના સર્વ સમાચાર સીધા શુભ સુખદાયકજ મળે છે.

રાજસીંહ—પ્યારી જ્યારે નસીબ અવળા હોય ત્યારે તમામ અશુભ સમાચાર મળે અને ઇશ્વિરની કૃપા હોય ત્યારે સર્વ સુખદાયકજ સમાચાર મળેછે તો હવે તમો તૈયાર થાઓ તો ઠીક.

ભાનુમતી—દાસી !

માણેક—આગ્ના બાઇ સાહેબ.

ભાનુમતી—જા સર્વ સોનબાની સાહેલીઓને બોલાવી લાવ, અને કહેવું કે સોનબાના સમાચાર આવ્યા છે ને તે ખુશીમાં છે.

માણેક—બહુ સારૂ બાઈ સાહેબ બોલાવી લાવુંછું. (જાય છે ને બોલાવી લાવેછે)

વેણી, લીલાવતી, લલીતા, કમળા વિગેરે પ્રવેશ કરીને.

રાગ. ઘરરસેં કોન ખુદાકે લીયે લાયાં મુજકું.

વધ્યો છે આજ બાઈ, અંગમાં ઉમંગ અતી,
લગ્ન કરવા જવું, આજે સખી સોન સતી.
રાજી થઇ સર્વે, જવા ખુશી હોંશ ધારી;
સુખી છૈયે તેથી અમો, અજે આપ પાસ મારી.

મહારાજા સાહેબ અમારી પ્રીય સખીના સમાચાર સાંભળી અમો ઘણા આનંદથી તેમના દર્શનના અભિલાષી આપની સાથે લગ્ન કરવા તૈયાર થઈ આવ્યા છૈએ.

રાજસીંહ—પુત્રીઓ તમો સાં અમારી સાથે આવી સોનબાને

મળી તેમના આનંદમાં વધારો કરશો જેથી તમોને બોલાવવા પડયાછે.

લીલાવતી--મહારાજા બેન દર્શન થશે ત્યારે અમારા આનંદનો કાંઇ પાર રહેશે નહી.

ભાનુમતી--બેનો હવે તમો સર્વ રથમાં બેશી રવાને થાઓ અમે પણ પાછળ ત્વરાથી આવી પહોંચીએ છીએ. જાઓ રથ બહાર તૈયાર છે.

લલીતા—બાઇ સાહેબ બહુ સારૂ [જાય છે]

રાજસીંહ—પ્યારી ત્યારે હવે આપણે પણ ચાલો કારણ લાંબે રસ્તે જવું છે તો વિલંબ કરવો કામ ન લાગે.

ભાનુમતી—હા સ્વામીનાથ આપ ખરૂં કહોછો.

સીપાઇ—(પ્રવેશ કરી) મહારાજા સર્વ સામંત ચક્ર અહાર આપની રાહ જોઇ ઉભા છે તો પધારશો ત્યારે રવાના થશે.

રાજસીંહ—જા કહે. કઇએ આવેછે.

સીપાઇ—બહુ સારૂ મહારાજા (જાય છે)

રાજસીંહ—પ્યારી ત્યારે હવે તૈયાર થાઓ કારણ સર્વે રાહ જોઇ ઉભા છે.

ભાનુમતી—સ્વામીનાથ મારે શું તૈયાર થવું છે.

રાજસીંહ—હું હવે જઉંછું તમો પાછળ પહોંચી જજો

ભાનુમતી—બહુ સારૂ સ્વામીનાથ. (જાય છે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ધુમલીમાં સોનનો લગ્ન પ્રસંગ.

પાત્રો—મહાશંકર, રૂપશંકર, અભયસીંહ, રાજસીંહ, માનસીંહ કેસરીસીંહ, શીયોજી, બુદ્ધિસાગર, વિવેકસાગર, ચારણ, ભાટ, બૈરાં વીગેરે,

મહાશંકર—(બૈરાંને) ગાઓ ગીત ગાઓ હવે ચાલો વાતું મુકો.

બૈરા—(રાજસીંહ તરફના) ગીત.

વાજ્યો હળદલડીનો ગાંડીયોરે ઉગ્યો ચંબેલીનો છોડ,
જીણો રોપડાંરે રંગ લાગ્યો મણુરાજ. ટેક.
શીયાજીને પેરણુ ધાધરોરે ફરતી ચાંબડાની કોર. જીણા.
[illegible]રાનો વાજ્યો ગોસે કાગડોરે બેડો ડાયરા મોજાર, જીણા.
ઉઠ ગોલા ઉઠ ચાગડારે કર્યો ડાયરો ફજેત. જીણા.

મારે રામસીંહભાઇને પેરણુ પીતામ્બરીરે રૂરતી કસબની કોર, જીણ્ણા.
પીતામ્બરીની વાળી વીરે પાટલીરે બેઠા ડાયરા મોજાર, જીણ્ણા.
બેસો રાણા બેસો રાજીયારે કર્યો ડાયરો રળીઆત, જીણ્ણા.

મહાશંકર—[વર કન્યાને] કંકુના છાંટા નાખો ત્રણવાર (નાખે છે.)

રૂપશંકર—થોડા થોડા નાખો.

મહાશંકર—મહાત્તમ માસે શુકલ પક્ષે સાતમને સોમવારે સર્વો.તમ શુભ લગ્ને આરોગ્ય નીર્વીઘ્ને સભંભવરતુ.

અભયસીંહ—લ્યો હવે શું વાર છે.

રૂપશંકર—હજુ તો વાર છે.

મહાશંકર—ક્યાં ગયા વેવાઇ.

રાજસીહ—કેમ !

મહાશંકર—હાથ જોડના સાડાબાર રૂપીઆ સાતશેર સોપારી સાત શ્રીફળ સાત શેર ખારેક લાવો એક વખત પછી પાછું શરૂ કરીએ.

રાજસીહ—બહુ સારૂ લ્યો, (આપે છે)

રૂપશંકર—(બેરાંને) ગાઓ હવે પાછા ગીત ગાઓ.

બેરા—[શીવાજી તરફના].

જીણે જીણે ચોખલીયે ને મોતીડે વધાવોરે ઉતારો આરતી
શ્રી કૃશ્ન ઘરે આવ્યા.
હરખને હુલામણે શામળીઓ ઘરે આવ્યા.
માતા જશોદા કુંવર કાંન ઘરે આવ્યા. ઉતારો આરતી
શામળીઓ ઘરે આવ્યા, માતા.
પતાળમાંથી નાગ જગાડયાં, નાગણીયુંને દર્શન દીધાં.
વાહોના મન વર્તી લીધાં, કમર ભારો બાંધ્યોરે,
ઉતારો આરતિ શ્રી કૃષ્ન ઘરે આવ્યા, માતા.

મહાશંકર—સર્વોત્તમ સુભ લગ્ને આરોગ્યં નિર્વીઘ્ને સભંભવસ્તુ (વર કન્યાને) આરમન નીચે નાંખી ધો. [નાખી દે છે.]

રૂપશંકર—લ્યો હવે કન્યાદાન આપો.

રાજસીહ—હા લ્યો આ એક હાર અને મોતીમાળ.

લીલાવતી—[હર્ષ આણીને] લ્યો આ મારી આપ આજે

મુકતા માળ તથા કનક વલેપ કન્યાદાનમાં આપે છે (ત્યાં મુકીને ચાલી જાય છે.)

માનશંગ--બસ આવી રહી તમારી મોટાઇ.

રાજસીહ—અમારે મોટાઇ જોતી નથી તે તો શીવાજીનેજ આપી છે.

માનશંગ--ત્યારે,

રાજસીહ—ત્યારે શું મારૂં રાજ્ય કન્યાદાનમાં આપું છું.

કેસરીસીહ--ધન્ય છે ધન્ય છે પરમાર કુળના ક્ષત્રી રાજવંશી રાજસીહને ધન્ય છે.

મહાશંકર--તે તો ઠીક પણ ગોરનું શું થાયુ.

રાજસીહ—તમારે શું જોઇએ છીએ.

મહાશંકર--વધારે તો શું તમારા જેવા ગઢા પ્રતાપી રાજા પાસેથી સવા લક્ષ રૂપીઆ મળશે એવી આશા છે પછી આપની મરજી.

રાજસીહ—બહુ સારૂ પ્રધાનજી ગોર મહારાજને ઉતારેથી સવા લક્ષ રૂપીઆ ગણી આપજો [ગોરને] કેમ રાજી છોના !

રૂપશંકર—બસ રાજેન્દ્ર બસ.

મહાશંકર—ચાલો હવે ગોત્રેજ પાસે.

કેસરીસીહ—તેડી લ્યો વર કન્યાને [તેડે છે]

વિવેકસાગર—આસ્તે, આસ્તે, આસ્તે, આસ્તે,

(ગોત્રેજ પાસે જઇને બેસારેછે.)

રૂપશંકર—(હલામણને) લ્યો બરો મુંઠ (ભરે છે).

માનશંગ—કાઢો એકી (બતાવે છે)

રૂપશંકર—છે લ્યો,

મહાશંકર—(સોનને) તમે ભરો જોઇએ [ભરે છે.]

માનશંગ—ઉપાડો બેકી (ઉઘાડે છે.)

રૂપશંકર—છે બધ છે બેકી.

રૂપશંકર—વાહવા લેણી તો બંનેની સરખીજ છે.

મહાશંકર—(રૂપશંકરને) સાંભળ તારા કાનમાં એક વાત કહું.

રૂપશંકર—શું ?

મહાશંકર—આવો લાગ બીજે કઇ પૈસા મેળવવાનો મળશે નહી.

રૂપશંકર—હું બધુ સમજુ છું.

મહાશંકર—હા આ વખતે તો પૂરે પુરી દક્ષણા માગવી.

રૂપશંકર— (શીયાજીને) મહારાજા હવે આપની દક્ષણા બાકી રહી,

શીયોજી—માગી લ્યો.

મહાશંકર—બીજું શું માગવું તમે ક્યાં વેગળ કરતા ઓછાછો.

શીયોજી—પ્રધાનજી ગોરને સવા લક્ષ રૂપીઆ ગણી અપાવજો.

વિવેકસાગર—બહુ સારૂં મહારાજા.

રૂપશંકર—બસ બસ એજ આનંદ.

ચારણો—(પ્રવેશ કરી) રાગ મનહર.

મંડપ જોતાં જણાય, દેવતાનો વાસ હશે.
જોવા જેવી જુકિતઓ, જગતમાં પ્રમાણી છે.
હાંડીઓ હજારો મોતી, જુમરો હજારો થડી.
ધર્મની કચેરી થકી, અધીક શોભા વાળી છે.
હીરા રત્ન હાર દેખી, માંડવાથી માંડણીમાં.
અવની અધીક તેજ, આજ ઉર આણ્યું છે.
પોખરાજ પાસ એની, આવે નહી બરોબરી.
વખાણેલા મહેલને, નચુ જોવરાવ્યું છે.

ભલે બા ભલે એક બાજુ પરમારને બીજી બાજુ જેઠવો ભલે એક તો ગંગાનો પ્રવાહ ને બીજો જમનાનો પ્રવાહ ભલે રત્નાગરની લહેર ભલે

દાનશંગ ભાટ—બા હવે આ તમારા ચારણોનું તો ક્યાંક કરો તો સારૂ ભલે બા ભલે જ્યાં હાથ દજે ત્યાં ગધેડા શા હીસાબમાં.

જેગલ—એલા એમ બોલમાં જે હમેશા હાથ જોતું હોય તેને તે જનાવર ઉપર ભાવ ન હોય અને જો ત્યાં ગધેડું જઈ પહોચ્યું હોય તો તેની ઉપર સ્વારી કરવાનું મન થાય એ બા હવે સામુ જુઓ હવે સામુ જુઓ.

રાજસીહ—પ્રધાનજી આ ચારણોને દરેક હીઠ શેલું, ડગલો, ખંડેલ અને બાકી યોગ્ય શીરપાવ આપી વિદાય કરો.

બુધીસાગર—બહુ સારૂ મહારાજા (આપે છે).

રણમલ—ભલે પરમાર ગાદી સવાઇ બા સવાઇ.

જેશંગ ભલે શીવાજી જેઠવા ભલે બા હવે તમે મહેર કરોતો ઠેકાણે પડીએ.

શીયોજી—પ્રધાનજી તમાગને યોગ્ય શીરપાવ આપો.

વિવેકસાગર—બહુ સારૂ મહારાજા (આપે છે)

રણમલ—ભલે બા ભલે ભલે જેઠવા ગાદી ભલે.

જેગલ—બાપુ હવે તમારા બારોઠને ચારણ કાંઇ જુખ્યા જાય એ સારૂં કહેવાય નહી માટે હવે ભેગા ભેગ એનું પણ કરી નાખો.

શીયોજી—બહુ સારૂ જાઓ રસોડે ભોજન તૈયાર છે.

દાનશંગ—બસ બા બસ બાપુ તમારા બારોઠ ખાઇને આશીશ દેશે. (જાય છે.)

રાજસીંહ—ત્યો હવે શી વાર છે જલદી કરો.

મહાશંકર—કંઇ નહી હવે તો સૌ અગસ્તાજ ઉભા છે.

શીયોજી—ચાલો ત્યારે હવે વાર શી.

માનશંગ—ચાલો. (જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—ચારણોનો રસ્તો.

પાત્રો—

રણમલ—અરે બેકીના બાપે કાંઇ વીવા ભજવ્યોછે કાંઇ વીવા.

ગલુ—અરે વળી કોણે વીવા ભજવ્યો.

રણમલ—કોણે શું આજ હલામણના સોન સાથે વીવા થયાં તે કાંઇ મોજી આપી છે મોજું અને કાંઇ વાવર્યું છે વાવર્યું પાણીને ઠેકાણે ધી વયું જાય છે.

મલુ—ભલા માણસ ત્યારે અમને વાતુએ ન કરી કે અમે પણ આવત.

જેગલ—હજી જાઓ તોપણ કાંઇક ગળશે.

રણમલ—હા ઉતાવળથી જાઓ.

હમાતી—અવસર ચુક્યા મેવલા તે કેવાંક વરસે.

રણમલ—અરે ભલા માણુસ ત્યાં કયાં ધી વેચ્યું છે કે ખોટ જશે.

મલુ—હા એતો જે મળ્યું તે આપણું.

હમાતી—ત્યારે શું કરવું છે.

મલુ—શું કરવું છે શું ! જવું ને ગાંઠડી બાંધીને લાવવું.

રણમલ—ભલા માણસો ત્યારે હવે વાતો કરવા શું ઉભા છો

જેમલ--જવું હોય તો જાઓ પછી નહી મળે.

મલુ—ચાલો ત્યારે જઇએ. (જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ઘુમલીમાં ચંદન બાગ.

પાત્રો-સોન-લક્ષમી-પાર્વતી-લલીતા-લીલાવતી-વેણી વીગેરે.

સોન—કેમ સખીઓ શું જુઓ છો.

વેણી—હું તો આવેલ જોઉછું કે તે કેવી રીતે લપટાઇ રહીછે.

લીલાવતી—હા ! તે તો તેના પ્રીતમ સાથે કાયમ સ્પર્શ ક-સ્તીજ રહે છે.

લલીતા—સખી ત્યારે તેના જેવું કોણ ભાગ્યશાળી.

સોન—કોઇ નહી.

લીલાવતી—[સોનને] સખી ઘણા દીવસે તમારો મેળાપ થયો છે જેથી અમારા આનંદનો કાંઇ પાર રહયો નથી.

લલીતા—ને તો ઠીક પણ પેલું પુછી જો.

લીલાવતી—વળી પેલું શું.

વેણી—૭ ૭.

લીલાવતી—એટલે.

વેણી—એટલે ! એટલે કેવું સુખ છે અને હલામણનો પ્યાર કેવો છે તે.

સોન—સખી ! સ્વામીનાથ આપણા ઉપર પ્યાર રાખે તેનું ઔષધ પોતાનાજ હાથમાં છે તો પછી શું.

લલીતા—સખી ત્યારે તે ઔષધ અમનો જો આપોતો ખા-ઇને અમે પણ અમારા સ્વામીનાથને વશ રાખીએ.

સોન—તે ઔષધ કાંઇ તેવું નથી.

વેણી—ત્યારે.

સોન—સાંભળ ! તે ઔષધ એવું છે કે સ્વામીનાથને પ્રભુ-તુલ્ય માની તેમની સેવા કરવી સવારમાં તેના ઉઠતા પહેલા ઉઠવું તેને માટે ઉષ્ણોદક તૈયાર કરવું અને સ્વામીને નવરાવી નાવું તેને માટે મુખ્ય ખાણી તૈયાર કરી રાખવી તે પુષ્પ [illegible] હાથ

ઉની તે વળી સ્વાદીષ્ટ તાજી રસોઇનો થાળ પીરસી સ્વામીનાથને જમાડીને જમવું રાત્રે પણ તેજ રીતે કરી તેમની ચાકરી કરી સુવાર્યા પછી સુવું અને તેના નીકળતા વચનો અમૃત તુલ્ય માની જે કહે તેને આધીન થવું એટલે પછી સદા આપણા ઉપર પ્રસન રહે તેમાં કાંઇ નવાઇ નથી.

લીલાવતી—વાહરેવાહ તમારી ચતુરાઇને ધન્ય છે કે વગર પૈસે સ્વામીનાથને વશ કરવાની ખુબી તો એક તમારામાંજ દીઠી.

વેણી—કેમ બેન લલીતા તું હસે છે.

લલીતા—શું મારો રડગો રાતના બાર વાગે આવે છે અને સવારના ચાર વાગે ચાલ્યો જાય છે ત્યારે શું મારે તેમના માટે ઉજાગરો કરવો કે ! અને એવો તો ગીજાસી છે કે આવે ત્યારથીજ રોફ મારે. ત્યારે હું શું કરૂં હસવું ન આવે.

સોન—સખી તેની કુટેવ હોય તે આપણે ધીરે ધીરે સુધારવી અને કોઇ દહાડો તેના સામું ઉંચે સ્વરે બોલવું નહિ તો પછી તેનો સ્વભાવ ઠંડો થયા વગર કદી રહેજ નહીં અને જે કહે તે તુરતજ તેનું વચન માન્ય કરી લેવું.

લલીતા—ઠીક સખી ત્યારે હવે નાકી તેમ કરીશ.

વેણી—મારે ઠીકછે કે કોઇ કહેનારજ નહીં પરંતુ એક દુઃખ છે, તે એવું તો મોટું છે કે ઉપાડી પણ શકતી નથી.

સોન—વળી તારે શું દુઃખ છે.

લલીતા—હા ! હા ! તેતો હું સમજી ગઇ.

સોન—શું સમજી

લલીતા—તેનાં પતી કોઇ દહાડો એકે અક્ષર અને વધારે પડતો કહે નહીં તે સુખ છે

સોન—ત્યારે દુઃખ શાનું છે કે ઉપાડી પણ શકતી નથી

વેણી—સખી મારી ઉમરૂ બાર વરસનીતે પતીની ઉમર એંશી વરસની છે તો તે પુરા ચાલી પણ શકતા નથી, તેમ બેશી પણ શકતા નથી, તો સંસારનું સુખ ક્યાંથીજ મળે જેથી વિરૅમાં સદાકાળ રીબાઉં છું તે ભાર મારાથી સહન થતો નથી

સોન—બેન તે દહાડે શું કહેતી હતી અને પાછું આજ શું બોલેછે.

લલીતા—એ દહાડે શું કહતી હતી.

સોન—આપણે સર્વ સખીઓ બાળમે મારા મહેલ ભેળી થઇ હતી તે દહાડાનું કોઇને યાદ હોય તો

લીલાવતી—હા બહેન ! મને યાદ છે

લલીતા—શું

લીલાવતી—તે દહાડે વેણી કહેતી હતી કે સોન બાના જેવો વખત મારે નહીં આવે અને આવસે તો ઝટ દઇને કરી નાંખીશ

સોન—કેમ સખી તું કહેતી હતી કે મારે તેવો વખ્ત નહીં આવે ત્યારે શામાટે લગ્ન કર્યાં

વેણી—બેન તે દીવસ વિર્ય શાન્ત હતો એટલે એમ બોલાયું.

લક્ષ્મી—સખી વેણી બહુ ચતુર હતાં ત્યારે આવા વૃદ્ધપતિથી કેમ સંબંધ કર્યો

વેણી—મારા નસીબ

સોન—તું કહેતી હતી કે ઝટ દઇને કરી નાંખીશ તો તે ઝટ દઇને કરી નાખ્યું કેમ !

વેણી—સખી મારી ભુલ મને નડી છે તેમાં દોષ કોને દેવો તે દહાડે હું આપની મશ્કરી કરતી હતી આજે તમે કરોછો તે સહન કરવુંજ પડે ! કોને કહેવું

સોન—સખી પાર્વતી તું કેમ જરા પણ બોલતી નથી

પાર્વતી—બેન તમો વાતો કરોછો તે હું સાભળું છું અને ઇશ્વર પાસે અરજ ગુજારૂછું કે હે જગત નિયંતા પરમાત્મા પતી આપે તો સુઘડ આપજે, નહિતો મહુંને સ્વાધીન કરજે

સોન—બેન તેતો ખરૂં તોપણ તમારી વાસના સારી છે તો ઇશ્વર સુખ આપશે વેણીની વાસના એવી હતી તો તેને એવું મળ્યું

લક્ષ્મી—હા તેતો ખરૂંજકે

વેણી—બહેનો હવે તો બહુ થઇ, પડયા ઉપર પાટુ મારી શામાટે દુઃખી કરોછો

સોન—રહેવા દો સખી રહેવા હવે પછી વિશેષ મશ્કરી ન કરવી તે તો વેણી બાની ગમત અને જોવા જેવી રમત

વેણી—હા સખી મારે કરો ગમત.

પાર્વતી—સખી હવે તો મને આ કુંવારો ઠીક નથી પડતો

સોન—ત્યારે તમને શું પસંદ પડે છે.

લક્ષ્મી—જો મને પુછો તો હું કહું.

સોન—ત્યારે તમે બોલો જેમ કહો તેમ કરીએ અને આનંદ ઉરમાં ધરીએ.

પાર્વતી—ત્યારે એક રાસડો કે ગરબી ગાઓ તો આનંદ થાય.

લક્ષ્મી—બસ બસ એજ.

લીલાવતી—હા સખી તો બહુજ આનંદ.

લલીતા—હા સખી સોન તમે ગવરાવો અમે ગાઇએ.

સોન—બહુ સારૂ તમારી મરજી છે તો ભલે ગાઇએ.

લીલાવતી—હા બહેન ઘણે દીવસે ભેળા થયા તો પછી આનંદ કેમ ન લેવો

વેણી—સોન બાતો હવે સુખમાં પડયાં તેથી તેને તો બીજું ક્યાંથી પસંદ હોય.

સોન—હા સખી મારે તો મન માનતું સુખ પરમેશ્વરે મેળવ્યું છે

લલીતા—વાતો કરવી હોય તો તમારી મરજી નહીતર પાછો વખત જાય છે તે સારૂં નહિ.

સોન—ના ! સખી ચાલો લેવરાવું.

વેણી—ચાલો જો ત્યારે લેવરાવો.

સોન— રાગ પુનમ ચાંદની ખીલી એ રાહ.

રજની આજની સાહેલી સુખકાર છેરે, દેખી બાગ મારૂં દીલ હરખાય
કેવી રચના બનાવી સુંન્દર બાગનીરે.
સખી સર્વે હળી મળીને આપણેરે, ગાઇએ સુન્દર રાસ સમાજ
કેવી રચના બનાવી સુંન્દર બાગનીનેરે.

સાખી.

હર્ષ મુજને ઉપન્યો અતી, સુખ દીવસ સુખકાર.
તીથી પુનેમ છે ભલી, કહીએ સોમ સુખવાર,
કે ફરીએ સાહેલી ફરરર ફુદડીરે, પ્રીતે પુંજીએ સદા સ્વામીનાથ
વી રચના બનાવી સુંન્દર બાગનીરે.

સાખી.

દીવસ આજ રળીઆમણો, સખી મારી આવાર
ધરશું ઉમંગ આપણે, સ્વામી આવે સુખ થાય
ચંપો મોગરાને જાઇ જુઇ બહેકે ઘણીરે, પુષ્પ વિણો સાહેલી સર્વે
કેવી રચના બનાવી સુન્દર બાગનીરે.

સાખી.

સાડી સુંન્દર શોભતી, કચંન જેવી કાય
ધણણણ વાગે ઘુઘરા, જણણ થાએ જણકાર

સખી બાગમાં ફુવારા રૂડા શોભતારે, આજૂબાજૂ શોભેછે સુ.ન્દર ઝાડ
કેવી રચના બનાવી સુન્દર બાગનીરે.

સાખી

માતા આપો સુમતી, કુમતી દુર નિવાર
આપ કૃપાએ આ સમે, રમ્યા રસીક નિરાજ

ચંદ્ર રજનીમાં ગાયો સખી રાસડોરે, જેથી આનંદ અંગ ન માય
કેવી રચના બનાવી સુન્દર બાગનીરે-રજની

લીલાવતી—અરે વાહરે વાહ? તમારી તો ખુબીજ જુદી છે રાસડામાં બાગના-પતીના, ફુલના ફુવારાના, અને ઝાડના સહીત વર્ણન તે તમેજ જતાવી જાણો.

લલીતા—સખી તમારૂ હેત અમને હરઘડી યાદ આવેછે પરંતુ લાચાર કે "દીકરીને ગાય દોરે ત્યાં જાય" એટલે આ દર્શનનો ઉત્સાહ ભરેલો લાભ વધારે વખત રહેવાનો નથી.

સોન—સખી તે હું પણ જાણું છું કે તમારા વીના મને પણ સુખ પડવાનું નથી.

વેણી—સખી હવેતો કાલે અમે આપના માત પીતા સંગાથે જવાના છીએ તો હવે કૃપા દ્રષ્ટી અમીની રાખજો.

લીલાવતી—હા બહેન સમાચાર પણ વખતો વખત મોકલજો.

સોન—સખી હરી ઇચ્છા બળવાન છે કાલ શુ થશે તે કહી શકાતુ નથી.

પારવતી—હા સખી જુઓને તમારે કેટલા સંકટ વેઠવા પડયાં

લક્ષ્મી—પણ સત્ય હતું તો ઇશ્વરે સુખ કરી આપ્યું.

સોન—બહેન તેં પણ અમારા દુઃખમાં કયાં ઓછો ભાગ લીધોછે

લીલાવતી—બહેન લક્ષ્મી તને ધન્યછે કે ખરા દુઃખને સમયે ખરે સેવા બજાવી.

વેણી—બહેન હવે ચાલો શહેરમાં જઇએ કારણ કાલ રોજ પાછું અમારે જવું છે એટલે તઇઆર થઇ રહીએ.

લીલાવતી—હા બહેન વખત ઘણોજ ગયો છે માટે ચ ો.

પારવતી—સખી હવે અમો જઇશુ તે ખરૂં પણ જીવ આપની પાસેજ રહેવાનો.

સોન—બહેન કોઇનો કશાજ કામ આવતો નથી.

લીલાવતી—બહેનો હવે ચાલોતો ઠીક

સોન—ચાલો ત્યારે પાછા સ્વામીનાથ ને પધારવા નો વખ્ત થયોછે (જાય છે.)

પ્રવેશ ૯ મો.

પાત્રો—સોન લક્ષ્મી હલામણુ વિગેરે.

સોન—આહા ! ! જગદીશ્વર તારી કેવી અકળ ગતી છે અરે ! આ શરીરના ઉપર કેવાં કેવાં સંકટો પડ્યાં કેટલું રખડવું પડ્યું કોઇ દહાડો શહેરની બહાર પગ પણ દીધેલ નહી તેણે કેવા મોટાં અરણ્યો જોયાં, તો સર્વજ્ઞ પરમેશ્વરે મારાપશ્નના પારખનાર પતી હલામણુ ને મેળવી આપ્યા: અરે હજી પણ આ શરીરના ઉપર શું શું ! સુખ દુઃખ સહન કરવું બાકી હશે તેતો હે વિશ્વંભર એક તમારાજ જાણવામાં છે અરે ! સીયોજી મહારાજાએ મારા ઉપર બદ દાનતથી કેવો મોટો ખોટો આરોપ નાખી મારા પ્રાણપતીને વનવાસ આપી દુઃખી કર્યાં તો તેનો બદલો પણ તેને મળી ચુકો નામ ખોયું ! જાત ખોઇ, રાજ ખોયું, પાટ ખોયું, અને છેવટ દુશ્મનના ડરથી નાસી જંગલમાં જઇ પોતાના કરેલા કર્મનો પસ્તાવો કરી સ્વામીનાથને સંભારી સર્વજ્ઞ જગતકર્તાની પાસે માફ માગવા લાગ્યા તો તેનો બદલો પણ પરમેશ્વરે તેને આપી છેવટ પાછા સુખ ભોગવવા લાગ્યા. અરે ! આ શરીરની ઉપર અપાર દુઃખ પડયાં ત્યારેજ સુખ ભોગવું છું એતો જેવી પરમાત્માની મરજી પરંતુ અત્યારેતો તેણે મને ખરી આભારી કરી છે માટે ચાલ તેનો ઉપકાર માની દોષથી મુક્ત થાઉં.

સોન—હરે વિનંતી વિશ્વ આધાર, નાથ મેળવ્યાં પ્રીતમ પ્યારા ટેક.
કરૂં અરજ અબળ હું આજે, સુખ સ્વામીનું મળવા કાજે.

છો દુઃખતણા કરનારા, નાથ
પાણી વીનાનું મીનજ પલખે, પીયુ દર્શન પ્યારી તલખે.
આપો સુખ તમે સંસારા, નાથ
હતી જીન્દગી આ દુઃખીઆરી,, પ્રભુ કરી દીધી સુખીઆરી
સત્ય કહું બોલ અમારા, નાથ.
મુજ માત પીતાને સુખ દીધું, દુઃખ સરવે હરીને લીધું,
છો પરમેશ પ્રાણ હમારા, નાથ
આજ આનંદ ઉરમાં વ્યાપી, સુખ સરવે દીધું છે આપી.
ગુણ ગાઉં ગોવીંદ તમારા, નાથ.
પીયુ વીનાની પત્ની જેહ, અવતાર બળ્યો ધીક એહ
આજ આનંદ અંગ અપારા, નાથ.
મન મોહન મનમાં વશીયા, રમુ રાત્ર દીવસ હું રશીયા.
તન મન સોંપ્યુ દીલ દારા. નાથ,

દાસી

લક્ષમી—આજ્ઞા બાઇ સાહેબ,

સોન—પ્રાણનાથ ને અરજ ગુજાર કે આપના મુખારવીંદના દર્શન કરવાને આતુર છે

લક્ષમી—બહુ સારૂ બાઇ સાહેબ (જાયછે.)

(હલામણ પ્રવેશ કરેછે એટલે

સોન— રાગ ગાયન.

પ્રીતધારી, દીલ દારો, પીયુ મારા, જય પામો યશકારી ટેક
અહીં પધારી આનંદ ઉરને, વ્યાપ્યો અપરંપારો
ઉપકારી, થઇ ભારી, સ્તુતિ મારી,ને સ્વીકારી.
આભારી કરો આવાર અબળાનીજ દાસી સમધારી, પ્રીત.
સદા સર્વદા સ્વામીનાથજી સેવા કરૂં સુખકારી.
જાઉંવારી,.......,..........,
હલામણ—......, બલીહારી, ગતીતારી, પરનારી.
સોન—ક્ષમા કરો સહુ દોષ, અરજ એ પ્રાણ પ્રીયુમારી. પ્રીત.
હલામણ—કેમ ! પ્રાણ પ્યારી ! ચંદ્રવદની મને શું કહો.
સોન—સ્વામીનાથ ! આપના તેજસ્વી મુખારવીંદના દર્શનને

જરા વધારે વાર થાય છે ત્યારે આ આપની અર્ધાંગ્ના દાસીને એક પળ મોટા વરસ સમાન જાય છે. પ્રીતમ ! અત્યારે આપના દર્શનથી આ છોકરીના આનંદ ઉભરાનો કાંઇ પાર રહ્યો નથી. સ્વામીનાથ આવખતે પહેલાની બનેલી હકીકત નજરે આવતા મારૂ મન મહા શોક સમુદ્રમાં ડુબી દુઃખ પામે છે. પરંતુ પ્યારા પ્રાણનાથ! તે ઉપર વધારે વિચાર કરતા આપના સરખુ અમુલ્ય રત્ન આ ગરીબ દાસીના ભાગ્યમાં જોડાયેલું છે તો સર્વજ્ઞ ઇશ્વરનો મોટો ઉપકાર માનું છું.

હલામણ—મારી પ્રાણથી અધીક પ્યારી શશીવદની તારા અમૃત સમાન નિકળતા ભાષણો મારા મનને આનંદ પમાડી પ્રફુલીત રાખે છે.

સોન—તે ખરૂ ! પરંતુ મેં અભાગણીએ આપને કેટલા સંકટો આપ્યા તેનો વિચાર હૃદયમાં આવે છે. ત્યારે મહા પશ્ચાતાપ અને ખેદ ઉત્પન્ન થાય છે.

હલામણ—પ્યારી તે તો ઇશ્વરી કૃત્ય છે. પરંતુ મારૂ અને તારૂ અંતઃકરણ શુદ્ધ હતુ તો સર્વજ્ઞ પરમેશ્વરે કૃપાકરી પાછુ સુખ આપ્યું માટે તે બાબત વધારે વિચાર કરી પશ્ચાતાપ પામવો એ સારૂ નહીં.

સોન—સ્વામી તો પણ સુખ દુઃખ મારા માટેજ કે નહીં જેથી આપની પાસે મારી માગી દોષથી મુક્ત થવા અરજ કરૂં છું.

હલામણ—નહીં નહીં ! પ્યારી તે કાંઇ તમે નથી કર્યું તેતો પોતાના ભવિષ્યના લેખજ કરવાને માટે રમત છે તો હુ મારી દેવાને બીલકુલ યોગ્ય નથી.

સોન—સ્વામીનાથ આપ આ છત્રી પલંગપર પોઢી આરામ લ્યો એટલે આપની સેવા કરૂં.

હલામણ—નહી નહી પ્યારી ! એ શું બોલ્યા સુખેથી તમે પણ આરામ લ્યો.

સર્વ પાત્રો   રાગ—કલ્યાણ.

શ્રી સભાજનો, સુણોજો તમો.
ખેલ આજ પુર્ણ થયો, વંદીએ અમો   ટેક.
ધુમલીનો ધીર વીર રાજા, શીયોજી શુભ નામ.
જાર કર્મથી જાત લજાવી, ઠરી ન બેઠો ઠામ   શ્રી
આર્યજનો સૌ સત્ય સજીને, સેવો જુગદાધાર.
બે કર જોડી કરે વિનંતી, રતિલાલ આવાર.   શ્રી

સમાપ્ત.

ભાષણો સાથે મોટાં નાટકો

	કિં. રૂ. આ.	ટ.
કજોડા નાટક	૦-૬	૦
આર્ય જ્ઞાન હાલનો થતો સુધારો	૦-૮	૦
બાળ વીધવા દુખદર્શક	૦-૪	૦
ભતૃહરી નાટક	૦-૮	૦
હલામણ જેઠવો	૦-૮	૦-૧
રાણકદેવી	૦-૬	૦-૧
પૃથુરાજ ચોહાન	૦-૮	૦-૨
ચીત્રશેન ચંદ્રીકા	૦-૬	૦-૧
ચંદન મલયાગરી	૦-૪	૦-૦॥
સુબોધચંદ્ર કુસુમશ્રીના	૧-૦	૦-૪
સંગીત લીલા પંચાલી	૦-૪	૦-૦॥
રશિક વીણા	૦-૬	૦-૦॥
ચંદ્રહાસ (મોરબી)	૧-૦	૦-૨
ત્રીવીક્રમ (મોરબી)	૧-૦	૦-૨
ત્રીયારાજ (મોરબી)	૧-૦	૦-૨
જગદેવ (મોરબી)	૧-૦	૦-૨
ચાંપરાજ (મોરબી)	૧-૦	૦-૨
કરૂણાવીજય અથવા શુરવીર આભેસંગ છપાય છે.	૦-૮	૦-૧
યોગીંદ ગોપીચા	૦-૮	૦-૧
સતી રત્નકુમારી	૦-૩	૦-૦॥
સુબોધચંદ્ર	૦-૨	૦-૦॥

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજે-અમદાવાદ.